કુમાર

સુવર્ણજયંતી-વર્ષ · અંક ૪થો
એપ્રિલ ૧૯૭૩


સળંગ અંક
૫૯૨


સંસ્થાપક · રવિશંકર રાવળ
તંત્રી · બચુભાઈ રાવત



મુખપૃષ્ઠ
ડાબી બાજુ : મારી સખી
નીચે : ગૅસ ચેમ્બર

શિલ્પ : શ્રીમતી એસ્થર કાનન
(જુઓ આ અંકની કલાવાર્તા)





ટમાટાં વેચનારીઓ
કલાકાર: એન. એસ. બેન્દ્રે

ઈ. ૧૯૪૦થી એકધારી આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા જાળવી રાખી ઉત્તરોત્તર વધુ ઉચ્ચત્વ સાધી રહેલા કલાકાર પદ્મશ્રી નારાયણ શ્રીધર બેન્દ્રેની કલાથી 'કુમાર'ના વાચકો સુપરિચિત છે. સ્વ. કલાકાર અમૃતા શેરગિલ પછીના કલાકારોમાં આ ત્રણ દાયકાના ગાળામાં રંગ અને આકારની સહાયતાથી માનવપાત્રોને મનહર કાવ્યાત્મકતાથી આલેખનાર એ બીજા સિદ્ધહસ્ત કલાકાર છે. તાજેતરમાં જ એમણે મુંબાઈની તાજ આર્ટ ગૅલેરીમાં વધુ એક વાર પોતાની કૃતિઓ પ્રદર્શિત કરી હતી. એમાંનું જ આ એક ચિત્ર છે. વાળ ને આંખ સિવાય ચિત્રમાં બધે જ દેખાતા આછા રંગોમાં એમણે સ્ત્રીદેહને સવસન છતાં અજબ નજાકતથી પ્રકટાવ્યો છે.
(બ્લૉકો: ચિત્રકારના સૌજન્યથી)

કુમાર

એપ્રિલ ૧૯૭૩ · અંક ૫૯૨

તંત્રી: બચુભાઈ રાવત · ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

ઘૂવડ, મારી સખી, ગૅસ ચેમ્બર) શિલ્પ: એસ્થર કાનન) — પૂઠું
ટમાટાં વેચનારીઓ (ચિત્રકાર: એન. એસ. બેન્દ્રે) — ત્રિરંગી મુખચિત્ર

કાવ્યો

મુરલી તારી (પ્રિયકાન્ત મણિયાર), ઇચ્છાઓની વસંત (ઉશનસ્) ૧૧૮
ગણાર્યો છું (મનસુખ વાઘેલા), વિષમતા (આહમદ મકરાણી) ૧૧૮

ચરિત્ર

ગોપાલ કૃષ્ણ ગોખલે — પ્રો. વસંત જોષી ૧૧૯

વાર્તા

આખા વૉર્ડની માનીતી — બાબુભાઈ વૈદ્ય ૧૨૨
બે સૂકાં ઝાડ (લઘુકથા) — નરેશ પંડ્યા ૧૪૬

લેખો

રોબર્ટ ફ્રૉસ્ટ (જુગલબંધી-૧૦) — ચં. ચી. મહેતા ને સુ. કોઠારી ૧૨૩
છૂપી ક્રાંતિકારિતા (સંસ્મરણમાળા-૪) — કાકાસાહેબ કાલેલકર ૧૨૪
પદમ્ · તિલ્લાના · શ્લોકમ્ (ભરતનાટ્યમ્-૯) — સુનીલ કોઠારી ૧૨૬
અંગ્રેજી સાહિત્યનું આચમન — ડૉ. મધુસૂદન પારેખ ૧૨૯
રાગ તિલંગ (સંગીત-સમજ-૨૫) — સાધુરામ ન્યા. યોધ ૧૩૦
ડેક્કન કૉલેજ — શંકરદેવ વિદ્યાલંકાર ૧૩૧
કષ્ટાર્તવ (રોગોપચાર-૨૭) — વૈદ્ય નવીનભાઈ ઓઝા ૧૩૨
ગંગનાથ મહાદેવ — મણિભાઈ વોરા ૧૩૪
શતરંજના વિશ્વવિજેતાઓ — સુરેશ મોદી ૧૩૫
તજ (છાલો-પાલો-મરી-મસાલો-૮) — માધવ મો. ચૌધરી ૧૪૭

વિભાગો

ડૉક્ટરની સલાહ — શિવપ્રસાદ ત્રિવેદી ૧૩૫
કલાવાર્તા (શ્રીમતી એસ્થર કાનન) ૧૩૬
ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ ૧૩૭
સાહિત્યસંપર્ક (શબ્દકથા, મારી માન્યતા, અવલોકનો) ૧૩૮, ૧૫૧
દિલહર સંઘવી (ઊર્મિની ઓળખ-૪૩) — જલન માતરી ૧૪૦
પચ્ચીસ વર્ષ પહેલાં ૧૪૧
બાખરો (વૃક્ષ-વેલ પરિચય-૮) ૧૪૪
માધુકરી (પર્લ બક, મુદ્રાક્ષય, પાણીના પ્રયોગો, ગણિતગમ્મત) ૧૪૪
આ માસ આકાશમાં-૪ ૧૪૫
આ માસ ઇતિહાસમાં ૧૪૯
છેલ્લું પાનું ૧૫૦

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ.
વાર્ષિક લવાજમ: રૂ. ૧૮-૦૦; પરદેશ: રૂ. ૨૮; યા પા. ૧-૬૦. યા ડૉ. ૪ છૂટક નકલ: રૂ. ૧-૭૫

મુરલી તારી / પ્રિયકાન્ત મણિયાર

· ગાન ·

વેગળી તારી મૂકને વેણુ, મુરલી તારી મૂકને માધવ! આપતી અંતર આણ,
હળવી ભલે હોઠથી ભારે ફૂંક, અને પણ બંસીમાંથી વાગતાં તાતાં બાણ!

રોમરોમે હું ગઈ વીંધાઈ ચિત્તની ચાળણી થઈ,
જમુનાનાં એ પૂર સરીખા સૂરને ઝીલું કહીં?
ડોલતા સકલ આભ પીધેલા અષાઢઘેરા કદંબ કેરા વનનું ખડે તાણ:

વાટ રોકીને માધવ ઊભો ગોપનું લેઇ ટોળું,
આંખડીને તો અમલ ચડે (જો) મોરપીછામાં બોળું;
એકલાં નહિ ગોરસ સહુ ગાવડી ઓવાળણ હું પોતે સઘળું આપું દાણ!

અમથી અમથી વાત કરી'તી લઇને મારી નાનકો કોઈ છોરો,
છેડલો લઈ લૂછતી આંખો, પાલવ મારો ક્યાં ય હવે ના કોરો,
હરજી હવે અરજી ધરો, ગ્હેર કરો કૈં મુજપે માધવ! મારે હસવામાંથી હાણ!

વિષમતા / આહમદ મકરાણી

· ગઝલ ·

ગીત વિના હોઠ ઠાલા ફડફડે;
વ્યોમ આખું; પીંછ ઠાલાં ફરફરે.

મંઝિલો હોવા છતાં એની નથી
–ને ત્રિભેટે માર્ગ ઠાલા ચડભડે.

હાથમાં આવે નહિ પ્રતિબિંબ પણ
આયનાના ઢોળ ઠાલા ઊખડે.

કૈંક તો ભૂલા પડ્યા'તા ચાહીને
ભોમિયાના વાંક ઠાલા નીકળે.

ના ટકોરા કોઈના આજે છતાં
આવકારે દ્વાર ઠાલાં ઊઘડે.

ઇચ્છાઓની વસંત / ઉશનસ્

· શિખરિણી ·

ગઈ કાલે ક્યાં આ વળી બધું હતું? કચ્છપ સમી
બધી સંકોચાઈ ટૂંટિયું વળીને મારી પ્રથમી
અનાકારે લોચા સમી પડી'તી રોઢા શી ગમને,
અને આ જોઇ લ્યો, સિકલ ફરી ગૈ આજની ક્ષણે!

હું કેવી લાગું છું? પ્રીછ પણ પડે ના અશી કશી,
લીલી રાતી કાન્તિ કમનીય ગઇ કામણ કરી!
ગઈ કાલે શુભ્રે વસન હતી વૈરાગણ જશી,
બની ગૈ છું આજે તીતલી-વરણી કો નરી પરી!

અહો, ઇચ્છાઓની પુલક ઊઠી છે જંગલ ઘની
મને, ને ઇચ્છાઓ મુકુલિત થતી પુષ્પિત થતી
શગો જાણે સો સો થઈ ઝળહળી આરતી તણી,
હજારો કર્પૂરે વરણ મન જ્યોતિ ઝળકતી!

મનેજ્યાંત્યાંબાઝ્યોઅલિ-તીતલીનો રંગીન ઝૂડો
અહો, ઇચ્છાઓની ગુનગુન! ઊઝ્યો છે મધપૂડો!

ગણાયો છું / મનસુખ વાઘેલા

· ગઝલ ·

હવાથી જીવતો ખુદને સતત જણાયો છું,
ક્ષણે ક્ષણે જ પછી શ્વાસથી હણાયો છું!

ભલેને તૂટતા આ જિંદગીના રેસાઓ,
છતાં ય લાગતું કે ક્યાંક તો વણાયો છું!

મેં લીલું ઘાસ થઇને મિત્રને શરણ દીધાં,
મઝાની વાત છે કે મિત્રથી લણાયો છું!

પળોના પૂરમાં ડૂબ્યો'તો ઝાંઝવા જેવો,
ઊભો'તો અહીં જ અને અહીં સુધી તણાયો છું!

ન આખા જન્મમાં કો'નો થયો અરે! 'મનસુખ',
હતો હું મારો ને મારો જ હું ગણાયો છું!

¶ 'મુરલી તારી': માધવ અને મુરલી તો પ્રણયનાં સનાતન અને નિત્યનૂતન પ્રતીકો છે. (આત્યંતિક ભક્તિનું સ્વરૂપ પામતો એ પ્રણય પરમ તત્ત્વની ખોજની ઝંખના રૂપે પણ વ્યક્ત થયો છે.) માધવની મુરલી ગોપીને કેવી સતાવે છે તેનું અહીં 'બંસીમાંથી વાગતાં બાણ' તરીકે કરેલું સચોટ નિરૂપણ, ચગતાં ચગતાં છેવટે, એ બંસીને બંધ કરવા માટે ગોરસ, ગાવડી અને પોતાની જાત સુધ્ધાં દાણમાં આપી દેવાની ગોપીની તત્પરતા સુધી પહોંચે છે; અને જે પ્રણયની શરૂઆત અમથી સરખી વાતમાંથી થઈ હતી ને આજે વલોપાતની એવી સ્થિતિએ પહોંચ્યો છે કે આંસુ લૂછી લૂછીને પાલવનો એકે છેડો કોરો રહ્યો નથી! આમ, પ્રણયપૂરની ચિત્ત પર થતી અસરની ગોપીની ઉક્તિમાં પરંપરાગત ભાવ છતાં કલ્પનાના નાવીન્યથી તેમાં અજબ તાઝગી આવી છે. ¶ 'ઇચ્છાઓની વસંત': વસંત આવે છે અને વેરાન પ્રકૃતિ મ્હોરી-ફોરી રહે છે. અહીં કાવ્યનાયિકાની એમ મહોરતા ઇચ્છા-વસંતની વાત છે. ઇચ્છાઓ ફૂટ્યા પહેલાં તો એની સ્થિતિ અંગ સંકોચીને પડેલા કાચબા જેવી—નર્યા લોચા જેવી અનાકાર હતી; પણ વસંતના પ્રસ્ફોટ સાથે જ એ ફોળી ઊઠી! ગઈ કાલની વેરાગણ તે આજે વસંતે પ્રકટાવેલી લાલ-લીલી કાન્તિથી જાણે તીતલી (પતંગિયા) વરણી બની ગઈ! એની મહોરતી-ફૂલતી ઇચ્છાઓ સો-સો શગની આરતીની જેમ ઝળહળી ઊઠી! ઇચ્છાઓના એ બાહુલ્યને નિરૂપતી વળી બીજી કલ્પના જુઓ: એના જીવનમાં ઈચ્છાઓની એવી ગુનગુન ગુંજી ઊઠી કે જાણે નર્યો મધપૂડો ઊડ્યો! સ્વરૂપ-પરિવર્તનને સાહજિક રીતે વ્યક્ત કરતી કાવ્યકૃતિ. ¶ 'ગણાયો છું': નિખાલસ, પ્રેમી હૃદયને થતા દુનિયાના અવનવા અનુભવો અભિવ્યક્ત કરતી આશા અને નિરાશાની ગઝલ. જેના ઉપર આધાર હતો તેણે જ છેહ દીધો, જેને શરણ દીધું તેણે જ દગો દીધો વગેરે; છતાં જિંદગીના રેસા તૂટવા છઈને કોઈના પોત વણાટમાં ખપ લાગ્યાનો સંતોષ પણ છે. ¶ 'વિષમતા': કંઈ પામવા માટેના પ્રયત્નોની વિષમતા પ્રત્યેક શેરમાં નવીનવી રીતે પ્રકટાવતી ગઝલ.

ચારિત્ર્યશીલ દેશસેવક ગોપાલ કૃષ્ણ ગોખલે

૨૦મી ફેબ્રુઆરી ૧૯૧૫નો દિવસ. પૂનાના ઓમકારેશ્વર સ્મશાનમાં શહેરના લોકો એકઠા થયા હતા. ભારતસેવક ગોખલે મૃત્યુ પામ્યા હતા. લોકમાન્ય ટિળક, ડૉ. ભાંડારકર, સર ભાલચંદ્ર ભાટવડેકર, હરિનારાયણ આપ્ટે જેવા લોકાગ્રણીઓએ ગોખલેને છેલ્લી શ્રદ્ધાંજલિ અર્પી. ટિળક સ્થિતપ્રજ્ઞ ગણાતા. લાગણીઓ એમના મનને સ્પર્શતી નહિ. કોઈ દિવસ નહિ ને આજે એમના હૃદયને લાગણીઓએ હચમચાવી દીધું હતું. ટિળક બોલ્યા: 'ભારતવર્ષનો આ હીરો, મહારાષ્ટ્રનું આ રત્ન, આ આધુનિક દીર્ઘોદ્યોગી ભગીરથ ચિતા પર અંતિમ શાંતિ ભોગવતો સૂતો છે. એની તરફ દૃષ્ટિ કરો. એના ચારિત્ર્ય તરફ નજર નાખો અને કોક દિવસ આપણે ગોખલે જેવા થઈશું એવી મહત્ત્વાકાંક્ષા મનમાં રાખો.'

દુઃખની વાત છે કે ગોખલેના ચારિત્ર્ય તરફ નજર નાખવાની ઇચ્છા હમેશાં અધૂરી રહેવાની છે. જાહેર જીવનમાં જાણીતાં થએલાં લોકોનાં ખાનગી જીવન વિષે માહિતી ઘણે ભાગે અપ્રાપ્ય હોય છે. બધાંની નજર એમના સાર્વજનિક જીવન તરફ હોય છે, તેથી એમનું ખાનગી જીવન ઉપેક્ષિત રહે છે. એમાં ગોખલેનો હમેશાં સંકોચનવૃત્તિ અનુભવતો મૃદુ સ્વભાવ અને પોતાના ખાનગી જીવન વિષે લોકોનું કુતૂહલ તૃપ્ત કરવાની પૂરી અનિચ્છા ભળે ત્યારે પરિણામ શું આવે તે સહેજે કલ્પી શકાય. પોતાના અંગત કાગળો બીજા કોઈ જોવા ન પામે, પોતાના અંગત જીવનમાં બહારની કોઈ વ્યક્તિ ડોકિયું કરી ન જાય એ વિષે ગોખલે સાવચેત રહેતા. મરણ નજીક આવ્યું છે એવું એમને લાગ્યું કે તરત જ એમણે પોતાના અંગત મદદનીશ ડૉક્ટર દેવને પોતાનો સઘળો પત્રવ્યવહાર અને અંગત માહિતી આપી શકે એવા બધા જ કાગળો બાળી નાખવાનો આદેશ આપ્યો. પોતાના ચરિત્રનો સાધનભંડાર આમ એમણે પોતાને હાથે નષ્ટ કરાવી દીધો. અને જાણે આ પૂરતું ન હોય તેમ, પોતાની મૃત્યુશય્યા પાસે ભેગા થયેલા મિત્રો તેમજ શિષ્યોને કહ્યું: 'મારી પાછળ પૂતળાં ઊભાં ન કરશો. મારું જીવનચરિત્ર લખવામાં વખત ન ગુમાવશો. તમે જો સાચા ભારતસેવકો હો તો ભારતની સેવામાં તમારાં જીવન રેડજો. 'ભારત સેવક સમાજ'ને મજબૂત બનાવી શોભાવજો; એ જ મારું સ્મારક થશે.'

પરિણામે ગોખલેના કોઈ નિકટવર્તીએ એમનું ચરિત્ર લખ્યું નહિ. દરેક શિષ્ય પોતાના કાર્યમાં મચી રહ્યો. ગોખલે વિષે એમનાં બાળપણ કે યુવાવસ્થાના મિત્રો પાસે માહિતી કે સંસ્મરણો માગવામાં આવ્યાં ત્યારે બધા તરફથી એક જ અર્થનો જવાબ મળ્યો: 'અમને કશું જ યાદ નથી. અમને ક્યાં ખબર હતી કે અમારો મિત્ર મહાન પુરુષ થશે અને અમારી પાસે સંસ્મરણો માગવામાં આવશે!'

કદાચ અપ્રસ્તુત લાગશે, પણ એક વાત અહીં કરી લઉં. આપણા મહાપુરુષોની સ્મૃતિ સર્વદા તાજી રાખવી હોય તો એમને લગતી દરેક જાતની માહિતી એ નાશ પામે ત્યાર પહેલાં ભેગી કરી રાખવાની આપણી ફરજ આપણે ભૂલવી ન જોઇએ. મહાપુરુષના હાથે લખાએલો એકેએક ઉપલબ્ધ અક્ષર પશ્ચિમના દેશોમાં સંઘરી રાખવામાં આવે છે. એમના જીવનના પ્રસંગો સંબંધિત વ્યક્તિઓ પાસેથી મેળવવામાં આવે છે, ગ્રંથસ્થ કરવામાં આવે છે. આપણા દેશમાં કેટલાક ગાયકશ્રેષ્ઠો થઈ ગયા. એમની હયાતીમાં કેટલાયના અવાજ ધ્વનિમુદ્રિત થયા. આજે એ બધાંનાં નામ રહ્યાં છે, પણ એમની ધ્વનિમુદ્રિકાઓ ક્યાંય સચવાઈ રહી છે ખરી? જાપાની હુમલાનો ભય જાગ્યો ત્યારે સંબંધિત કંપનીએ મૂળની મીણની મુદ્રિકાઓનો નાશ કરી દીધો. અને પરિણામે આજે ભૂતકાળના કોઈ મહાન ગાયકનો અવાજ આપણે સાંભળી શકતા નથી; કોઈ મહાન સાહિત્યકારના હસ્તાક્ષર જોઈ શકતા નથી. ઉપેક્ષાવૃત્તિ કોઈ દિવસ આપણને સંસ્કારિતા તરફ દોરી જશે ખરી?

ગોખલેના શિષ્યોએ ગુરુની આજ્ઞાનું પાલન કર્યું. બધા પોતાનું કાર્ય આગળ ધપાવતા ગયા. કોઈ વાર પ્રસંગાનુસાર એમણે ગુરુને અંજલિ આપી; એમના સ્વભાવનાં વર્ણન કર્યાં. એમાં ગોખલેના શિષ્યશ્રેષ્ઠ એવા ગાંધીજીએ લખ્યું: '...હું ગોખલે પાસે ગયો....મને ખૂબ પ્રેમથી ભેટ્યા ને પોતાનો કરી લીધો...લોકમાન્ય (મને) સમુદ્ર જેવા લાગ્યા. ગોખલે ગંગા જેવા લાગ્યા...સમુદ્રમાં ડૂબવાનો ભય રહે, ગંગાની તો ગોદમાં રમાય, તેમાં હોડકાં લઇને તરાય......તેમણે મારું હૃદયમંદિર સર કર્યું. અને જ્યારે મેં એમની વિદાય લીધી ત્યારે મારા મનમાં એક જ ધ્વનિ ઊઠ્યો: આ જ મારો મુર્શિદ!...રાજદ્વારી કાર્યકર્તા વિષેના મારા આદર્શનો એ સંપૂર્ણ નમૂનો હતા. સ્ફટિક જેવા નિર્મળ, ગાય જેવા ગરીબ, સિંહ જેવા શૂર અને ખોડ ગણાય એટલી હદ સુધી ઉદાર હતા. કોઈને તે આ બધામાંથી કશું જ ન દેખાયા હોય. મારે તેની જોડે નિસ્બત નથી. મને પોતાને એમનામાં આંગળી ચીંધવા જેવી એક પણ ખામી ન દેખાઈ એ મારે માટે બસ છે. મારી નજરમાં તો તે આજની ઘડી સુધી રાજદ્વારી ક્ષેત્રમાં આદર્શ પુરુષ જ છે.'

શિષ્યની મહત્તા જરા યાદ કરીશું તો ગુરુની મહત્તા થોડેક અંશે કલ્પી શકીશું.

ગાંધીજીને ગોખલેમાં ત્રણ સદ્ગુણો દેખાયા: ધાર્મિકતા, નિર્ભયતા અને સ્વાર્થત્યાગ. દુનિયાના અનુભવોમાંથી ગોખલેએ સિદ્ધાંત તારવ્યો હતો: 'We must Spiritualize Politics' દેશના રાજકારણમાં આધ્યાત્મિક વૃત્તિ ભરી દેવી જોઇએ, રાજકારણને ધર્મકારણ બનાવવું જોઇએ, રાજકીય સેવા સેવકના ચારિત્ર્યના બળે ચલાવવી જોઇએ. આ વિષે સ્પષ્ટતા કરતાં ગાંધીજી લખે છે: 'સદ્ગત ગોખલેમાં નિર્ભયતાનો ગુણ ભારે અંશે હતો. ધર્મનિષ્ઠામાં આ ગુણ લગભગ પહેલું સ્થાન ભોગવે છે...કાર્ય કરતાં પ્રજામત ઉપર તેની શી અસર થશે એનો વિચાર તેમણે કદી કર્યો હોય એવો અનુભવ મને નથી થયો. આ બધા દાખલાઓમાંથી સાર એવો નીકળતો જણાય છે કે, જો આપણે આ મહાન દેશભક્તના જીવનમાંથી કંઈ લેવું હોય તો તેમની ધાર્મિક વૃત્તિનું અનુકરણ કરવાનું છે...આપણે બધા નિર્ભયતા, સત્યતા, ધૈર્ય, નમ્રતા, ન્યાયબુદ્ધિ, સરળતા, અડગતા વગેરે ગુણો કેળવી દેશને અર્પણ કરી શકીએ છીએ. આ ધાર્મિક વૃત્તિ છે. રાજકીય જીવન ધર્મમય કરવું એ મહાવાક્યનો આ અર્થ છે.'

ગોખલેના જીવન વિષે વિચાર કરીએ છીએ ત્યારે બે વસ્તુઓ આપણું ધ્યાન ખેંચે છે: એમનું જન્મસ્થળ અને એમનાં માતાપિતા.

પશ્ચિમ મહારાષ્ટ્રમાં આવેલો રત્નાગિરિ જિલ્લો એટલે જાણે રત્નોની ખાણ. મહારાષ્ટ્રના અને ભારતના કેટલા અગ્રણીઓ આ જિલ્લાએ આપ્યા એનો હિસાબ કરવો સહેલો નથી. ચિત્પાવન બ્રાહ્મણોની જ્ઞાતિને જાણે નરરત્નો પૂરાં પાડવાનો ઇજારો મળેલો હતો! ચિત્પાવન બ્રાહ્મણો કુશાગ્ર બુદ્ધિના હોય છે; પણ એ બુદ્ધિ હમેશાં પરમ દરિદ્રતાને વરેલી હોય છે. આર્થિક દૃષ્ટિએ ગરીબ હોવાથી ચિત્પાવન પૈસા ભેગા કરવામાં માનતો નથી. ઘણે ભાગે એ અલ્પસંતુષ્ટ કે આશુતોષ

ગાંધીજીએ જેમને પોતાના ગુરુ માનેલા એ વિદ્વાન વક્તા, વિનમ્ર, માયાળુ ને નિષ્ઠાવાન સમાજસેવક તથા રાજકારણને ધર્મકારણ સમ બનાવવાના હિમાયતી

લેખક · પ્રો. વસંત જોષી

હોય છે. એના જિલ્લામાં ડગલે ને પગલે કુદરતનું અપ્રતિમ સૌંદર્ય રેલાએલું દેખાય છે. તેથી એની સંવેદનાઓ તીવ્ર હોય છે. એ જેટલો રસિક હોય છે તેટલો જ કજિયાખોર હોય છે. સિદ્ધાંતને ખાતર એ કોઈની ય સાથે લડી શકે છે. એ કોઈથી ડરતો નથી. એક તો એનો મિજાજ આમે ય ભારે હોય છે, અને એ મિજાજ ફાટે ત્યારે એ કોઇનો રહેતો નથી. એમ કહેવાય છે કે એ ફણુસ જેવો હોય છે. બહારથી જુઓ તો એના બધા કાંટા જ દેખાય, પણ એને મનાવી એના હૃદયમાં પ્રવેશ કરો કે તરત જ એની છલોછલ મધુરતાનો અનુભવ થાય!

રત્નાગિરિ જિલ્લાનું વેળણેશ્વર ગામ એ ગોખલે કુટુંબનું મૂળ વતન. આ કુટુંબની એક શાખાના એક પુરુષ એટલા તો સીધા હતા કે શિવાજીના પૌત્ર શાહુ મહારાજે એમને 'રાસ્તે' નામથી નવાજેલા એવી આખ્યાયિકા છે. રાસ્તે કુટુંબ આજે ય પૂનામાં છે. આશરે ઈ. ૧૭૭૨માં ગોખલેના પૂર્વજો વેળણેશ્વર છોડી તામ્હનમળા આવ્યા. જાતમહેનતથી એમણે કુટુંબને તેમજ ગામને સારા દિવસો બતાવ્યા. ૧૮૩૭માં ગોખલેના પિતા કૃષ્ણરાવનો જન્મ થયો. બાળપણમાં કૃષ્ણરાવ બહુ તોફાની રહેતા, તેમજ સાહસી પણ હતા. ઘરના લોકો એમને વહાલથી 'વાઘોબા' કહેતા. આગળ જતાં પણ એમનો સ્વભાવ એવો જ રહ્યો. આર્થિક સ્થિતિ સારી ન હોવાથી એ ઝાઝું ભણી શક્યા નહિ. કાકાની ઓળખાણથી કોલ્હાપુર નજીકના કાગલ ગામમાં એમને કારકુનની નોકરી મળી. સ્વભાવે એ ખૂબ જ અભિમાની અને તેજ હતા. કોઈનો વાંકો શબ્દ એ સહન કરી શકતા નહિ. ઉપરી અધિકારીઓ એમનું અપમાન કરવાનો પ્રયત્ન કરે તો તરત જ એમને બરોબર સુણાવી દેતા. પાછા તદ્દન નિસ્પૃહ એટલે કોઈ પ્રલોભન બતાવી એમને વશ કરી લેવાય નહિ. બધા એમનાથી ડરતા. એમનો ઉપરી હમેશાં એમને ટોકટોક કર્યા કરતો. એક વાર આ સહન ન થવાથી કૃષ્ણરાવ વીફર્યા અને પેલાને મારવા ધાયા. આસપાસના લોકોએ એમને ઝાલી રાખ્યા ન હોત તો પરિણામ માઠું આવત. સદ્ભાગ્યે ખરાબ પરિણામ આવ્યું નહિ. ઉપરીને કૃષ્ણરાવની પ્રામાણિકતા અને આત્મગૌરવનો પરિચય થયો. એમને બઢતીઓ મળતી ગઈ અને આખરે તેઓ ફોજદારના હોદ્દા સુધી પહોંચ્યા.

જમાનાના રિવાજ પ્રમાણે કૃષ્ણરાવને નાનપણમાં જ પરણાવી દેશમાં આવ્યા. ચિપળુણ પાસેના કોતળુક ગામના ભાસ્કરપંત ઓકની પુત્રી બાલુ તે એમનાં પત્ની. મહારાષ્ટ્રની રૂઢિ પ્રમાણે લગ્ન પછી બાલુનું નામ સત્યભામા રાખવામાં આવ્યું. સત્ત્વશીલતા એ એમનો મોટો ગુણ હતો. સ્વભાવે સાલસ, નરમ અને ઈશ્વરસેવામાં રાચનારાં. કોઈ દિવસ ગુસ્સે થતાં નહિ અને કોઈને દુશ્મન કરતાં નહિ. કશામાં દખલગીરી કરે નહિ. પતિ, પરમેશ્વર અને પોતાનું ઘર, એમાં જ રચ્યાંપચ્યાં રહે. કૃષ્ણરાવ ઉગ્ર પ્રકૃતિના, ત્યારે આ સાત્ત્વિક વૃત્તિવાળાં. કૃષ્ણરાવનો મિજાજ ભારે, એ કોઈને ગણકારે નહિ, કોઈની પરવાર રાખે નહિ, ત્યારે સત્યભામાબાઈ સહિષ્ણુ, મહેનતુ અને ધર્મકૃત્યોમાં મગ્ન આ દંપતી લોકોને અપૂર્વ લાગતાં, લોકોનાં મન જીતી લેતાં. ગોખલેના સ્વભાવમાં માતાપિતાના આ પરસ્પરવિરોધી ગુણોનું મિશ્રણ દેખાતું. એની થોડી કારણમીમાંસા આ રીતે થઈ શકે: પિતાની સત્યપ્રિયતા અને માતાની સત્ત્વશીલતાનું અજબ મિશ્રણ કરવા ગોખલે ઘણી વાર મથતા અને સફળ થતા; પણ



યુવાન ગોપાલ કૃષ્ણ ગોખલે (વિરલ છબિ) મહારાષ્ટ્રમાં માથે શિખાને બદલે બાબરી રાખવાની પ્રથા એમનાથી પડી હતી.

કોકવાર સ્વભાવની તીખાશ ઢાંકી શકાતી નહિ. માના સંસ્કારોની એમના મન પર વધારે અસર હતી એ વાત સાચી.

કાગલમાં નિશાળમાં ભણતા હતા ત્યારે ગોખલેની ગણના હોશિયાર વિદ્યાર્થીઓમાં થતી નહિ. એ મહેનતુ હતા, વાંચેલું કંઠસ્થ કરવાનો એમને શોખ હતો, એમની સ્મરણશક્તિ તીવ્ર હતી, એટલું તો ચોક્કસ કહી શકાય. તેઓ બાળપણથી સત્યવાદી હતા એ વાત તો સ્કૂલમાં પુરવાર થઈ જ ગઈ હતી. ઘણી વાર ઘણા લેખકોએ એ પ્રસંગો વર્ણવ્યા છે. પુનરુક્તિનો દોષ સ્વીકારી ફરી એક વાર એ પ્રસંગો યાદ કરીએ.

એક વાર વર્ગના શિક્ષકે સૌને ઘેરથી દાખલા ગણી લાવવાનું ઘરકામ સોંપ્યું. બીજે દિવસે શિક્ષકે જોયું કે એકલા ગોપાળનો જવાબ ખરો હતો. બીજા કોઈ વિદ્યાર્થીને દાખલો આવડયો ન હતો. શિક્ષક ખુશ થયા. એમણે ગોપાળનો વાંસો થાબડયો, એને અભિનંદન આપ્યાં ને એને વર્ગમાં પહેલો નંબર આપ્યો. પણ આશ્ચર્ય! ગોપાળ રડી પડયો! શિક્ષકે પૂછ્યું: 'બેટા! શું થયું છે? કેમ રડે છે?' ત્યારે રોતાં રોતાં ગોપાળે જવાબ આપ્યો: 'મારો જવાબ ખરો છે, પણ એ દાખલો મેં મારી બુદ્ધિથી ગણ્યો ન હતો. મને સમજાયો–આવડયો નહિ એટલે મેં બીજાની મદદથી એ ગણ્યો. મને પહેલો નંબર આપશો નહિ!' બાળપણમાં પણ એ અસત્ય આચરવા તૈયાર ન હતા એનો બીજો એક દાખલો:

શૈશવકાળમાં ગોખલે એક વાર કોતળુક ગયા હતા. મોટો ભાઈ ગોવિંદ પણ નોકરીમાંથી રજા લઈ થોડા દિવસ માટે મોસાળ આવ્યો હતો. મહારાષ્ટ્રના છોકરાઓ ખોખો, કબડ્ડી જેવી રમતો હમેશાં રમે છે એ રીતે એક દિવસ છોકરાઓ આટાપાટા રમતા હતા. ખેલાડીઓનાં બે દળ હતાં ને બંને ભાઈ પરસ્પર વિરુદ્ધ દળમાં રમતા હતા. રમત ચાલતી હતી ત્યાં ગોવિંદ ગોપાળને ધીરેથી કહે: 'ગોપાળ મને ન પકડતો. મને જવા દેજે.' ગોપાળ માને નહિ. ગોવિંદ કરગર્યો, ગુસ્સે થયો, અને નાના ભાઈને ધમકીઓ આપી. શરૂઆતમાં ગોપાળને લાગ્યું કે ભાઈ પોતાની પરીક્ષા કરી રહ્યો છે. આખરે ખાતરી થઈ કે ભાઈને પક્ષપાત જોઈએ છે, ત્યારે ગોપાળે નમ્રતાથી કહ્યું: 'જો ભાઈ અત્યારે આપણે સામ-

સામા સંઘમાં છીએ. તું કહેતો હોય તો રમતમાંથી નીકળી જવા તૈયાર છું. પણ ખોટું રમીને અમારા સંઘનું નુકસાન હું નહિ કરું!' ગોવિંદના મનમાં નાના ભાઈની આ સત્યપ્રિયતાએ કેવી છાપ પાડી તે આપણે જાણતા નથી, પણ બંને વચ્ચેનો ભ્રાતૃભાવ અતૂટ હતો.

પ્રાથમિક શિક્ષણ પૂરું થયું ત્યાર પછી ગોવિંદ-ગોપાળ અંગ્રેજી શિક્ષણ માટે કોલ્હાપુર આવ્યા. ગોપાળનો પાઠાંતર કરવાનો શોખ અંગ્રેજી નિશાળમાં વધવા માંડ્યો. નવાનવા અંગ્રેજી શબ્દો શોધી એનો અર્થ ગોખવામાં એને આનંદ આવતો. આ અંગ્રેજી શબ્દસંપત્તિની આગળ જતાં એમને બહુ ઉપયોગી નીવડવાની હતી.

ઈ. ૧૮૭૯માં અચાનક આવેલી ટૂંકી માંદગી પછી કૃષ્ણરાવ મરણ પામ્યા. સત્યભામાબાઈ પાસે ધન હતું જ નહિ. છોકરાઓનું ભણતર હજી અધૂરું હતું. કૃષ્ણરાવના ભાઈ અનંતરાવ આ આફતમાં વિધવા ભાભીની મદદે આવ્યા. પોતાના એક મિત્રની મદદથી તેમણે ગોવિંદને કાગલના રાજાને ત્યાં માસિક પંદર રૂપિયાની નોકરી અપાવી. ગોવિંદ ગોપાળ કરતાં પાંચ વર્ષ મોટો હતો. ઉંમરના પ્રમાણમાં એની સમજશક્તિ સારી હતી. પોતાના શિક્ષણમાં વિક્ષેપ પડ્યો તે રીતે નાના ભાઈના શિક્ષણમાં વિક્ષેપ આવવા ન દેવો એવો એણે નિશ્ચય કર્યો. પંદર રૂપિયાના પગારમાંથી મહિને આઠ રૂપિયા એ ભાઈને કોલ્હાપુર મોકલી આપતો. સત્યભામાબાઈ છોકરાઓને કોલ્હાપુર મૂકી રત્નાગિરિ રહ્યાં હતાં.

ઘરની દરિદ્રતા વિષે ગોપાળને પૂરો ખયાલ હતો. ભણતર પૂરું કરી કુટુંબને સારા દિવસ દેખાડવાની એને આકાંક્ષા હતી. મોટા ભાઈના ઉપકારનું ઋણ પોતે ક્યારે ફેડી શકશે એની મૂંઝવણમાં તે રહેતો. નિશાળમાં તે ખૂબ જ કરકસરથી રહેતો. મોજ કરવાનો વિચાર સરખો એના મનમાં ન આવતો. એક વાર એનો મિત્ર એને નાટક જોવા લઈ ગયો. ગોપાળને જવાનું મન ન હતું, પણ મિત્રને ખોટું ન લાગે એ આશયથી એ મિત્રના આગ્રહને વશ થયો. મિત્રે એને બોલાવ્યો હતો, એટલે ટિકિટના પૈસા પણ એ જ ખર્ચશે એવી અપેક્ષા હતી. બન્યું પણ તેમ જ. પરંતુ થોડા દિવસ પછી મિત્રે ટિકિટના આઠ આના માગ્યા. ગોપાળને આશ્ચર્ય તો થયું, પણ આઠ આના લાવવા ક્યાંથી? આખરે એક યુક્તિ સૂઝી. રાતના વાંચવા માટે દર મહિને આઠ આનાનું તેલ બાળતા તે પૈસા બચાવવાનું નક્કી કર્યું. મ્યુનિસિપાલિટીના દીવાના અજવાળામાં વાંચી એણે આઠ આના બચાવ્યા. અને મિત્રના પૈસા પાછા આપ્યા.

આવી ગરીબાઈમાં અભ્યાસ કરવા છતાં એનું આત્મગૌરવ અખંડિત રહ્યું. એના સ્વભાવમાં લાચારી ન આવી. એ સમયે વીશીમાં જમતા. મહિને એના ચાર રૂપિયા આપવા પડતા. કોઈ વાર જમવા જવાતું નહિ ત્યારે એ વીશીવાળા પાસે 'કટ' (આજના વિદ્યાર્થીઓ માગે છે તેમ) માગતા નહિ. એક વાર એણે વીશીના ભટ્ટ પાસે દહીં માગ્યું. ભટ્ટે ઉદ્ધત જવાબ આપ્યો: 'ચાર રૂપરડીમાં દહીં ખાવું છે? દહીં ખાવું હોય તો સાડા ચાર રૂપિયા આપવા પડશે.' ગોપાળનું સ્વમાન ઘવાયું. દહીં ખાતર એણે સાડા ચારમાં જમવાનું નક્કી કર્યું. પણ આ માસિક આઠ આનાનું વધારાનું ખર્ચ એને પોસાય એવું ન હતું; એટલે નક્કી કર્યું કે દહીં ખાવું પણ ચારથી વધુ રૂપિયા ન ખર્ચવા. એનો ઉપાય એક જ હતો; ઘણી વાર જમવું નહિ. જમવાનું હોય તે દિવસે દહીં ખાવું, ને જે દિવસે જમ્યો ન હોય તે દિવસનો 'કટ' લેવો! ભૂખ્યા પેટ રહેવું પડે તો ય અભ્યાસ તો ચાલુ રાખવો જ એ એની મુખ્ય ભાવના હતી.

એ જમાનામાં બાળલગ્ન પ્રચલિત હતાં. છોકરો ભણે છે ત્યાં સુધી એને પરણાવવો ન જોઈએ એમ કૃષ્ણરાવ માનતા હતા. પણ એમના મૃત્યુ પછી પરિસ્થિતિ બદલાઈ. ભત્રીજો કુંવારો રહે તો કાકા એની ઉપેક્ષા કરે છે એવો ઠપકો સાંભળવાનો વખત આવે! અંતાજી પંતને એવું જોઈતું ન હતું. સારા કુળની એક કન્યા એમણે ગોપાળ માટે જોઈ રાખી હતી ને સગાઈ કરી રાખી હતી. પણ ગોપાળ માને તો ને? ભણતર પૂરું કરી પછી પરણવું એવો એનો ઈરાદો હતો. પણ ત્યાં સુધી છોકરી કુંવારી રહે તો સમાજમાં કેવું દેખાય? આઠમે વર્ષે છોકરી પરણે તો એ લગ્ન ઉત્કૃષ્ટ ગણાતું. બહુબહુ તો દસમા વર્ષ સુધી છોકરીને કુંવારી રખાય; પણ તેથી વધારે મોટી થાય તો એનાં માબાપને ચોક્કસ નરકમાં જવું પડે! અને એને માટે જવાબદાર કોણ? ગોપાળના કાકા અંતાજી પંત! એમણે સગાઈ કરી હતી. ભત્રીજો પરણી જાય એ જોવાની ફરજ એમની હતી. એ ફરજ ચૂકે તો એક નિર્દોષ કુટુંબનો વિશ્વાસઘાત કરી એને નરકનો રસ્તો બતાવ્યાનું પાપ એમને માથે આવે!

ગોપાળને ચૌદમે વર્ષે પરણાવવામાં આવ્યો. એ સ્વતંત્ર રીતે વિચાર કરી શકતો હતો. પણ સ્વભાવે એ શરમાળ હતો, અને ઉપકારકર્તા કાકા આગળ સ્પષ્ટતાથી બોલવાની એનામાં હિંમત ન હતી. એ જમાનામાં છોકરાઓ પિતા કે વાલી સાથે છૂટથી બોલતા નહિ. એમને ઇચ્છા કે અનિચ્છા બતાવવાની તક આપવામાં આવતી ન હતી. વડીલોની આજ્ઞાનું ઉલ્લંઘન ન થઈ શકે એવો સામાન્ય નિયમ હતો. ગોપાળ મૂંગે મોંએ પરણી ગયો—૧૮૮૦માં. પત્નીનું નામ હતું સાવિત્રી.

વખત જતાં સાવિત્રીને પાંડુરોગ લાગુ પડ્યો. ગોખલેને દુઃખ તો થયું જ હશે. પણ શરમાળ માણસ પોતાની પત્ની વિષે વાલીઓ સાથે શી રીતે વાત કરી શકે? એની તબિયત વિષેની ચિંતા કેમ વ્યક્ત કરી શકાય? મનમાં બળતા હશે પણ ગોખલે બોલી શકતા ન હતા. સાવિત્રી માંદગીમાં દિવસ વિતાવતી હતી ને એના પતિ શાળામાં અભ્યાસ કરતા હતા. આગળ જતાં ગોખલે કૉલેજમાં ગયા ત્યારે એમણે થોડો વખત કોલ્હાપુરમાં ઘર માંડ્યું. શરમ કે સંકોચ વિના એમણે પત્નીની સેવા કરી. એને ભણાવવાનો પણ પ્રયત્ન કર્યો. પણ રોગ વધતો હતો. વધારે શુશ્રૂષા વિદ્યાર્થી પતિ કરી શકે એમ હતું નહિ. સાવિત્રીને અંતાજી પંતને ત્યાં મોકલી દેવી પડી. તત્કાલ ઉપાધિ મટી, પણ ચિંતા તો ચાલુ જ રહી. પત્નીને કાગળ લખી ખબર પૂછવાની હિંમત ચાલે નહિ અને કાકાને કાગળ લખી પત્નીના સમાચાર જાણવાનું મન થાય ત્યારે સંકોચશીલ સ્વભાવ આડો આવે! કોઈ વાર રજામાં થોડા દિવસ ઘેર આંટો મારી આવતા, પણ પત્ની સાથે ખુલ્લા દિલથી વાત કરી શક્યા હોય, એને આશ્વાસન આપી શક્યા હોય એમ બનતું નહિ. પત્ની માટે પોતે કંઈ કરી શકતા નથી એવું શલ્ય એમના મનમાં કાયમ હતું. બને ત્યાં સુધી પત્નીનો ઉલ્લેખ એ ક્યારે ય કરતા નહિ. અને સંભાષણમાં અજાણતાં એનું નામ આવે તો એ ચિડાઈ જતા એમ એમના મિત્રો કહેતા.

પંદરમે વર્ષે—એટલે ૧૮૮૧માં—ગોખલે મૅટ્રિકની પરીક્ષામાં પાસ થયા. આગળ ભણવાની એમની ઇચ્છા હતી છતાં મન તૈયાર થતું ન હતું. ભાઇને કે બીજા કોઇને માથે ભાર ક્યાં સુધી અને કેટલો નખાય? નોકરી કરવી અને ભાઇના ઋણમાંથી મુક્ત થવું એ એમની પોતાની ફરજ લાગતી હતી. પણ ભાઈ ગોવિંદરાવ માને એમ ન હતા અને ભાભી રમાબાઈ તો ભાઈ કરતાં ય વધારે હઠાગ્રહી નીવડયાં. 'જરૂર પડે તો મારાં ઘરેણાં વેચીશું પણ ગોપાળનું શિક્ષણ અધૂરું નહિ રાખીએ.' એમણે ઠરાવ્યું. ગોખલે ભણી શક્યા એનું શ્રેય એમનાં ભાઈ-ભાભીને ફાળે જાય છે. દિયરનો ભાગ્યોદય જોવા ભાભી જીવ્યાં નહિ એ કમનસીબ. (ચાલુ)

આખા વૉર્ડની માનીતી

બાબુભાઈ વૈદ્ય

ઑસ્પિટલના સરનામે મારા પર એક પાર્સલ આવ્યું. અંદર સાચા બાળક જેવડી મોટી સુંદર ઢીંગલી હતી. સાથે ચિઠ્ઠી હતી: 'કોઈ માંદા બાળકને પોતાની વેદના ભુલાવવા માટે ભેટ–એક એવી સ્ત્રી તરફથી, જેને બાળકો બહુ વહાલાં છે, પણ જે પોતાનાં બધાં બાળકો ગુમાવી બેઠી છે.'

એ અજાણી દાતા સ્ત્રીની મમતાએ મારા માટે એક મૂંઝવણ ઊભી કરી. વૉર્ડમાં ત્રીસ બાળકો હતાં, એમાંથી કોને આ ઢીંગલી આપવી? પણ મારી મુશ્કેલી વૉર્ડનાં એ માંદાં બાળકોએ જ ટાળી દીધી. એમની સમક્ષ મેં એ સુંદર ઢીંગલી રજૂ કરીને એમને જ પૂછ્યું કે એ કોને આપવી.

પ્રથમ તો કેટલાંક બાળકોએ ઉત્સાહમાં આવી 'મને! મને!' એમ કહ્યું; પણ પછી તુરત તેઓ શાંત થઈ ગયાં અને એકાદ પળ પછી સૌએ એ ઢીંગલી મૅગીને આપવા સૂચવ્યું.

સાત નંબરના ખાટલાની દર્દી મૅગીની વેદના જાણો તો તમને પણ હૃદયમાં શૂળ ભોંકાયા વિના નહિ રહે. વૈદ્યકીય દૃષ્ટિએ અમારી વિદ્યાની નિષ્ફળતાનો એ કિસ્સો છે. અત્યાર સુધીમાં એ બાળા પર ત્રણ ઑપરેશનો થયાં છે, અને નિષ્ણાતો કહે છે કે હવે તેને માટે વિશેષ કંઈ થઈ શકે તેમ નથી. એ બાપડી નિરુપાય મૅગીની આમ તો નાનીમોટી અનેક ફરિયાદ છે, પણ સૌથી મોટી આફત એ છે કે એ જીવશે ત્યાં સુધી હવે અંધ રહેવાની છે. એની આ કરુણ દશાને લીધે આખા વૉર્ડની હમદર્દી એના પ્રત્યે ઢળી છે એવું નથી. બાર વર્ષની મૅગીનું અંતર એક સંત સરખું છે. ચોમેર એ આનંદની હવા પ્રસરાવે છે. વૉર્ડનાં બીજાં દર્દી બાળકો પર મૅગીની અજબ અસર પડે છે. એની આંખની જ્યોત ભલે કાયમ માટે બુઝાઈ ગઈ છે, પણ એના અંતરનો પ્રકાશ જરા યે ઝંખવાયો નથી.

બાળકના આવા સુંદર સ્વભાવમાં એના ઉછેર અને વાતાવરણની અસર પડે...પણ મૅગીની વાત તમે નથી જાણતા.

બે વર્ષ પહેલાં એની મા પ્રસૂતિમાં મરી ગઈ ત્યારે પોતાની પાછળ આઠ બાળકો મૂકી ગઈ. એમાં મૅગી સૌથી મોટી. બાર મહિને મૅગીનો બાપ એકવીસ વર્ષની એક યુવતીને પરણ્યો; પણ લગ્ન પછી છએક માસમાં મૅગીના એ બાપનું પણ અવસાન થયું.

ઓરમાન મા વિષે તો તમે યે ઘણું સાંભળ્યું હશે. બાળકોના જીવનમાં એ ઘણી વાર દયનીય કરુણતા આણી દે છે. પણ મૅગીની આ એકવીસ વર્ષની યુવાન સાવકી મા એવી નહોતી. મૅગી અને એની વચ્ચે અજબ મનમેળ છે. એક સામાન્ય નોકરાણી તરીકે તે આખો દિવસ ઢસરડો કરે છે. પણ એના એ પુરુષાર્થે એમના ઘરને ભાંગી પડતું બચાવ્યું છે. કામથી પરવારી એ ઓરમાન મા રોજ રાતે મૅગીને મળવા આવે છે.

મૅગી પરનું છેલ્લું ઑપરેશન નિષ્ફળ ગયાની એને જાણ થઈ ત્યારે ભાંગી ન પડતાં એ અપર માએ વહાલથી દીકરીને કોટે વળગાડી જે સધ્યારો આપેલો તે હજી યે મારી નજર સમક્ષ તરે છે.

અંતે બધાં બાળકોની ઇચ્છા પ્રમાણે મૅગીને જ્યારે ઢીંગલી આપી ત્યારે એ અપર મા પણ ત્યાં હાજર હતી. બહુ જ હળવે હાથે અંધ મૅગીએ એ ઢીંગલીને વહાલ કર્યું; એના પોશાક, વાળ, આંખો વગેરે બાબત ભાતભાતના પ્રશ્નો પૂછ્યા; ને પછી એ કોઈ ઊંડા વિચારમાં ઊતરી ગઈ હોય તેમ એકદમ શાંત થઈ ગઈ. છેવટ જ્યારે તે બોલી ત્યારે મૅગીના સ્વરમાં અનન્ય લાગણીનો રણકો હતો. એણે કહ્યું: 'મા, આ ઢીંગલી મારાં નાનાં ભાંડરડાં પાસે લઈ જઈશ? આવી સુંદર ઢીંગલી એમણે ક્યારે ય જોઈ નથી. એમને એ બહુ ગમશે.'

ગઈ કાલે મૅગીને ઑસ્પિટલમાંથી રજા આપી. ઘેર જતાં પહેલાં એણે નર્સને ભેટી પડતાં કહ્યું: 'હું તમને કદી નહિ ભૂલું. મને જરા સારું થશેને, ત્યારે હું તમારા માટે ફૂલો વીણીને મોકલીશ.'

એવી એ મૅગી વૉર્ડમાં સૌની માનીતી કેમ ન હોય?* □

* ડૉ. ફિલિપ ઈનમાનના લંડનના ઑસ્પિટલજીવનના અનુભવોના પુસ્તક 'ધ હ્યુમન ટચ' પરથી.

અનુસંધાન] ગંગનાથ મહાદેવ [પૃ. ૧૩૪થી

રચાએલું સુંદર મંદિર છે. (ફોટો: ૧) મુખચોકી, ગૂઢમંડપ, અંતરાલ અને ગર્ભગૃહયુક્ત આ મંદિરનો મંડોવર આઠ દિક્પાલો, શોભનમૂર્તિઓ અને ભદ્રદેવતાનાં સુંદર શિલ્પોથી અદ્ભુત કહી શકાય તેવો છે. ગર્ભગૃહની પૂર્વ તરફની જગતી સિવાયનો તેનો અન્ય ભાગ જમીનમાં ઊતરી ગયો છે. ગર્ભગૃહ અને સ્તંભાદિથી શોભતા ગૂઢમંડપની વચ્ચેનો અંતરાલનો ભાગ સાદા સુંદર શિલ્પયુક્ત વિતાનને કારણે અગિયારમી સદીની પૂર્વે આ મંદિરને લઈ જાય છે. પીઠિકાના ભારે સ્તંભ, કપોતપટ્ટી વગેરે થરો ઉપર નાનકડા મજબૂત મંડોવરના પૂર્વગવાક્ષમાં, પાછળના બે હસ્તોમાં સર્પને પકડી નૃત્ય કરતા ભગવાન શિવની મૂર્તિ (ફોટો: ૨) ઉત્તર ગવાક્ષમાં ભયંકર રૂપધારી ભૈરવી (ફોટો: ૩) અને દક્ષિણ ગવાક્ષમાં ભગવાન લકુલીશની મૂર્તિ (ફોટો: ૪) આ મંદિરની આગવી છે.

ભદ્ર ગવાક્ષની બંને બાજુએ દેખાતી અપ્સરાઓ અને દિક્પાલોની ખંડિત મૂર્તિઓ એની ભૂતકાલીન ભવ્યતાને પ્રકટ કરે છે. પશ્ચિમ દિશાના દિક્પાલ વરુણ (ફોટો: ૫) કંઈક સારી હાલતમાં અને પોતાના સુશોભિત વાહન મકરને કારણે વધારે ધ્યાનાકર્ષક છે.

કક્ષાસનયુક્ત ગૂઢમંડપના ઉપરના ત્રણે ઉદ્‌ગમો હાલ ખંડિત છે, જેના અમુક ભાગ જીર્ણોદ્ધાર વખતે ત્યાં જ ફરી ચણી લીધેલા છે. જ્યારે અન્ય મૂર્તિયુક્ત શિલ્પો બાજુના લંબચોરસ કુંડની દીવાલમાં સ્થાપિત કર્યાં જણાય છે. કુંડમાં આવેલો, મૂળે મંદિરના ઉત્તર ઉદ્‌ગમનો, ચામુંડા અને તેને સંલગ્ન આકૃતિઓવાળો અર્ધભાગ વિશિષ્ટ કહી શકાય તેવો નમૂનો છે. (ફોટો: ૬) બાજુમાં પીળા આરસની, લેખવાળી એક મૂર્તિ અને સામે બ્રહ્મા, વિષ્ણુ, મહેશની ઊભી મૂર્તિઓ ધરાવતો એક ભાગ પણ કુંડમાં સચવાઈ રહ્યો છે.

આ મંદિરની આસપાસ પોઠિયા, જલયુક્ત શિખરાંગો, આમલકો વગેરેનો ભંગાર પડ્યો છે. અહીંતહીં વેરાએલા આ અવશેષો વિધર્મીઓને હાથે અહીં શું શું વીત્યું હશે તેની કરુણ કથની સાથે નધણિયાતા રખડે છે. પટાંગણમાં ઘસાઈ ગએલા લેખયુક્ત બે ગોવર્ધન પ્રકારના પાળિયાઓ આ સ્થાનની અન્ય વિશિષ્ટતા છે. (ફોટો: ૭) આ ગોવર્ધનો મંદિર બંધાવનાર યજમાનોના હોવા સંભવ છે.

આછેરી વનરાઈ, મેગળનો કમંઢ, કુંડ અને શિલ્પખચિત કલાના નમૂના સમું ગંગનાથ, પાશુપતમતની લુપ્ત શ્રીના અવશેષો સમું છે.

નોંધ: અમારા મિત્ર અને યુવાન કલાકાર શ્રી રાજેન્દ્રસિંહ રાયજાદાની મદદથી અમે આ મંદિર જોવા પામ્યા તેની સાભાર નોંધ લઈએ છીએ. મંદિરને ગામલોકોએ સમારકામ કરી ટકાવી તો રાખ્યું છે, પણ હવે તુરત આપણું પુરાતત્ત્વખાતું આને સંભાળે તેવી જાહેર વિનતિ છે.

ચન્દ્રવદન મહેતા અને સુનીલ કોઠારીની જુગલબંધી-૨૦

રૉબર્ટ જૉફ્રે

ન્યૂ યૉર્ક રહ્યો તે દરમિયાન જૉફ્રેના બાલેની સીઝન ચાલતી હતી. રૉબર્ટ આશાનો મિત્ર. વળી, ૧૯૬૨માં તે પોતાની મંડળી સાથે ભારતના પ્રવાસે આવેલ ત્યારે ઝવેરીબેનોને ત્યાં એને મળવાનું થએલું. ભારતની વાતો નીકળતાં એણે મણિપુરી નૃત્યોનો અને ઝવેરીબેનોનો ઉલ્લેખ કર્યો. પછી તો મૈત્રી જામી. એણે મને એનાં તથા એના સહકાર્યકરો અને જીગર મિત્રો કોરીઓગ્રાફર્સ જિરાલ્ડ આર્પીનો અને એલ્વિન એઈલીનાં બાલે જોવા નિમંત્ર્યો. તેમાં લોર્કાની 'હાઉસ ઑવ બર્નાર્ડ આલ્બા'ની કથા પર આધારિત બાલે, ચાર્લ્સ મિંગસના નીગ્રો મ્યૂઝિક પરનું મિંગસ નૃત્ય, આર્પીનોનું કેટેનન્ટાન્ઝ અને વીસ નામે બાલે જોયા. તે સિવાય 'પેટ્રુશ્કા'નું નવું બાલે તેમજ આર્પીનોનું વિખ્યાત 'ક્લાઉન્સ' પણ જોયું. તેમાં બધાં જગલાઓ વિદુષકો પ્લાસ્ટિકના એક અતિવિશાળકાય પરપોટા પર કૂદે છે, ભૂસકા મારે છે અને અંતે તે પરપોટો તેમને ગળી જાય છે. તેમાં માનવજાતને આજની ઔદ્યોગિક ક્રાંતિ ગળી જશે તેવું અર્થઘટન અને રજૂઆતની કરામત જોવા મળ્યાં.

અત્યારે રૉબર્ટ જૉફ્રેની વય ૪૩ વરસની. ૩૮મે વરસે રૉબર્ટ 'એસ્તાતે' રજૂ કરી બાલે જગતમાં નામના મેળવી. તેની નવ વરસની ઉંમરથી તેને નૃત્યનું ઘેલું લાગેલું. એના અફઘાન પિતાએ એનું નામ રાખેલું અબ્દુલ્લા જાફ્ફા અન્વર બે ખાન. તેની મા ઈટાલીઅન. કુટુંબ અમેરિકા આવી સ્થાયી થએલું. નાનપણમાં દમના વ્યાધિનાં લક્ષણ જણાતાં રૉબર્ટે બાલેના પાઠ શીખી તે દૂર કરવા વિચાર્યું ને નખમાંય રોગ રહ્યો નહિ. અઢારમે વરસે તો નૃત્ય વિના જીવાશે જ નહિ તેમ લાગતાં દૃઢ નિર્ધાર કરી તેણે ન્યૂ યૉર્કની વાટ પકડી. એ વખતે યુરોપનો વિખ્યાત કોરીઓગ્રાફર રોલાં પતી બાલે દ પારિ(સ) માટે નર્તકોને ગોતે. એ માટે બસ્સો ઉમેદવાર આવેલા. એમાં આપણા રૉબર્ટ જૉફ્રે પણ ઉમેદવાર. તેણે પોતાના નૃત્યથી પરીક્ષકોને અભિભૂત કરી દીધા ને બસ્સોમાંથી માત્ર તેને જ પસંદ કરવામાં આવ્યો. પછી તો રાતદા'ડો મહેનત ચાલી. પણ આ સ્વતંત્ર મિજાજના કલાકારને પોતાની મંડળી સ્થાપવાના અભરખા હતા. એટલે કેટલાક સમરસિયાનું એક દળ ભેગું કર્યું. દહાડે પોતે શીખવે, સાંજે પોતે શીખે ને રાત્રે રીહર્સલો લે. ૧૯૫૨માં ગ્રીનિચ વિલેજના એક 'લોફ્ટ'માં પોતાની મંડળી સ્થાપી: 'રૉબર્ટ જૉફ્રે અમેરિકન બાલે સેંટર'.

પછી તો એ મંડળીના કુલ સાત સભ્યોને લઈને એણે વનનાઈટ સ્ટેન્ડ્સ—રોજ રાત્રે એક પ્રયોગની ઢબે જિપ્સીઓ જેમ પ્રવાસ કર્યો ને પોતાની નૃત્યરચનાઓ દ્વારા એક આગવી પ્રતિભા ઊભી કરી. જેવાં મળે અને જ્યાં મળે તે થીએટરોમાં પ્રયોગો કર્યા. અંતે '૬૨માં એની મનોકામના ફળી. ભાગ્ય આડેનું પાંદડું ખસ્યું અને સ્ટાંડર્ડ ઓઈલની માલેતુજાર ધનાઢ્ય માલકણ રેબેકા હાર્કનેસે નાણાંકીય મદદ કરી. વૉચહિલ પરના દરિયાકાંઠા પરના પોતાના ૪૯-ઓરડાવાળા આલિશાન મહેલ જેવા મહાલયમાં તેણે રૉબર્ટ જૉફ્રેને રેસિડન્ટ કોરીઓગ્રાફર તરીકે નિમંત્ર્યો. દૂર પૂર્વના દેશો, અને રશિયાનો ને ભારતનો નૃત્યપ્રવાસ આ દરમિયાન યોજાયો. પણ બે વરસ પછી બેય છૂટાં પડયાં. રેબેકાએ હાર્કન્સે બાલે નામે પોતાની મંડળી કાઢી ને આશ્રયહીન રૉબર્ટે ફરી એકડે એકથી શરૂ કર્યું. પણ હિંમત હારે એ બીજા. આ વખતે રૉબર્ટને જિરાલ્ડ આર્પીનો અને ઍર્વિંગ નામે બે સાથીદારો મળ્યા. અને ફૉર્ડ ફાઉન્ડેશનની મોટી રકમની ગ્રાંટ પણ. નવા દળ સાથે '૬૬માં સિટી સેન્ટરમાં એમણે બાલે રજૂ કર્યા અને રાતોરાત એમની જે પ્રતિષ્ઠા બંધાઈ તે હજુ અકબંધ રહી છે. અને એમનાં નવલાં અવનવાં સર્જનો અમેરિકન નૃત્યજગતમાં ચકચાર જગાવતાં રહ્યાં છે.

આવા પુરુષાર્થે અને તેના ફળસ્વરૂપ સિદ્ધિ, નવું કામ કરવાની ધગશ અને લોકોની કદર, દાદ, સહકાર, ઊલટ એ બધું જોઈ આપણે ત્યાં અત્યારે નૃત્યની જે દશા છે તેની તુલના કર્યા વિના રહી શકાતું નથી, ઉદયશંકર, રામગોપાલ, નટરાજ વશી, શાંતિબર્ધન વગેરે જેવા કલાકારોનાં દળો પાછળથી ભાંગ્યાંતૂટયાં; એક યુગપ્રવર્તક હિલચાલ શરૂ થએલી તે વેરવિખેર થઈ ગઈ. મૃણાલિની સારાભાઈ અને કુમુદિની લાખિયા પોતાની મંડળી નભાવી રહ્યાં છે અને નવું કંઈક કરી રહ્યાં છે. તાજેતરમાં ચંદ્રલેખાએ 'નવગ્રહ' પ્રયોગો દ્વારા કંઈક નવું કરવાનો પ્રયત્ન કર્યો છે. બાકીનાઓ જૂના ચીલાચાલુ પ્રયોગો અને શાસ્ત્રીયપ્રકારો જ રજૂ કરી રહ્યાં છે. પરંતુ નૃત્ય વિષે નવેસરથી કોઈ સાંપ્રત સમસ્યા લઈ વિચાર કરતું નથી. આપણે ત્યાં નૃત્ય સાંસ્કૃતિક જીવનનો એક ભાગ બન્યું છે તેની નવેસરથી કોઈ વિચારણા થતી જોવા (અનુ. પૃ. ૧૨૧)



જમણી બાજુ 'એસ્તાતે'. એમાં જૉફ્રેએ નર્તક નાયકના શરીર પર અને પશ્ચાદભૂ પર ચંદ્રની દેવીની છબિને પ્રોજેક્ટ કરી એક નવતર અસર ઊભી કરી હતી. નીચે: 'ક્લાઉન્સ'નું એક દૃશ્ય. તંબૂ જેટલા વિશાળ પ્લાસ્ટિકના પરપોટા પર ઊછળતાં કૂદતાં નર્તક પાત્રોની નવતર રજૂઆત



કાકાસાહેબ કાલેલકરના જાહેર જીવનના પ્રારંભની લેખમાળા • ગંગનાથ વિદ્યાલય-૪

છૂપી ક્રાંતિકારિતા

અમારી ટ્રેઈન બહુ વહેલી સવારે વડોદરા પહોંચતી હતી. મને લેવા માટે મામા ફડકે કરીને એક તરુણ વિદ્યાર્થીશિક્ષક આવ્યા હતા. એમની સાથે હું સંસ્થામાં પહોંચ્યો.

મારા સામાનમાં એક સારું સરખું ફોલ્ડિંગ ટેબલ, એક ફોલ્ડિંગ ઈઝી ચેર, અને મારા પોશાકમાં ખાસ પ્રસંગે વાપરવા માટે જરીકિનારનો રેશમી રૂમાલ, સફેદ રેશમનો પારસી ફૅશનનો કોટ, શર્ટને બટનથી બેસાડેલો કૉલર, ઓઢવા માટે રેશમની કિનારનું સફેદ ઉપરણું, એવો બધો ઠાઠ જોઈ સંસ્થા ચલાવનાર લોકો મનમાં હસ્યા હશે. રાષ્ટ્રસેવા કરવા આવેલો ઉમેદવાર કેવા તો ઠાઠમાં રહેવા માગે છે વગેરે વાતો એમણે અંદરઅંદર કરી હશે. (મને આ બધી ચર્ચાની વાત ઘણા દિવસ પછી અને તે પણ કટકેકટકે સાંભળવા મળી.) સંસ્થાની રીતરસમ અને પરિસ્થિતિ જોયા પછી મેં મારા પોશાક અને રહેણીકરણીમાં ઝપાટાભેર ફેરફાર કર્યો અને એમાં કશી હાડમારી જેવું મને ન લાગ્યું, એ જોઈને એ લોકોનો મારે વિષેનો અભિપ્રાય સુધર્યો. અને ત્યાર પછી જ મારા સ્વાગત વખતે એમની વચ્ચે ચાલેલી ખાનગી મશ્કરી મને કહેવાની એમની હિંમત ચાલી. મેં જોયું કે સંસ્થાના સંચાલકોમાં વામન શાસ્ત્રી દાતાર કરીને એક વૈદ્ય હતા. તેઓ રહેતા હતા વડોદરામાં; વૈદકનો ધંધો કરતા; સમાજમાં એમની રાષ્ટ્રસેવક તરીકે પ્રતિષ્ઠા હતી; અને બોલતા હતા પણ કોઈ નેતાની ઢાવકાઈથી.

સંસ્થાના શિક્ષકો વામન શાસ્ત્રીના આવવાની રાહ જોતા હતા. બધાએ મળીને નક્કી કર્યું હતું કે સંસ્થામાં હમણાં રજા છે, ઘણાખરા વિદ્યાર્થીઓ ઘેર ગયા છે, ને દેશપાંડેના ઘરના લોકો પણ સ્વદેશ (એટલે કે કોલ્હાપુર તરફ) ગયા છે, એટલે નવા આવેલા આ ભાઈને દેશપાંડે સાહેબને ત્યાં જ રહેવા મૂકી આવીએ. એટલે અમે બધાં દેશપાંડે સાહેબના બંગલા પર પહોંચ્યા.

એ દિવસોમાં કેશવરાવ દેશપાંડે વડોદરા રાજ્યમાં આબકારીખાતાના કલેક્ટર હતા. સ્ટેશનના યાર્ડની સામે એક પારસી ભાઈનો મોટો બંગલો એમણે ભાડે લીધો હતો. અમે પહોંચ્યા, એટલે વામન શાસ્ત્રીએ વાત શરૂ કરી: 'સાહેબ (વડોદરામાં બધા એમને 'સાહેબ' જ કહેતા હતા.) અમે કાલેલકરને આપને મળવા લાવ્યા છીએ; એમને અમે આપને માટે દત્તક તરીકે લઈ આવ્યા છીએ; દેશપાંડેસાહેબ વિષે હું 'રાષ્ટ્રમત'માં હતો ત્યારે મેં પૂ. ગંગાધરરાવને મોઢે થોડુંક સાંભળ્યું હતું. ને ત્યાં એક વાર એમને મળ્યો પણ હતો. થોડી વાતચીત પછી નક્કી થયું કે શાળામાં રજા ચાલે છે ત્યાં સુધી મારે સાહેબને ત્યાં જ રહેવું. બંગલામાં સાહેબ એકલા જ રહેતા હતા એટલે મારે માટે ત્યાં કશી મુશ્કેલી ન હતી. એમનો એક સુંદર ઘોડો જોઈને હું ખૂબ ખુશ થયો. પહેલે જ દિવસે હું જોઈ શક્યો કે દેખરેખને અભાવે ઘરમાં થોડી અવ્યવસ્થા છે, અને ખર્ચ પ્રમાણ બહાર થાય છે.

હું બેલગામ-પૂના તરફ રહેનારો. મને વડોદરાના ઉનાળાની કલ્પના ન હતી. અને ટ્રેઇનમાં આગલી રાત ઊભાઊભા જાગીને જ કાઢી હતી એટલે બપોરે જમ્યા પછી મેં ઠીકઠીક ઊંઘી લીધું.

સાંજે, બંગલા બહાર પાણી છંટાઈને ખુરશીઓ ગોઠવાઈ ગઈ. ત્યાં પહોંચતાંવેંત સાહેબે મને બોલાવવા માટે પટાવાળાને મોકલ્યો. આગળ જતાં મેં જોઈ લીધું કે રોજ સાંજે આ વખતે સાહેબ આગળ હાજર રહેવું એ મારું એક દૈનિક કામ જ છે. અમે અનેક વિષયોની ચર્ચા ચલાવી. આવા વાર્તાલાપ દ્વારા મારો પરિચય મેળવવાની અને હું કેટલા પાણીમાં છું એ શોધી કાઢવાની કળામાં સાહેબ કુશળ હતા. એમણે જોયું હશે કે આ નવો આવેલો આચાર્ય (હેડમાસ્તર) બોલવામાં મોકળો અને ખરેખર પંતુજી જ છે.

રજાઓ પૂરી થવા આવી અને અમે શિક્ષકો નવા સત્રનો અભ્યાસક્રમ તૈયાર કરવા બેસી ગયા. કયા વર્ગમાં, કયા વિષયો ખાસ ચલાવવા, બધા વિષયો અને વર્ગો શિક્ષકોની વચ્ચે કેમ વહેંચવા એની વિગતો ચર્ચાઈ. આચાર્ય તરીકે આવેલો હું કેળવણીના વિજ્ઞાનમાં તજ્જ્ઞ ગણાઉં; પણ સંસ્થાની પરિસ્થિતિની પરંપરા વિષે કશું જાણ્યું નહિ. શિક્ષકો કોણ કોણ છે, કેવા છે, વિદ્યાર્થીઓની શક્તિ કેવી છે એ વિષે હું અજાણ, એટલે જૂના અનુભવી શિક્ષકો જે નક્કી કરે તે જાણી લેવું એટલું જ મારું કામ.

અહીં જ કહી દઉં કે એ જમાનાની બિન-સરકારી રાષ્ટ્રીય શાળાઓમાં 'કેળવણીની કળામાં પ્રવીણ એવા શિક્ષકો' ભાગ્યે જ આવતા. ઉત્તમ દેશભક્તિ, પાર વગરનો ત્યાગ કરવાની તૈયારી અને ઉગ્ર ક્રાંતિકારી વિચારો, એટલી નક્કર લાયકાત ઉપર કોઈ પણ માણસ રાષ્ટ્રીય શિક્ષક થઈ શકતો. તેમાં મારા જેવો નવો અનુભવી શિક્ષક દાખલ થાય એટલે 'નવી ગિલ્લી નવો દાવ' એ ન્યાયે આખો અભ્યાસક્રમ અને સંસ્થાનો કાર્યક્રમ નવેસર ગોઠવાયો. હું સાવ નવો માણસ. દરેક સંસ્થામાં જે આંતરિક વ્યવસ્થાની 'રાજનીતિ' હોય છે તે આપણે શું જાણીએ?

હું જોઈ શક્યો કે આખી સંસ્થા ચલાવવાનું કામ અત્યાર સુધી વાસુદેવરાવ દેશપાંડે નામવાળા એક તપસ્વી અને ઉગ્ર સ્વભાવના પદવીધરના હાથમાં હતું. તેઓ ગુસ્સે થાય ત્યારે વિદ્યાર્થીઓને મરજીમાં આવે તેવી સજા કરતા. એમાં જો કોઈ વિદ્યાર્થીને સજા કરે કે તારે બે દિવસ ઉપવાસ કરવા તો પોતે પણ એ બે દિવસ ભૂખ્યા જ રહેતા! સજા આકરી છે એવી ટીકા પણ કોઈ કરી શકતા નહિ. હવે હું હેડમાસ્તર તરીકે આવ્યો એટલે વાસુદેવરાવ છાત્રાલયના વ્યવસ્થાપકનું કામ કરવા લાગ્યા. પુસ્તકાલય ને વાચનાલયની વ્યવસ્થા મામા ફડકેને સોંપવામાં આવી એથી તેઓ ખુશ થએલા દેખાયા. કવિતા અને ઇતિહાસ ભણાવવાનું કામ પણ એમને જ સોંપાયું (અથવા એમણે એ લગભગ માગી લીધેલું એમ જ કહી શકાય.)

આ મામા ફડકે રત્નાગિરિના એક વિદ્યાર્થી. ત્યાં એમણે વિદ્યાર્થીઓ માટે એક લાયબ્રેરી ચલાવેલી. આ લાયબ્રેરીને અંગે એમણે સ્વાતંત્ર્યવીર સાવરકર જોડે થોડો પત્રવ્યવહાર ચલાવ્યો હશે. એમનું એવું એક કાર્ડ પોલીસ ખાતાને હાથ આવ્યું. એટલા પરથી મામાનું નામ પોલીસ ખાતાની કાળી યાદીમાં પહોંચી ગયું. મામાને 'દેશભક્તિનાં ગીતો' બહુ પ્રિય હતાં. સાહિત્ય પ્રત્યે અસાધારણ ભક્તિ. દેશભક્તિ અને રાજદ્રોહ જેમાં ભરેલો હોય એવી વાતો અખંડ ચલાવે. તેઓ વડોદરા આવ્યા હતા વિદ્યાર્થી તરીકે પણ એમની હોશિયારી જોઈ સંસ્થાએ એમને શિક્ષક તરીકે જ નીમી લીધા.

મને શી ખબર કે મામા ને વાસુદેવરાવને બનતું નથી. 'વ્યવસ્થાનું કામ જેને સોંપ્યું હોય તેનો તે કામ પર અધિકાર, એમ હું માનનારો. એટલે વાચનાલયનું કામ મામાને સોંપવામાં આવ્યું તે દિવસથી ટપાલ હાથમાં આવે કે તરત બધાં છાપાં હું મામાને સ્વાધીન કરી દેતો. તેઓ તરત એ યોગ્ય ઠેકાણે ગોઠવી દેતા. હું હેડમાસ્તર ખરો, તો પણ બધા સાથે વાચનાલયમાં બેસી હું છાપાં વાંચતો. એક દિવસે ટપાલ વાસુદેવરાવના હાથમાં પહોંચી ગઈ. એમણે બધાં છાપાં પોતા પાસે રાખી ત્યાં જ તે વાંચવાનું શરૂ કર્યું. મેં એમને કહ્યું: 'નાના, તમારે મામાને પૂછીને છાપાં પોતાની પાસે રાખવાં જોઈતાં હતાં.' મારી આ વાતથી તેઓ ચિડાયા કહે: 'હૂ ઈઝ મામા?' મેં શાંતિ અને મીઠાશથી કહ્યું: 'મામા ભલે સૌથી નાના શિક્ષક હોય પણ આપણે જ એમને પુસ્તકા-

લયના વ્યવસ્થાપક નીમ્યા છે. એમની વ્યવસ્થા આપણે ન સાચવીએ તો કેમ ચાલે?' ક્ષણભર નિરુત્તર થઈ નાના ફરી બોલ્યા: 'વાત સાચી છે કે હવે હું હેડમાસ્તર નથી; પણ વડોદરામાં નિવૃત્ત થયેલા દીવાનને પણ સરકાર તરફથી એક પટાવાળો મળે છે ને એમનું માન રાખવામાં આવે છે.'

એમને કેટલું માઠું લાગ્યું છે એની જો મને કલ્પના હોત, ને મારામાં વ્યવહારનું થોડું પણ જ્ઞાન હોત તો હું આવો પ્રસંગ ઊભો થવા ન દેત. પણ હું તો કૉલેજની ડિબેટિંગ ક્લબમાં (વક્તૃત્વોત્તેજક મંડળમાં) અને છાપાના સંપાદક મંડળમાં કેળવાએલો માણસ; એટલે તાત્ત્વિક ચર્ચા તરીકે મેં એમને જવાબ આપ્યો: 'જૂના નિવૃત્ત દીવાનોને આદર અપાય છે, પણ એમને કોઈ અધિકાર અપાતો નથી.' નાનાએ તરત કહ્યું: 'તમારી વાત સાચી છે. એ હું સ્વીકારું છું.' એટલું કહીને એમણે પોતાનો કાન પકડ્યો. મેં ભોળાએ માન્યું કે મારી વાત ગળે ઊતરવાથી તેઓ શાંત થયા છે. પણ તે દિવસથી એમના મનમાં એ કડવાશ કાયમ રહી.

સંસ્થાના મુખ્ય ભાગ ત્રણ: શિક્ષણ વિભાગ, કારખાના વિભાગ અને છાત્રાલય વિભાગ. થોડા જ દિવસોમાં 'કારખાના વિભાગ' શિક્ષણના એક અંગ તરીકે મારા હાથ તળે સોંપવામાં આવ્યો. અને એ વિભાગના એક જૂના શિક્ષકને નોકરીમાંથી બરતરફ કરવાનું કામ મારે હાથે કરાવી લીધું. હું નથી માનતો આ એક પગલા ઉપરાંત કારખાના વિભાગ ઉપર કોઈ પણ પ્રકારની દેખરેખ કરવાનું મને સોંપ્યું હોય.

કારખાનામાં વણાટ અને સુથારકામ એ બે વિભાગ હતા. બંને ઉપર દેશપાંડેસાહેબનું ખાસ ધ્યાન રહેતું. મને એ વખતે એ વિભાગમાં રસ પણ ન હતો, અને એનું મહત્ત્વ પણ હું સમજી શક્યો ન હતો. હું એટલું જ માનતો કે 'આપણા વિદ્યાર્થીઓએ વિદ્વાન થવું જોઈએ. તેઓ દેશભક્તિના પ્રચારક થાય, સારા લેખક અને વૃત્ત-વિવેચક થાય અને આખરે ગુપ્ત રીતે રાજ્યક્રાંતિની તૈયારી કરી શકીએ.'

અમે સાંભળ્યું તો હતું કે કેશવરાવના કેળવણીના વિચારો આવી ક્રાંતિની તરફેણમાં છે. તેઓ પોતે શ્રી અરવિંદ ઘોષના સ્નેહી હતા એ કોઈ ઓછો પુરાવો ન હતો. શ્રી અરવિંદની 'ભાવના મંદિર'ની યોજના મેં વાંચી હતી. એમાં ખાસ ભાર એવી જ વસ્તુઓ પર હતો જેને આજે 'ગાંધીજીનો રચનાત્મક કાર્યક્રમ' કહે છે. 'બહુજનસમાજને ઉપયોગી નીવડે એવા ઉદ્યોગમાં પ્રવીણ થવું, એ દ્વારા અનેક જાતના લોકો સાથે પરિચય વધારવો, જે પ્રવૃત્તિ હાથમાં લઈએ એની ઝીણામાં ઝીણી વિગતોમાં પાવરધા થવું, અર્થોત્પાદક પ્રવૃત્તિઓ ઊભી કરી સારાસારા ગુણી કુશળ લોકોનો સંગ્રહ કરવો, અને તેમની મારફતે અનેક સંસ્થાઓની સંપન્નતા વધે એ તરફ ધ્યાન આપવું.' એવો એ આખો કાર્યક્રમ હતો. 'ક્રાંતિનો સંકલ્પ દૃઢપણે મનમાં રાખવો, અનુકૂળ કાળ આવવાની રાહ જોવી, અને એ આવે ત્યાં સુધી તોફાનમાં ઊતરવું નહિ, ફક્ત મનુષ્યબળ, બુદ્ધિબળ અને કાર્યકારિતાનું બળ વધારતા જવું.' એ જાતની અહીંની કાર્યપદ્ધતિ છે, એમ હું ઓછુંવત્તું સમજી શક્યો.

આવી ચર્ચામાં એક વાર સાહેબ આગળ મેં કહ્યું: 'પ્રજાના હક માટે અને અધિકારો માટે સરકાર સાથે લડતા પણ રહેવું જોઈએ.' ત્યારે જરા અકળાઈને તેમણે કહ્યું: 'સરકાર સામેની તકરાર સરકાર આગળ જ લઈ જવા માગો છો ને? હકથી વાતો શાની કરો છો? તમારો હક એક જ છે: ગુલામ થવાનો. ચૂપચાપ માથું નીચું ઘાલી લોકોની સેવા કર્યા કરો. સેવા દ્વારા લોકોનો વિશ્વાસ સંપાદન કર્યા વગર રાષ્ટ્રમાં શક્તિ પ્રગટ થવાની નથી. અને શક્તિ વગર પ્રતિકાર શાના કરવાના છો? ચૂપચાપ પડ્યા રહેવું, જરૂર જણાય ત્યારે હાર પણ ખાવી અને આપણી સામે કશી શંકા ઉત્પન્ન થવા ન દેતાં આપણી કાર્યશક્તિ અને બહાદુરી વધારતા જવી. આ જ હતી એમની કાર્યપદ્ધતિ. 'અંદરથી અખંડ બળતી તેજસ્વિતા અને બહાર દેખાવે 'સર્વંસહ શાંતિ' આ મિશ્રણ ખરેખર

'કસુંબલ રંગ' ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર
સંજોગવશાત્ આ અંકમાં આપી શકાયું નથી
તે આવતા અંકે આગળ ચાલશે.

અદ્ભુત હતું. એમના જીવનકાળમાં એમને હાથે 'અરાજકતા'નું પ્રત્યક્ષ કામ થયું હોય એમ લાગતું નથી. એમના નિકટના પરિચયમાં આવ્યા પછી પણ, મને એવું કશું દેખાયું નહિ. અને છતાં એમની ક્રાંતિકારી મનોવૃત્તિ અને શ્રી અરવિંદ સાથેની દોસ્તી એમને બધી રીતે નડી.

થોડા જ દિવસોમાં બ્રિટિશ સરકારનો એક સી.આઈ.ડી. અમલદાર વડોદરામાં આવીને રહ્યો. એણે અમારી સંસ્થાની પણ મુલાકાત લીધી હતી. અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો બધું એણે તપાસ્યું. અમારું બધું જ કામ નિર્દોષ. મેં મનમાં વિચાર્યું અમારી સામે આ ભાઈસાહેબ રિપોર્ટ તો શું કરવાનો હતો? એણે સરકારને એક રિપોર્ટ તો મોકલ્યો. દેશપાંડે સાહેબના ઘેર એ એક વાર મને કહે: મામા ફડકે એક ક્રાંતિકારી તરુણ છે. સાવરકર સાથે એનો સંબંધ છે. અને છતાં ઇતિહાસ વિષય ભણાવવાનું કામ એ માણસને તમે સોંપ્યું છે એ કાંઈ ઓછું છે? તમે મામાને સંસ્થામાં ન રાખો એમાં જ તમારું ભલું છે.' પરિણામે સંસ્થાના સંચાલકોએ નક્કી કર્યું કે મામાએ સંસ્થા છોડવી. અને વડોદરા શહેરમાં રહેવા જવું. તે પ્રમાણે મામા દાતાર શાસ્ત્રીને ત્યાં રહેવા ગયા.

એક સામાન્ય સી.આઈ.ડી. અમલદાર સહેજ વાત કરે છે અને આપણે તત્કાળ એ કાર્યકર્તાને ખોઈ બેસીએ છીએ આની મને ચીડ ચઢી અને તે મેં શિક્ષકમંડળમાં બોલી બતાવી. એનો લાભ લઈ દાતાર શાસ્ત્રીએ મારું નામ આગળ કરી દેશપાંડેસાહેબ સુધી વાત પહોંચાડી દીધી. સાહેબે કહ્યું. 'કાકા આમ કેમ કહી શકે?' સાહેબે મને બોલાવી પ્રારંભ કર્યો: 'ગુલામોને અધિકાર હોતા હશે કે! હકો માટે લડીને શું થવાનું હતું?' મેં કહ્યું: 'દેશના શત્રુઓ પાસેથી ન્યાય મેળવવાની અપેક્ષા હું રાખતો નથી. મારી ભૂમિકા બિલકુલ જુદી છે.' આટલું કહી મેં મારી દલીલ રજૂ કરી. 'અમે બધા જ કાર્યકર્તાઓ સરકારની ગેરમરજીવાળા છીએ. મામા ફડકેને હું આપણા કિલ્લાની સૌથી બહારની દીવાલ ગણું. આજે આપણે એ દીવાલ ઉતારી દઈએ તો તેટલાથી સરકાર શાંત થવાની નથી. થોડા જ દિવસોમાં બીજા નંબરની દીવાલ સામે કાંઈક તકરાર આવવાની. તે દીવાલ ઉતારીએ તો ત્રીજી દીવાલ ઉતારો એવું સાંભળવું પડશે. એના કરતાં સૌથી બહારની દીવાલ, લડાવી શકાય ત્યાં સુધી એ લડાવતા રહેવું. દુશ્મનોનું ધ્યાન જ્યાં સુધી બહારની દીવાલ ઉપર છે ત્યાં સુધી અંદરની દીવાલ સુરક્ષિત ગણાય. એટલા માટે હું કહેતો હતો કે મામાને તરત રજા આપવી એ બરાબર નથી. 'મામા સામે સી.આઈ.ડી.ના મનમાં ગેરસમજ છે એનો રદિયો આપવા અમે તૈયાર છીએ' વગેરે જવાબ આપી અશુભસ્ય કાળ-હરણમ્ એ નીતિનો આશ્રય કરવો.' સાહેબે કહ્યું 'તમારી આ દૃષ્ટિ સમજાય એવી છે. દાતાર શાસ્ત્રીએ અને બીજાઓએ તમારી આ સૂચના મારી આગળ મૂકી જ ન હતી.'

ખેર. મામા તો ગંગનાથ છોડીને ગયા તે ગયા. (ક્રમશઃ)

જુગલબંધી (અનુસંધાન પૃષ્ઠ ૧૨૩ થી) મળતી નથી જે સાહિત્યમાં, શિલ્પમાં, ચિત્રકળામાં બન્યું તે આપણે ત્યાં હજી સંગીત કે નૃત્યક્ષેત્રે બન્યું નથી. હવે એ સમય પાકી ગયો છે. વિશ્વ જો એક 'ગ્લૉબલ વિલેજ' બન્યું હોય, ટેલિવિઝન જો આપણા દીવાનખંડમાં વીએટનામના યુદ્ધની ભીષણતાનો સાક્ષાત્કાર કરાવી શકતું હોય, સસ્તા હવાઈ પ્રવાસોથી વિશ્વ સાંકડું બનતું જતું હોય તો માત્ર પરંપરાનું જ રટણ કર્યે આપણા નૃત્યકારોનો આરોવારો નહિ વળે. તેમણે સચિંત બની માત્ર નવું કરવા ખાતર જ નહિ, પરંતુ જે છે તે પરંપરાને સમજી સમસામયિક સંવેદનોને પોતાની સંવેદનશક્તિથી ઝીલવાં રહેશે જ. (ચાલુ)

ભરતનાટ્યમ્ કાર્યક્રમ-'માર્ગમ્'માં રજૂ થતા

પદમ્·તિલ્લાના·શ્લોકમ્

ભરતનાટ્યમ્-૯ · લેખક
સુનીલ કોઠારી


વર્ણમ્ પછી અભિનય વિભાગમાં 'પદો'ની રજૂઆત થાય છે. અહીં ગતિ મંથર અને સરળ તથા નૃત્ત અલ્પાંશે હોય છે. પદમમાં નૃત્યાંગનાને પોતાની અભિનયકલા રજૂ કરવાનો પૂરો અવકાશ મળી રહે છે. આ પદોમાં નાયિકાભાવનાં સુંદર ઉદાહરણો રજૂ થાય છે. કવિ જયદેવના 'ગીત ગોવિન્દ' તથા અષ્ટપદીઓ અને કવિ ક્ષેત્રજ્ઞની શૃંગાર-પ્રધાન કૃતિઓ અભિનયનું ઉત્તમ માધ્યમ છે. એ દરેક પદનો અંતર્ગત ભાવ આત્માના પરમાત્મા સાથેના મિલનની ઝંખનાનો હોય છે. કલાકાર ને મનોધર્મ કલ્પના અનુસાર સંચારી ભાવો કરવાની તક પણ તેમાં રહે છે.

ભાવ, અનુભવ અને વિભાવાદિથી રસનિષ્પત્તિ થાય છે તે સૂત્ર તો જાણીતું છે. આ પદો તમીળ, તેલુગુ, મલયાલમ, કન્નડ અને સંસ્કૃતમાં હોય છે. હવે પ્રયોગ ખાતર ગુજરાતી, મરાઠી તથા હિંદી ભાષામાં પણ પદમ્ રજૂ થાય છે. જો કે બહુધા તમીળ તેલુગુ અને સંસ્કૃતનાં પદો પ્રચાર-માં છે. તેનું કાવ્યસાહિત્ય ઉચ્ચ કક્ષાનું અને ભાવનિરૂપણ ક્ષમ હોય છે.

કન્નડભાષાનું એક વિખ્યાત પદ 'કૃષ્ણાની બેગને બારો' તો નૃત્ય-કલાકારોમાં ઘણું લોકપ્રિય છે. એમાં બાળ કૃષ્ણને યશોદા કેટે વળગાડવા ચપટી વગાડી ઝટઝટ પોતાની નજીક આવવા કહે છે. પછી કૃષ્ણનું સુંદર વર્ણન તેમાં જોવા મળે છે. પીળું પીતામ્બર ધારણ કરેલા, પગે નૂપુર પહેરેલા, હાથે કંકણ, કેડે બંસી, ગળે વૈજયંતીમાળા ધારણ કરેલા સુંદર બાલ કૃષ્ણનું મનોહર સ્વરૂપ જોઈ માતા યશોદાનો હર્ષ માતો નથી. કવિ ત્યાર બાદ કૃષ્ણ માટી ખાતાં પકડાયા તે પ્રસંગ વર્ણવે છે. જ્યારે યશોદાએ કૃષ્ણને પકડી મોં ખોલી એણે શું ખાધું છે તે જોવા ધમકાવ્યા ત્યારે કૃષ્ણે યશોદાને પોતાના મુખમાં વિશ્વદર્શન કરાવ્યાના પ્રસંગનું વર્ણન આવે છે. આવા જગદોદ્ધારક પુત્રને પામી યશોદા આંખો ચોળતી સ્તબ્ધ થઈ જાય છે. કૃષ્ણ વળી બાલ સ્વરૂપધારી યશોદા સંમુખ ઊભા રહે છે. ટૂંકમાં પદનું આ વસ્તુ છે. અહીં જગદોદ્ધારક પંક્તિ વખતે બાલાસરસ્વતી જેવા કલાકારો ઉત્તમ કાવ્યોચિત અને કલ્પનોત્થ સંચારી ભાવો પ્રયોજે છે.

દ્યૂતમાં સર્વસ્વ હારી બેઠેલા પાંચ પાંડવોના પ્રસંગનું તેઓ નિરૂપણ કરે છે. કૃષ્ણ કેવા? તો જેણે અણીને પ્રસંગે ભક્તોની વહારે ધાઈ તેમની ભીડ ભાંગી છે તેવા કૃષ્ણ. તે ભાવને પુષ્ટ કરવા આ સંચારી ભાવ પ્રયોજાય છે. યુધિષ્ઠિરે દ્રૌપદીને પણ હોડમાં મૂકી છે. દ્યૂતની રમત પાંડવોને સર્વનાશ તરફ ઘસડી રહી છે. પાંચે પાંડવો નત મસ્તકે દીન વદને ઊભા છે. દુર્યોધન પાંચાલીને રાજદરબારમાં લઈ આવવા માટે દુઃશાસનને આજ્ઞા કરે છે. દુઃશાસન રજસ્વલા દ્રૌપદીના કેશ પકડી તેને ભરદરબારમાં ઘસડી લાવે છે. દ્રૌપદી આઘાતથી દિઙ્મૂઢ બની જાય છે. બલવીર ભીમ અને બાણાવળી અર્જુન જેવા સમર્થ યોદ્ધા-પતિની હાજરી છતાં પોતાની આ વિડંબના? બીજી બાજુ વડીલો દરબારમાં બેઠા છે, પણ દુઃશાસનને કોઇ વારતું નથી. દુઃશાસન દ્રૌપદીને વધુ અપમાનિત કરવા તેનાં ચીર ખેંચે છે. ત્યારે બેબાકળી થઈ દ્રૌપદી કૃષ્ણને ધા નાખે છે: 'હે જગદોદ્ધારક કૃષ્ણ મારી રક્ષા કરો!' કૃષ્ણને નમન કરી એક જ રટણ કરે છે: 'હે જગદોદ્ધારક! હે જગદોદ્ધારક!'—આવા જગદોદ્ધારક કૃષ્ણ છે.

આવા પ્રસંગનું અભિનયથી નિરૂપણ કરી બાલાસરસ્વતી જેવાં કલાકારો અભિનય વિભાગનાં પદોને ઉચ્ચ કોટિએ પહોંચાડે છે. તેમના



'તિલ્લાના'ની ગતિ અને સંકલનનાં વાસ્તવિક ચિત્રો. માર્ગમમાં ભાવ-અભિનયનાં પદોની ભરમાર પછી તેની અતિરિક્તતા ટાળવા 'તિલ્લાના'નો નૃત્યપ્રયોગ રજૂ થાય છે. તેમાં શિલ્પસદૃશ અંગમરોડ અને વિવિધ દેહસ્થિતિ જોવા મળે છે. (નૃત્યકાર : શ્રીમતી સોનલ માનસિંગ · ફોટો : ધીરજ ચાવડા)





રામાયણના વિવિધ પ્રસંગોમાં નવરસનું (ઉપરથી ડાબી તરફથી અનુક્રમે) દર્શન કરાવતા આ નવ ચિત્રોમાં પહેલામાં ક્ષિતિનંદિની સીતા સાથે ઉદ્યાનમાં વિહાર કરતાં 'શૃંગાર', સ્વયંવર વખતે ધનુર્ભંગ કરતા (૨) 'વીર' રસ દર્શાવ્યો છે. બલિ-કાગડો પંચવટીમાં સીતા સૂતાં હોય છે ત્યારે વિષ્ટા કરે છે તે જોઈ રામ ક્રોધ ભરી નજર ફેંકે છે ને કાગડો બળીને ભસ્મ થઈ જાય છે, આથી રામ (૩) 'કરુણા'થી આર્દ્ર થઈ તેને પુનર્જીવન બક્ષે છે. (૪) સિંધુ પર ગિરિસ્થાપન કરી સેતુ બાંધતા વાનરોને જોઈ 'અદ્ભુત' રસ અનુભવતા રામ. (૫) રાવણનું મર્દન કરતાં 'રૌદ્ર', (૬) શુર્પણખાની હાલત પર 'હાસ્ય', (૭) શુર્પણખાને પાપી વિચાર આવતાં 'ભય', (૮) અન્ય સ્ત્રી શુર્પણખા રામ નજીક આવતાં સીતાનો 'બિભત્સ' ભાવ અને છેલ્લે (૯) મુનિજનોને પ્રણામ કરતાં 'શાંત' રસનો આવિર્ભાવ.

△ ભરતનાટ્યમમાં નવરસનું નિદર્શન ▷

નૃત્યકાર · કમલા

ફોટો · સુબોધચંદ્ર

કલ્પનાસભર સંચારી ભાવો જોવા એ એક લ્હાવો છે. તેમના જેવા કલાકારો આવા ભાવો સહજ અને સ્વયંસ્ફુરિત ઢબે રજૂ કરતા હોય છે. તે દરમિયાન પશ્ચાદ્ભૂમાં ગાયકો આની આ કડી 'હે જગદોદ્ધારક કૃષ્ણ!' દોહરાવ્યા જ કરે છે. ઘણી વાર આ પંક્તિ વખતે દશાવતારનું પણ નિરૂપણ કરવામાં આવે છે. કલાકાર જેટલા વધુ કલ્પનાશીલ અને ઊંડી સૂઝવાળા તેટલું ભાવનું વધુ ઊંડાણ. આવા પ્રયોગો જોયા હોય તો તેની મ્હેક—ફોરમ જીવનભર ભુલાતી નથી. અને આવા કલા-વ્યાપાર અને સંચારી ભાવના વિનિયોગને કારણે જ આપણા નૃત્યપ્રયોગોમાં 'ક્ષણેક્ષણે નવતામુપૈત્'નો–નવીનતાનો ભાવ જળવાઈ રહે છે. પરિણામે આ કળા વાસી થતી નથી. પ્રેક્ષકોમાં જેઓ આ અભિનયની સૂક્ષ્મ છટાઓ અને ખૂબીઓ સમજી શકે છે તેમને માટે તો આ નિર્વ્યાજ આનંદની પળો હોય છે અને ધન્ય ઘડીઓ હોય છે. પરંતુ આ રસાસ્વાદ માણવા માટે પદનો ભાવ અગાઉથી—જો ભાષા તમીળ તેલુગુ કન્નડ મલયાલમ કે સંસ્કૃત હોય તો—જાણી લેવો જરૂરી છે. પછી નૃત્યપ્રયોગનો વિકાસ થતો જાય તેમતેમ ભાવ-અભિનય–નિરૂપણના આસ્વાદમાં કશો જ અવરોધ રહે નહિ. અહીં એ પણ નોંધવું જોઇએ કે કલાકારનો આપણાં કથાપુરાણો, મહાભારત–રામાયણ આદિનો અભ્યાસ તલાવગાહી અને ઊંડો હોવો ઘટે. તો જ તેઓ સયુક્તિક અને ભાવપરિપોષક સંચારી ભાવની લીલા વિસ્તારીને ભાવકો-પ્રેક્ષકોને રસતરબોળ કરી શકે.

તિલ્લાના

ભાવ-અભિનયનાં પદોની આ ભરમાર પછી વળી એકાદેક નૃત્તના પ્રયોગથી ભાવની અતિરેકતા ટાળી શકાય છે. ગુરુઓએ એ માટે પદમ્ પછી ક્રમમાં 'તિલ્લાના'ના નૃત્ત પ્રયોગની યોજના કરી છે. તેમાં શિલ્પસદૃશ અંગ-મરોડ અને વિવિધ દેહસ્થિતિ (Poses) જોવા મળે છે. આ નૃત્તમાં વિલંબિત, મધ્ય અને દ્રુત ત્રણેય લયમાં નૃત્તને વિકસાવી શકાય છે.

તિલ્લાના શબ્દ ઉત્તર ભારતીય હિંદુસ્તાની સંગીતમાં પ્રચલિત પ્રકાર 'તરાના' પરથી ઊતરી આવ્યો છે. નૃત્તના બોલ અને મૃદંગના બોલનો આ પ્રકારમાં લાક્ષણિક પ્રયોગ કરવામાં આવે છે. એથી મૃદંગના બોલની રમઝટ સાથે નૃત્યાંગના ઝમકદાર પ્રયોગ રજૂ કરે છે. હિંદુસ્તાની સંગીતમાં 'ચતરંગ' પ્રકાર તરીકે જે ઓળખાય છે તેવા તિલ્લાનાની બંદીશનો પ્રયોગ પણ પ્રચલિત છે. નૃત્તના બોલ, મૃદંગના બોલ, તિલ્લાનાના લાક્ષણિક શબ્દો તથા પદસાહિત્ય એ ચારે અંગો ચતરંગમાં જોવા મળે છે તેવા કેટલાક તિલ્લાનામાં પણ જોઈ શકાય છે. શ્રીમતી અંજલિ મેઢે એવા સામ્ય દર્શાવતા પ્રયોગો વિષે અભ્યાસ કરી પોતાના કાર્યક્રમોમાં તેનો સમાવેશ કર્યો છે. કેટલાક તિલ્લાનામાં તે પૂરું થાય તે પહેલાં સંક્ષિપ્ત સાહિત્ય વિભાગમાં ઈશ્વરસ્તુતિ અથવા રચયિતાનો ઉલ્લેખ અને દેવપ્રણામ સૂચવાતો અભિનય પણ આવે છે. પણ તે પ્રમાણમાં અલ્પ હોય છે. તિલ્લાનામાં નૃત્ત જ પ્રધાન હોય છે. તેનું ગાન પણ મધુર હોય છે. જેમકે અડાણા રાગના તિલ્લાનામાં પલ્લવી ભાગમાં 'ઉદન તોમ તોમ તનમ્ નાધિરના' અને અનુપલ્લવીમાં 'નાધિર ધિર તાની તોમ ધિરધિર તાની સારીનીસા સાગમરીસા તક ધિમિત તધિગિણ તોમ' ઇત્યાદિ પરસ, શંકરાભરણ, બૃંદાબની સારંગ વગેરે રાગોમાં તિલ્લાની બંદિશો કર્ણપ્રિય અને મનોહારી લાગે છે.

શ્લોકમ

તિલ્લાના પછી કાર્યક્રમની પૂર્ણાહુતિ 'શ્લોકમ્'થી થાય છે. નૃત્તની રમઝટ પછી નૃત્યાંગના સ્વસ્થ થઈ ઈશ્વરસ્તવન કરી શાંત રસનું આવાહન કરે છે અને ગંભીર ભાવે દેવપ્રીત્યર્થે કરેલો આ નૃત્ય કાર્યક્રમ પૂરો કરે છે. શ્લોકોમાં કૃષ્ણકર્ણામૃતમના, કૃષ્ણલીલા તરંગિણીના, કવિ જયદેવના ગીતગોવિન્દની અષ્ટપદી તથા સંસ્કૃત કાવ્યસાહિત્યનાં અનેક રત્નોમાંથી કોઈ પણ લઈ ભાવનિરૂપણ માટે તેને યોગ્ય વાહન બનાવી કલાકાર વંદના કરી કાર્યક્રમની સમાપ્તિ કરે છે. (ચાલુ)

અનુસંધાન] ડૅક્કન કૉલેજ [પૃષ્ઠ ૧૩૩થી

ભાષાશાસ્ત્ર, ઇતિહાસ, સમાજશાસ્ત્ર અને માનવવંશશાસ્ત્રની શાખાઓમાં પણ ડૉ. સાંકળિયાનો સહકાર મળતો રહે છે. એમના નેતૃત્વમાં નાશિક, નેવાશા, મહેશ્વર, અહાર, દ્વારકા, પંઢરપુર, બેલારી, તકલાકોટ વગેરેનાં ઉત્ખનનોથી અનેક પુરાતત્ત્વીય રહસ્યો પ્રકટ થયાં છે. આ જ રીતે રાજસ્થાન, કાશ્મીર, મધ્યપ્રદેશ, કર્ણાટક અને ગુજરાતની અતિપ્રાચીન માનવીય સભ્યતાઓનો ક્રમબદ્ધ પરિચય મળી શક્યો છે. આમ, ભારતમાં બે લાખ વર્ષ જૂના માનવનું ઇતિવૃત્ત મળી શક્યું છે. ભારતમાં, ખાસ કરીને મહારાષ્ટ્રમાં માનવની આટલી જૂની તવારીખ આ વિભાગના પુરાતત્ત્વીય સંગ્રહમાં જોઈ શકાય છે. ડૉ. સાંકળિયાની શોધો દ્વારા જાણ થઈ છે કે કોલ્હાપુર બે હજાર વર્ષ જૂનું શહેર છે અને તેનો રોમ સાથે વ્યવસ્થિત વ્યાપારિક સંબંધ પણ હતો.

ડૉ. ઈરાવતી કર્વેએ સમાજશાસ્ત્ર અને માનવવંશવિજ્ઞાન (ઍન્થ્રોપોલૉજી)ના વિષયમાં નવી નવી શોધો કરીને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી છે. એમણે વિદેશી વિદ્વાનોના સમાજશાસ્ત્ર પરત્વેના અનેક મંતવ્યોનું પાંડિત્યપૂર્ણ રીતે ખંડન અને નિરાકરણ કર્યું છે. ગયાં ત્રીસ વર્ષો દરમિયાન એમણે બ્રાહ્મણો, મરાઠાઓ અને રાજપૂતોની ખોપરીઓનું માપન અને નિરીક્ષણો કરીને એમના પારસ્પરિક સંબંધોની ગવેષણા કરી છે. દ. ભારતીય જાતિઓના રક્તનું વિશ્લેષણ અને નિરીક્ષણ કરીને ભારતમાં પરંપરાગત જાતિઓનો પરસ્પરમાં કેવો સંબંધ રહ્યો છે તેની માહિતી મેળવી છે. હિંદુસમાજમાં પારિવારિક સંબંધોને બતાવનાર સંજ્ઞાઓ અને પરિભાષાઓનો તથા જાતીય સંગઠનોનો તથા મહારાષ્ટ્રના કુમ્હારી તથા ધનગર જાતિના લોકોનો સામાજિક તથા નૃવંશીય દૃષ્ટિએ અભ્યાસ કર્યો છે. તે સિવાય, મહારાષ્ટ્ર, કર્ણાટક, ઓરિસ્સા અને તમીળ દેશના લોકજીવનનું તુલનાત્મક અધ્યયન પણ કર્યું છે.

પ્રા. શેજવલકર અને પ્રો. એ. આર. કુલકર્ણીની અધ્યક્ષતામાં મરાઠા ઇતિહાસનો અભિનવ દૃષ્ટિએ અભ્યાસ થઈ રહ્યો છે. મરાઠા ઇતિહાસની સાધનસામગ્રી અહીં પ્રચુર માત્રામાં ઉપલબ્ધ છે. પ્રો. કુલકર્ણી પૂના વિદ્યાપીઠના ઇતિહાસ વિભાગના અધ્યક્ષ પણ છે.

ઉપર સૂચિત વિદ્યાઓના અધ્યયન, અનુશીલન અને અન્વેષણને જોઈને સન ૧૯૫૪માં અમેરિકાના રોકફેલર પ્રતિષ્ઠાને આ કૉલેજને ચાલીસ લાખ રૂપિયાની સહાય આપી હતી. અનેક યુનિવર્સિટીઓ, મહારાષ્ટ્ર અને ભારત સરકાર, વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ અને 'યુનેસ્કો' વગેરે સંસ્થાઓ આ કૉલેજની જ્ઞાનસાધનાથી પ્રસન્ન થઈને લગાતાર આર્થિક મદદ આપતી રહે છે.

ગયા ત્રણ દાયકામાં આ કૉલેજમાં જ્ઞાનોપાસના કરીને ૧૩૫ છાત્રોએ ડૉક્ટરેટની પદવી મેળવી છે. અહીં તાલીમ લઈને અનેક વિદ્વાનો જુદી-જુદી યુનિવર્સિટીઓમાં પ્રાધ્યાપક, સંગ્રહાલયોના સંચાલક કે પુરાતત્ત્વ વિભાગોમાં નિયામક બન્યા છે. યુરોપ, અમેરિકા અને દક્ષિણ પૂર્વ એશિયાના અનેક જિજ્ઞાસુ છાત્રો અહીંની વિવિધ વિદ્યાશાખામાં વિશેષજ્ઞ અને પારંગત બનવા માટે અહીં આવે છે.

કૉલેજ તરફથી ૧૫૦ જેટલા શોધપૂર્ણ પ્રબંધો ને ગ્રંથો પ્રકટ થયા છે. અહીંનાં સંગ્રહાલયો શાળા-મહાશાળાઓના પ્રત્યક્ષજ્ઞાન માટે અતિ ઉપયોગી છે. વળી લોકશિક્ષણ માટે આમ, લોકભોગ્ય શૈલીમાં પત્રિકાઓ ને પુસ્તિકાઓ પણ પ્રસિદ્ધ થાય છે. અહીંનું વિદ્યાનુશીલન અને અન્વેષણ કેવળ વિશિષ્ટ વિદ્વત્સમાજ સુધી સીમિત નથી.

કૉલેજની હમણાં થોડા સમય પૂર્વે ઉજવાએલી ૧૫૦મી જયંતી પ્રસંગે ડૉ. સુમિત્ર કત્રે અને ઇતિહાસવિદ્ મહામહોપાધ્યાય શ્રી દત્તો વામન પોતદારને કૉલેજના ફેલો બનાવવામાં આવ્યા છે.

આમ, ડેક્કન કૉલેજ ખરા અર્થમાં ભારતનું એક અનુપમ વિદ્યાકેન્દ્ર ને સંસ્કૃતિધામ બની રહેલ છે. □

ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

વિભાગ બીજો : ૬—નાટકો

પૂર્વભૂમિકા

પ્રાચીન ગ્રીસનાં તેમજ અન્ય દેશોનાં કૉમેડી તથા ટ્રૅજેડી નાટકોનાં મૂળ ધર્મમાં રહેલાં છે. ધાર્મિક વિધિ વખતે ગવાતાં ગીતોનો, ઇશ્વરી પોશાકમાં સજ્જ નેતા અને વૃંદગાયક વચ્ચેના સંવાદ રૂપે તેમાં વિકાસ થયો. પછી ગીતનો વિસ્તાર સંધાયો, તેમાં કથાનકનાં તત્ત્વો દાખલ થયાં અને સંવાદ રૂપે કોઈક દેવની કથા રજૂ થવા માંડી. નેતા એકમાંથી બે થયા, ગાયકવૃંદ ને પાર્શ્વભૂમિમાં ચાલ્યું ગયું. સોફોકલીઝ (Sophocles)ના સમયથી આ ગાયકવૃંદ (chorus)ને માત્ર 'દ્રષ્ટા' તરીકેની જ કામગીરી રહી. એ પછી યુરીપીડીઝ (Euripides)ના સમયથી ટ્રૅજેડીમાં કાર્ય (action)ની સાથે સંબંધક (કેટલીક વાર અસંબંધક પણ ખરાં) ઊર્મિગીતો અને સંગીતમય ઉદ્‌ગારો પ્રગટ કરનાર માધ્યમ તરીકે તેનો ઉપયોગ થતો રહ્યો.

આ નાટકો મહાન ધાર્મિક ઉત્સવના અંશ રૂપ હતાં. એમાં કથાનકો અમુક જ વિષયનાં બીબાંઢાળ હતાં. નાટક નીરખનારા સામાજિકો એક પ્રકારની અદબ જાળવીને એનું ગૌરવ પ્રમાણતા. ઉત્સવને અનુરૂપ ગાંભીર્ય તે દાખવતા. આ નાટકો વર્તુલાકારે બાંધેલાં પથ્થરનાં વિશાળ ઍમ્ફીથીએટરોમાં (amphitheatres) ભજવાતાં.

ગ્રીક નાટકોએ રોમન ટ્રૅજિક નાટકો માટે નમૂનો પૂરો પાડ્યો. લૅટિનમાં રચાએલાં એ નાટકો દુર્ભાગ્યે આજે પ્રાપ્ત નથી; છતાં વિદ્વાનોએ એ સમયના વિખ્યાત નાટ્યકારોની નોંધ જાળવી રાખી છે, અને સેનેકાનાં ટ્રૅજિક નાટકની પ્રતો પૂર્ણ રૂપે સચવાએલી છે જ. સેનેકાનાં નાટકો સ્પષ્ટરીતે થીએટરોમાં નહિ પણ ખાનગી સભાખંડોમાં ભજવવા માટેનાં (closet plays) હતાં. આ નાટકો melodramatic હતાં. ભયાનક પરિસ્થિતિનાં નિરૂપણવાળાં આ નાટકોમાં ગ્રીક ટ્રૅજિક નાટકની ભવ્યતા નહોતી. કલાદૃષ્ટિએ પણ ઍથેન્સનાં થીએટરોમાં ભજવાતાં નાટકો કરતાં તે ઊણાં ઊતરે તેવાં હતાં. આમ છતાં, અંગ્રેજી કરુણાંત નાટકો પર પ્રભાવ જેટલો ગ્રીક નાટકોનો નહિ તેટલો સેનેકાનાં નાટકોનો પડ્યો—અંશતઃ એના melodramatic અંશોને કારણે, અને અંશતઃ મધ્ય યુગમાં ઈંગ્લૅન્ડમાં ગ્રીક કરતાં લૅટિનનો મહિમા સવિશેષ હતો તે કારણે.

રોમન સામ્રાજ્યના પતન અને 'મિસ્ટરી' નાટકના ઉદયની વચ્ચેના ગાળામાં જેને સાચા સ્વરૂપમાં નાટક કહી શકાય તેવી કોઈ કૃતિ ઉદ્‌ભવી નથી એમ નિકોલ (Nicoll) જેવા વિદ્વાન નિશ્ચિતપણે માને છે. અંગ્રેજી નાટકના આરંભમાં તેના ઉપર જૂનાં રોમન ફારસ, ટેરન્સનાં નાટકોની લોકમાનસમાં જળવાએલી સ્મૃતિ, લોકનાટ્ય વગેરેની અસર પડી હશે. છતાં એ અંગ્રેજી નાટકોનો આત્મા તો 'સ્વદેશી' જ છે. લોકોની શ્રદ્ધામાંથી, લોકો માટે એ નાટકો ઉદ્‌ભવ્યાં અને લોકો માટે ભજવાયાં છે.

ચર્ચનું કર્તૃત્વ

અંગ્રેજી 'મિસ્ટરીઝ'—મિરૅકલ નાટકોની પ્રેરણા અને સામગ્રી ગમે ત્યાંથી ભલે આવી હોય, તેમ છતાં એનું ઉગમસ્થાન ગ્રીક નાટકોની જેમ ધર્મમાં હતું અને દીર્ઘ કાળ પર્યંત એના કર્તૃત્વમાં ચર્ચનો પ્રત્યક્ષ ફાળો હતો. મધ્ય યુગના વિશાળ લોકસમુદાયને સાહિત્ય અથવા તો કળા દ્વારા જે કાંઈ મનોરંજન અને આધ્યાત્મિક ઉત્થાન પૂરાં પાડી શકાય તે પૂરાં પાડવા માટે ચર્ચની ઉત્સુકતા હતી. બાઈબલના સ્થાનિક ભાષાના અનુવાદ સુલભ ન હતા તેવા એ સમયમાં ધર્માધિકારીઓએ અભણ પ્રજા સમક્ષ બાઈબલના કથાપ્રસંગો દૃશ્ય રૂપે રજૂ કરવામાં અનુકૂળતા જોઈ. મધ્ય યુગની પ્રજાને માટે ચર્ચ જ સર્વેસર્વા હતું. ધર્મગુરુઓમાં ભ્રષ્ટાચાર, દંભ વગેરે હોવા છતાં લોકો પર ચર્ચની મોહિની હતી. એ વિશાળ પ્રજા માટે મિલનસ્થાન હતું, શિક્ષણનું અને કલાનું કેન્દ્ર હતું. એ યુગમાં ભલે ધર્મ સ્થૂલ આચારોમાં જ સમાઈ જતો હતો છતાં લોકોને તેમાં રહસ્ય અને ગાંભીર્ય જણાતાં. ધર્મની અને ધર્મસંસ્થાની તેઓ અદબ જાળવતા; અને ધર્મગુરુઓને પણ, પ્રજા જો ધર્મજ્ઞાન સાથે મનોરંજન મેળવે તો તેમાં કશો બાધ નહોતો. નાતાલના તહેવારોમાં કે ઈસ્ટરના દિવસે ધર્મ અને મનોરંજનના બેવડા પ્રયોજનથી દેવળમાં નાટ્યપ્રવૃતિ રજૂ કરવામાં આવતી, એનું સમગ્ર સંચાલન ધર્મગુરુઓના હાથમાં રહેતું.

'માસ' (Mass) નામે જાણીતો સંગીતમય ધાર્મિકોત્સવ આ નાટ્યપ્રવૃત્તિની દિશામાં પહેલો નિર્દેશ કરે છે. ઈસુના જીવનની પ્રભાવક ઘટનાઓ આ ધાર્મિક ઉત્સવ પ્રસંગે છટાથી સુમધુર રીતે રજૂ કરવામાં આવતી. નવમી સદીથી કેટલાક લેખકોએ આ પ્રાર્થના-સંગીતમાં થોડાક કાવ્યમય ખંડો દાખલ કર્યા અને એમાંથી ક્રમશઃ નાટ્યસ્વરૂપ બંધાવા માંડ્યું. લેખકોએ દાખલ કરેલા વધારાના પાઠ ધીરેધીરે ધાર્મિક વિધિમાંથી છૂટા પડી સ્વતંત્ર રૂપે રજૂ થવા માંડ્યા. આ પ્રકારના નાટ્યરૂપમાંથી ધાર્મિક રૂપકોની (miracle and mystery plays) દિશામાં ગતિ દર્શાવનારાં કેટલાંક સોપાન મહત્ત્વનાં છે. સૌપ્રથમ તો લૅટિન નાટ્યખંડો (playlets)માં સંવાદનો વિકાસ થયો અને કાર્યવેગ (action) દાખલ થયો. પછી લૅટિન પદ્યમાં વચ્ચે વચ્ચે માતૃભાષા પ્રવેશવા માંડી. ત્રીજા તબક્કામાં ચર્ચની ચાર દીવાલોમાં જ માતૃભાષામાં નાટકો રચાવા માંડ્યાં. આવા નાટ્યખંડોમાં વિષયવસ્તુ નવીનતાની ચમક વિનાનું ચીલાચાલુ હોવાને કારણે નીરસ નીવડતું. એની રજૂઆતનો સમગ્ર દોર ધર્મસંસ્થાઓના હાથમાં જ રહેતો. આ નાટકોમાં ધર્મનિષ્ઠાવાળા સેવકો તથા દેવળમાં સમૂહ સંગીતપ્રાર્થના ગાનારા કિશોરો (choir boys) ભાગ લેતા. નાટ્ય-પ્રવૃત્તિમાં પ્રગતિ માટે એ નાટકો બિનસાંપ્રદાયિક બને ને ચર્ચની ચાર દીવાલોની બહાર નીકળે એ જરૂરી હતું.

ધાર્મિક રૂપકો (ધ મિસ્ટરી ઍન્ડ મિરૅકલ પ્લેઈઝ)

નાટ્યરૂપકો જ્યાં સુધી ચર્ચના આંતરિક વિસ્તારમાં ભજવાતાં રહ્યાં ત્યાં સુધી એ શુદ્ધ ધર્મપ્રચારલક્ષી જ બની રહ્યાં. એમાં ધર્મેતર તત્ત્વોને પ્રવેશવાનો ત્યારે અવકાશ જ ન હતો. પણ કેટલાક સંજોગોએ નાટ્યકલાના વિકાસ માટે સુવિધા કરી આપી. એક તો, દેવળમાં રજૂ થતાં એ નાટકો અભણ પ્રજા માટે અમૂલ્ય મનોરંજનનું મુખ્ય સાધન હતું. એનો લાભ લેવા થોકેથોક લોક ઊમટતા. પ્રેક્ષકોની સંખ્યા વધતી ગઈ તેમ દેવળનો વિસ્તાર સાંકડો લાગવા માંડ્યો. પરિણામે નાટકો હવે દેવળની ચાર દીવાલોમાંથી નીકળી દેવળની આસપાસ ચોગાનમાં ભજવાવા માંડ્યાં. આ સ્થાનાંતર અને માતૃભાષાના માધ્યમે નાટ્યવિકાસની ગતિ વધારી મૂકી. નાટ્યસંચાલનનો દોર ધર્માધિકારીઓના હાથમાંથી સરકવા માંડ્યો. એમને એની ચિંતા થવા માંડી. એમણે નાટ્યપ્રવૃત્તિના વેગને રોકવાનો પ્રયત્ન કરી જોયો, પણ એમના હાથમાંથી દોર છૂટી જ ગયો હતો. એથી તેમણે હવે દેવળના પાદરીઓને તેમજ અન્ય સેવકોને નાટકમાં ભાગ લેવાની મનાઈ ફરમાવી. સર્વોચ્ચ ધર્માધિકારીઓનો અંતરાત્મા વ્યાકુળ બની ગયો હતો. રૉબર્ટ મૅનિંગ (Robert Mannyng)ના 'હેન્ડલિંગ સિન'માં (Handlyng Synne)માં આ સંદર્ભમાં જાહેરાત મળે છે : 'આ ફરમાન દ્વારા ધર્મગુરુને મિરૅકલ પ્લે-નાટ્યરૂપક-જોવાની મનાઈ કરવામાં આવે છે; કારણ આ

પ્રકારનાં રૂપકો જલસા જેવાં ને પાપરૂપ બની ગયાં છે. દેવળના સેવકો Resurrection—'નવો અવતાર'—ભજવી શકશે, પણ તે ચર્ચની ચાર દીવાલોની અંદર જ. જો એ રૂપક રસ્તા પર અથવા ગામની ભૂમિ ઉપર ભજવાય તો તે પાપરૂપ બની જાય છે. ('બ્રિટિશ ડ્રામા'—એ. નિકોલ, પૃ. ૨૪ની પાદટીપ).

ધર્મસત્તાધીશોના આ મનાઈ હુકમથી નાટ્યપ્રવૃત્તિનો વિકાસ અટક્યો નહિ; ઊલટું સમગ્ર નાટ્યપ્રવૃત્તિ ભવિષ્યમાં જેમના હાથે વિકસવાની હતી તેવાં મંડળોના હાથમાં આવી પડી. શહેરના સંઘોએ (Town guilds) તેના સંચાલનનો દોર હાથમાં લીધો અને સોળમા સૈકા સુધી આ પ્રણાલી ચાલી. મિરૅકલ અને મિસ્ટરી બંને પ્રકારનાં રૂપકો હવે વિકસવા માંડ્યાં. અહીં આ બે પ્રકારનાં નાટ્યરૂપકો વચ્ચેની સૂક્ષ્મ ભેદરેખા સમજી લેવી જોઇએ. મિરૅકલપ્લેઇઝમાં સંતોનાં જીવનનો ચિતાર રજૂ થતો; અને મિસ્ટરીઝમાં બાઈબલમાંથી પસંદ કરેલા પ્રસંગોની નાટ્યાત્મક રજૂઆત થતી. પણ ઈંગ્લૅન્ડમાં આ બંને પર્યાય 'ધાર્મિક રૂપકો' માટે પ્રયોજાતા હતા.

આ રૂપકોનાં મૂળ તો દેવળમાં ધર્મવિધિ સમયે ઉચ્ચારાતા સંવાદમાં. ધીમેધીમે એમાંથી નાટ્યરૂપ વિકસ્યું અને ચૌદમા સૈકામાં તેનાં ફળ આવવા માંડયાં. કૉર્પસ ક્રિસ્ટી (Corpus Christi)ના ધાર્મિક તહેવારોમાં આદમની ઉત્પત્તિથી માંડીને ઈસુના નવા અવતાર (Resurrection) સુધીની સૃષ્ટિકથાનું નાટ્યચક્ર જનસમૂહ સમક્ષ રજૂ કરવામાં આવતું. આ નાટકો જ્યારે ચર્ચમાં ભજવાતાં ત્યારે ત્યાં ઊંચાં પ્લૅટફૉર્મ તૈયાર કરવામાં આવતાં. પણ ચર્ચની દીવાલોની બહાર નીકળીને આ નાટકો વિકસ્યાં ત્યારે, તેમની ભજવણી માટે બાંધેલાં થીએટર તો નહોતાં એટલે, પૈડાં ઉપર રંગભૂમિ રચાતી અને શહેરના વિવિધ વિસ્તારોમાં આવી પૈડાં–રંગભૂમિ જરૂરિયાત પ્રમાણે ખસેડવામાં આવતી! કેટલીક વાર સમયની કસર કરવા માટે આવી રંગભૂમિ પર એક સાથે અનેક રૂપકો ભજવાતાં.[૧] કાચીપાકી stage effect પણ જળવાતી. 'નોઆનું વહાણ' ભજવાતું હોય તો વહાણનો આકાર ઉપસાવવા માટે દિગ્દર્શકો પ્રયત્નશીલ રહેતા. એ યુગમાં sceneryનો વિકાસ તો શાનો હોય? સમ ખાવા પૂરતી કોઈ નાટકમાં અણઘડ સીનરી હોય તે ખરી. વેશભૂષા ભલે સાવ પ્રાથમિક અવસ્થાની અને વધુપડતી ભભકવાળી હોવા છતાં નાટકોના મહત્ત્વના અંગ રૂપ હતી. નાટ્ય-રૂપકોમાં ભાગ ભજવનારાં મોટે ભાગે શિખાઉ હતાં. જુદાજુદા વ્યવસાયોમાં કામ કરનારાં એ સ્ત્રીપુરુષો ઘડીભર કામરોજગાર બાજુએ મૂકીને નાટકોમાં ભાગ લેવા આવતાં. આ કામ માટે તેમને મહેનતાણું મળતું, પણ તેમને ધંધાદારી નટ ગણવામાં આવતાં નહોતાં. ફૉસન (Fawson) નામના એક જણને જુડાસ (Judas)ને ફાંસી આપવાના કાર્યના અભિનય માટે ચાર પેન્સ અને કૂકડો બોલાવવા માટે ચાર પેન્સ મળ્યા હતા; દેવનું પાત્ર ભજવવા માટે એક વ્યક્તિને ત્રણ શિલિંગ અને ચાર પેન્સ ચૂકવવામાં આવ્યા હતા—એવા લેખિત પુરાવા પ્રાપ્ત છે.

નાટક નીરખનારો સામાજિકોનો સમુદાય પણ શોખીન અને શ્રદ્ધાવાન હતો. પણ ધીમેધીમે નાટ્ય રૂપકોનાં ધાર્મિક વળગણોથી કંટાળીને મનોરંજનના માર્ગ તરફ તેમની રુચિ વાળવા માંડી. એક તરફ કટાક્ષયુક્ત Fabliaux દ્વારા અને પાછળથી નાટ્યરૂપકો સાથે વધારાના એક ટુકડા રૂપે ભજવાતા Interlude દ્વારા તેમની મનોરંજનની વૃત્તિને માર્ગ જડી રહ્યો. આ નાટ્યખંડોમાં ધાર્મિકતાનાં વળગણો ધૂળધાણી થઈ ગયાં. નાટ્ય રૂપકોમાંથી ધાર્મિકતા ઓસરવા માંડી, સંયમ ગયો અને સ્વચ્છંદ મહાલવા માંડ્યો. નાટ્યરૂપકોમાં એ જમાનામાં આકાર અથવા સ્વરૂપ–Form–નો ખયાલ તો હોય જ ક્યાંથી? કેટલી યે વાર નાટ્યરૂપકોમાં એક તરફ ભવ્યતાની સીમાએ પહોંચતા સંવાદ—વાર્તાલાપ—ચાલતા હોય અને એની સાથોસાથ છીછરા હાસ્યના ઉદ્ગારો પણ રજૂ થતા હોય એમ બનતું. ભક્તિ અને જ્ઞાનના બોધક ઉદ્ગારોની જોડાજોડ અશ્લીલતાની, વ્યભિચારની વાત—ગૌણકથા—વણી લેવાતી હોય એમ પણ બનતું; ઊર્મિલ પ્રાર્થનાની સાથે અણઘડ મજાકના પ્રસંગ પણ દાખલ થઈ જતા. આમ, ધર્મતત્ત્વની સાથેસાથે મનોરંજનનું તત્ત્વ પણ ભળી જતું.

ધાર્મિક નાટ્યવસ્તુમાં લેખકોને છૂટછાટ લેવાનો બહુ અવકાશ ન રહેતો. ધર્મકથાઓ શ્રોતાવૃંદમાં જાણીતી હોય, પાત્રો પણ તેમનાં પરિચિત હોય, એટલે લેખકની કલમ પર અંકુશ આપોઆપ મુકાઈ જતો; તેમ છતાં સ્થૂલ હાસ્યરસિક નાટ્યવસ્તુમાં તેમની મૌલિક શક્તિ સારી પેઠે ખીલી ઊઠતી જણાય છે. કેટલીક વાર તો કૃતિના ધર્મતત્ત્વને હાનિ ન પહોંચે તેવી રીતે તેમાં હાસ્યપ્રવાહ ગૂંથી લેવાની કલાસૂઝ લેખકોએ દાખવી હોય તેવાં દૃષ્ટાંતો પણ—Noah's Arc, (નોઆનું વહાણ) Secunda Pastorum (બેક ભરવાડ વિષેનું રૂપક) જેવાં રૂપકોમાં મળે છે.

સમગ્રપણે આ રૂપકો વિષે એમ કહી શકાય કે નાટ્યસ્વરૂપ સિદ્ધ કરવાની કોઈ સૂઝ તેમાં દેખાતી નથી. સાહિત્યિક ગુણવત્તાનો પણ મહદંશે અભાવ વરતાય છે. તેમ છતાં આ રૂપકોમાં પડેલાં નાટ્યબીજ શેક્સપીઅર ને તેના સમકાલીનો પરિપક્વ ફળ રૂપે પ્રગટ થાય છે એ તેની વિશિષ્ટતા છે. તદુપરાંત આ રૂપકોમાં ક્યાંક તાજગીભર્યા તરંગ, મઝાનું હાસ્ય, સામગ્રીની અનેરી રજૂઆત અને અવારનવાર હાસ્ય અને કરુણ વિષેની સમજદારી—આ બધા અંશ રૂપકોના જમાપક્ષે ગણાય. (ચાલુ)

૧ એક સમકાલીનની નોંધ પ્રમાણે આ રંગભૂમિનો આકાર અનેક ખંડવાળા મકાન જેવો હતો. નીચેના ભાગમાં નટો વેશભૂષા સજતા અને ઉપરના મજલે નાટક ભજવાતાં. છ પૈડાં ઉપર આ ઈમારત ખડી થતી. These pageants were in the shape of 'a highe place made like a howse with ij rowmes, being open on y tope: the lower rowme they apparelled and dressed themselves; and in the higher rowme they played; and they stood upon 6 wheels. (British Drama, 1955. Allardyce Nicoll P. 25-26.)

સંગીત-સમજ ૨૪

સાધુરામ ન્યા. ચોધ

રાગ તિલંગ

ઓડવ કોમલ મ નિ જહાં, ધૈવત રિખબ ન હોઈ;
ગ નિ વાદી-સંવાદી તે રાગ તિલંગ કહોઈ.

તિલંગ રાગ પણ ખમાજ થાટનો જ રાગ હોઈ ઉઠાવ ને ચલનમાં અમુક અંશે ખમાજ રાગ જેવો જ લાગે છે. પણ ખમાજના આરોહમાં ઋષભ સ્વર વર્જ્ય હોઈ એ ષાડવ-સંપૂર્ણ રાગ છે. જ્યારે તિલંગમાં ઋષભ અને ધૈવત વર્જ્ય હોઈ એ ઔડુવ-ઔડુવ જાતિનો રાગ છે.

નિ સા ગ મ પ નિ સાં, સાં નિ પ મ ગ સા—આ સ્વરો તિલંગને તુરંત સ્પષ્ટ કરે છે. તિલંગ રાત્રિના બીજા પ્રહરના અંતમાં ગવાય છે. એનો વાદી સ્વર ગાંધાર અને સંવાદી નિષાદ છે. મંદ્ર કે મધ્ય સપ્તકમાં બહેલાવવાને બદલે ગાયકો ગ મ પ નિ સાં, સાં નિ પ ગ મ ગ-એ સ્વરો લઈ ને તિલંગને ઉત્તરાંગમાં બહેલાવીને એમાં ખમાજનો આભાસ થવા દેતા નથી. નિ પ ગ એ સ્વરસંગતિ તિલંગ રાગની વાચક છે. આજકાલ ગાયક અવરોહમાં ક્યારેક ઋષભ સ્વર પણ લે છે.

તિલંગના આરોહ-અવરોહ : સા ગ મ પ નિ સાં, સાં નિ પ, મ ગ સા

ચલન : નિ સા ગ મ પ, નિ પ, સાં નિ પ ગ મ ગ, પ ગ, મ ગ સા.

નિ સાં, નિ પ, સાં નિ પ, ગં મં ગં, ગં મં ગં સાં, સાં નિ પ, ગ મ ગ, પ ગ મ ગ, સા.

સ્વ. અબ્દુલ કરીમખાં સાહેબની 'સજન તુમ કાહેકો નેહા લગાય' એ ઠુમરી, સ્વ. સવાઈ ગાંધર્વની 'જાઓ જાઓ મધુબન મેં' તથા સ્વ. પં. ઓમકારનાથની 'નનદીયા કૈસે નીર ભરું' તિલંગનાં સુંદર ઉદાહરણો છે.

ભારતના એક અનુપમ વિદ્યાકેન્દ્ર અને સંસ્કૃતિધામ

ડેક્કન કૉલેજની દોઢસો વર્ષની કારકિર્દીનો પરિચય


લેખક • શંકરદેવ વિદ્યાલંકાર

જીવનના વિવિધ ક્ષેત્રોમાં અદ્ભુત સિદ્ધિઓ અને સુયશ પ્રાપ્ત કરનાર અનેક મહાપ્રાણ મનીષીઓની વિદ્યાસ્થલી થવાનું જેને ગૌરવ છે એ, દક્ષિણ-પશ્ચિમ ભારતની સૌથી જૂની અને સુપ્રતિષ્ઠિત શિક્ષણસંસ્થા, પૂનાની 'ડેક્કન કૉલેજ'ની સ્થાપના અને દોઢ સદી ઉપરની એની કારકિર્દી, અનેક રીતે નોંધનીય છે. ત્રિખંડ ખ્યાત પંડિત ડૉ. રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર, મરાઠી ભાષાના શિવાજી શ્રી વિષ્ણુ શાસ્ત્રી ચિપળુણકર, લોકમાન્ય બાલ ગંગાધર ટિળક, પ્રિન્સિપલ ગોપાળ ગણેશ આગરકર, ઇતિહાસાચાર્ય વિશ્વનાથ કાશીનાથ રાજવાડે, મહારાષ્ટ્રના વાગીશ્વર શિવરામ પંત પરાંજપે, સાહિત્ય-સમ્રાટ શ્રી નરસિંહ ચિંતામણિ કેળકર, નવલકથાપ્રવીણ હરિનારાયણ આપ્ટે, નાટ્યલેખક કાકા ખાડિલકર, સંસ્કૃત-મનીષી ડૉ. શ્રીપાદ કૃષ્ણ બેલવેલકર, નાટ્યકાર રામ ગણેશ ગડકરી ઈત્યાદિ અનેક મહાનુભાવોના ઘડતરમાં આ સંસ્થાનો ફાળો છે.


ઈ. ૧૮૧૮માં મહારાષ્ટ્રના શાસનનો દોર ઈસ્ટ ઇંડિયા કંપનીને હાથ આવ્યો એ પહેલાંની પેશવાઈમાં દર શ્રાવણ માસમાં વિદ્વાન બ્રાહ્મણો, પંડિતો, શાસ્ત્રીઓ અને વેદપાઠીઓને પૂજા-દક્ષિણા—ઑનરેરિયમ આપવાની એક પ્રથા હતી. યોગ્યતાનુસાર સોથી માંડી હજાર રૂપિયા સુધીની એ દક્ષિણા સારુ પેશ્વાઓએ એક સુરક્ષિત નિધિની વ્યવસ્થા રાખી હતી.

શાસનાધિકાર અંગ્રેજોના હાથમાં આવતાં એ દક્ષિણા અપાવી તો બંધ થઈ, પણ એ માટેના નિધિને કેળવણીના પ્રસારમાં વાપરવાનો નિર્ણય લેવાયો અને તદનુસાર ઈ. ૧૮૨૧માં લૉર્ડ એલ્ફિન્સ્ટને પૂનામાં પેશ્વાઓના નિવાસસ્થાન વિશ્રામબાગ-વાડામાં સંસ્કૃત વિદ્યા-મંદિરની સ્થાપના કરી. સંસ્કૃત સાહિત્યના વિવિધ અંગોના અભ્યાસ ઉપરાંત હિંદુ કાયદાશાસ્ત્ર અને ગણિતની પણ ત્યાં તાલીમ અપાતી. આજની ડેક્કન કૉલેજની એ પૂર્વ ભૂમિકા હતી. સમય જતાં ત્યાં મરાઠી ભાષાનું અધ્યાપન પણ શરૂ થયું. નાશિક અને વાઇક્ષેત્રમાં પણ આવાં જ વિદ્યામંદિરો સ્થાપવાની વિચારણા હતી, પરંતુ અનેક કારણોસર એ બની ન શક્યું.

ભારતમાં યુરોપીય જ્ઞાનવિજ્ઞાન અને યંત્રયુગના પ્રવેશનો એ સમય હતો. મુદ્રણકલા, ટપાલ-વ્યવસ્થા અને વર્તમાનપત્રોનું પ્રવર્તન થઈ રહ્યું હતું. યુરોપીય વાઙ્મય—કાવ્ય, નાટક, તત્ત્વજ્ઞાન વગેરે નવશિક્ષિત લોકોનું આકર્ષણ બન્યાં હતાં. પરિણામે સંસ્કૃત વ્યાકરણ, સાહિત્ય, દર્શન, જ્યોતિષ વગેરે પ્રતિ લોકોની રુચિ ઘટતી જતી હતી. ઈ. ૧૮૪૦માં સલાહકાર મંડળના રૂપમાં બોર્ડ ઑવ એડ્યુકેશનનું નિર્માણ થયું. જેમાં ચાર અંગ્રેજ અમલદારો ઉપરાંત સર્વશ્રી જમશેદ જીજીભાઈ, જગન્નાથ શંકર શેઠ, મહમ્મદ ઈબ્રાહિમ વગેરે જેવા મુંબાઈના અગ્રગણ્ય નાગરિકો પણ



પુરાતત્ત્વ વિદ્યાશાખાનું ભવન



ડેક્કન કૉલેજનું મુખ્ય ભવન–૧૮૬૪ થી ૧૯૬૮

હતા. ઈ. ૧૮૪૨માં આ સંસ્કૃત વિદ્યામંદિરમાં અંગ્રેજી ભાષાના શિક્ષણનું પણ ઉમેરણ થયું અને સંસ્થાનું નામ 'પૂના કૉલેજ' રાખવામાં આવ્યું.

ત્રણ દાયકાના અનુભવ પછી શાસનની સગવડ માટે અમલદારો, અને કારકુનો વગેરે તૈયાર કરવા માટે ભારતીય સાહિત્યના શિક્ષણના બદલે યુરોપીય શિક્ષણની આવશ્યકતા વરતાવા લાગી અને એ માટે રાજકર્તાઓને અંગ્રેજી સ્કૂલ-કૉલેજો ખોલવાની જરૂરત જણાવા લાગી.

બીજી બાજુ ધની-માની સમાજહિતૈષી આગેવાનો સાર્વજનિક કલ્યાણની દૃષ્ટિએ મુંબાઈમાં જે. જે. ઑસ્પિટલ, જે. જે. કલાવિદ્યાલય, ડેક્કન વર્નાક્યુલર સોસાએટી, નેટિવ એડ્યુકેશન સોસાએટી વગેરે સંસ્થાઓ સ્થાપી ચૂક્યા હતા. આ સંસ્થાઓમાં પ્રથમ ભારતીય જ્ઞાન-વિજ્ઞાનની તાલીમ આપ્યા બાદ યુરોપીય વિદ્યાનું શિક્ષણ આપવાનો એક મત પણ પ્રચલિત હતો. પણ દેશી પદ્ધતિના વૈદ્યો, સ્થપતિઓ, ચિત્રકારો, શિલ્પીઓ અને અન્ય કારીગરોને અંગ્રેજી ભાષાનું એટલું જ્ઞાન નહોતું કે તેઓ યુરોપીય શિક્ષણ-પદ્ધતિની સ્પર્ધામાં પોતાનાં વિદ્યા-કૌશલની તાલીમ આપી શકે. વળી, યુરોપીય શિક્ષણ જાત-સંપ્રદાયના ભેદભાવ વિના સૌને માટે ખુલ્લું હતું એટલે પણ એનો લોકોને વધુ મોહ રહેતો. પરિણામે, ધીમેધીમે સ્વદેશી સંસ્કૃતિ ને શિક્ષણની ઉપેક્ષા વધતી ગઈ. ૧૮૨૦ થી ૧૮૭૦ સુધી ધીરેધીરે આ પરિવર્તન ચાલતું રહ્યું. ૧૮૬૨માં મુંબાઈ, કલકત્તા અને મદ્રાસ ઈલાકાઓમાં વરિષ્ઠ ન્યાયાલયો સ્થપાતાં અંગ્રેજી અમલ વધુ દૃઢ થતો ગયો. પણ શાસનનો મોટો ભાગ હજી સુધી લશ્કરી અમલદારોના હાથમાં હતો.

ઈ. ૧૮૫૧માં મેજર ટૉમસ કેન્ડીને પૂના કૉલેજના પ્રિન્સિપલ બનાવવામાં આવ્યા. કૉલેજોમાં વિદ્યાર્થીઓ મળી રહે એ માટે નવી પદ્ધતિની સ્કૂલો અને હાઈસ્કૂલો સ્થપાવા લાગી. ઈ. ૧૮૫૫માં બધા પ્રાંતોમાં શિક્ષણસંસ્થાઓનાં નિરીક્ષણ અને માર્ગદર્શન માટે 'ડાયરેક્ટર ઑવ પબ્લિક ઇન્સ્ટ્રક્શન' નિયુક્ત થવા લાગ્યા. આ જ અરસામાં કલકત્તા, મુંબાઈ અને મદ્રાસમાં લંડન યુનિવર્સિટીના નમૂના પ્રમાણે વિશ્વવિદ્યાલયોની સ્થાપના થઈ. આ બધી પાર્શ્વભૂમિકાઓ અને પરિવર્તનોને લક્ષમાં રાખીને વિચારીએ તો સંસ્કૃત કૉલેજના સ્થાન પર પૂના કૉલેજની સ્થાપનાની ઉપયોગિતા સહેજે સમજી શકાશે.

સન ૧૮૫૭માં, 'લાઈટ ઑવ એશિયા' કાવ્યના સુવિખ્યાત કવિ સર એડવિન આર્નોલ્ડ કૉલેજના પ્રિન્સિપલ બન્યા. હિન્દી પ્રજાના શિક્ષણનો ભાર હિંદી સંસ્થાઓએ ઉપાડવો જોઈએ એવો એમનો એક ખયાલ હતો. દેશી રાજ્યો અને સ્થિતિસંપન્ન વર્ગના વિદ્યાર્થીઓ જો આવતા થાય તો એ વર્ગનું વલણ કૉલેજની પ્રગતિ પ્રતિ વાળી શકાય અને એ રીતે આર્થિક સહાય મેળવવી સરળ બને. એમનો આ વિચાર ફલપ્રદ બન્યો. વળી, મુંબાઈ યુનિવર્સિટી સાથે પણ આ કૉલેજનું

જોડાણ કર્યું, છતાં ૧૮૫૮-'૫૯માં જ્યાં ૪૨ વિદ્યાર્થીઓ હતા તે વધીને ૧૮૮૨-'૮૩માં માત્ર ૧૫૦ થયા. આટલા વિદ્યાર્થીઓ માટે પ્રાધ્યાપકોની સંખ્યા જરૂર કરતાં વધુ હતી. પ્રત્યેક છાત્ર પાસેથી ત્યારે માસિક પાંચ રૂપિયા ટ્યૂશન ફી લેવાતી. જમાઉધાર પ્રત્યે ખાસ લક્ષ આપતી સરકારે હિસાબ કરીને જોયું કે દરેક વિદ્યાર્થી દીઠ ૩૪૧ રૂપિયાનો ખર્ચ કૉલેજને ભોગવવો પડતો હતો. અહીં સહેજે પ્રશ્ન થાય કે પેશ્વાઈ દક્ષિણા સારી હતી કે અંગ્રેજી શાસનના સાહેબી ખર્ચા? પણ ઓગણીસમી સદીમાં મહારાષ્ટ્ર, ગુજરાત અને કર્ણાટકના જૂની પેઢીના અનેક શિષ્ટ, વરિષ્ઠ અને યશસ્વી પુરુષોને આ નવીન વિદ્યાધામમાં તાલીમ અને દીક્ષા પામવાનો સુયોગ મળ્યો હતો.

બીજી બાજુ ચિપળૂણકર, ટિળક, આગરકર, નામજોષી વગેરે જેવા પૂનાના કેટલાક દેશભક્તોએ ૧૮૮૪માં એક નવી રાષ્ટ્રીય કૉલેજની સ્થાપના કરી હતી. મુંબાઈ પ્રાંતના ત્યારના ગવર્નર ફર્ગ્યુસન સાહેબના નામ પરથી એ કૉલેજનું નામ 'ફર્ગ્યુસન કૉલેજ' રાખેલું. ગવર્નરની પણ આ કૉલેજ પ્રત્યે સારી પ્રીતિ અને સહાનુભૂતિ હતી. મહારાષ્ટ્રી પાઘડીધારી બ્રાહ્મણો દ્વારા સંચાલિત આ નવી કૉલેજને લોકો વિનોદમાં 'ભટ્ટજી કૉલેજ' કહેતા. આ કૉલેજના પ્રથમ પ્રિન્સિપલ હતા છવ્વીસ વર્ષના એક પ્રતિભાવંત યુવાન શ્રી વામન શિવરામ આપ્ટે. પોતાના સંસ્કૃત શબ્દકોષ દ્વારા એમણે સાર્વભૌમ યશ મેળવ્યો હતો. એમના પછી તત્ત્વચિંતક શ્રી આગરકરે એનું આચાર્યપદ સંભાળ્યું હતું.

સન ૧૮૯૧માં પૂના કૉલેજના આચાર્યપદે યશસ્વી આંગ્લકવિ વર્ડ્ઝવર્થના પૌત્ર વિલિયમ વર્ડ્ઝવર્થ આવ્યા. કૉલેજ હવે વિશ્રામબાગ-વાડાથી વાનખડીના મેદાનમાં લશ્કરી છાવણીનાં મકાનોમાં આવી. પૂના શહેરથી લગભગ દોઢસો વિદ્યાર્થીઓને ત્રણચાર માઈલ દૂર અહીં ભણવા આવવું પડતું. આ સ્થળાંતરનું કારણ સ્પષ્ટ હતું—અંગ્રેજ પ્રિન્સિપલને પૂના શહેરની ભીડભાડમાં રહેવાનું પસંદ નહોતું. એ જમાનો જ એવો હતો કે સાહેબોની ઇચ્છા ત્યારે સર્વોપરિ મનાતી.

આ અગવડો જોઈને દેશપ્રેમી ધનપતિ સર જમશેદજી જીજીભાઈએ કૉલેજની સ્વતંત્ર ઈમારત માટે સવા લાખ રૂપિયાનું દાન આપીને એક શાનદાર ઈમારત ઊભી કરાવી. અને એને નવું નામ અપાયું 'ડેક્કન કૉલેજ.'

એ કાળે કૉલેજના વ્યવસ્થાપકો, આચાર્યો અને અધ્યાપકો ઘણે ભાગે યુરોપથી બોલાવાતા હતા. વિદ્યાર્થીઓમાં પણ સરદારો, ઠાકુરો ને સંપન્ન ગૃહસ્થના નબીરાઓ વધુ પ્રમાણમાં હતા. કૉલેજના વિશાળ ક્રિડાંગણમાં ક્રિકેટ, ફૂટબૉલ, હૉકી, ટેનિસ વગેરે મેદાની રમતોની સંપૂર્ણ સગવડો હતી. બોટિંગની પણ વ્યવસ્થા હતી. એથી ડેક્કન કૉલેજ શાહી કૉલેજ ગણાતી. આરંભથી જ અહીં વિખ્યાત વિદ્વાનો, શિક્ષણશાસ્ત્રીઓ, પ્રશાસકો અને વહીવટદારોનો એને લાભ મળતો રહ્યો હતો. જેમાં મેજર ટૉમસ કેન્ડી (પ્રથમ આચાર્ય), સર એડિવન આર્નોલ્ડ (દ્વિતીય આચાર્ય), વિલિયમ વર્ડ્ઝવર્થ (ચોથા આચાર્ય), માર્ટિન હૉગ (સંસ્કૃત અને ફારસી ભાષાના નિષ્ણાત), દસ્તૂર હોરાંગ (ઈરાની ભાષાવિશેષજ્ઞ), ડૉ. કીલહૉર્ન (સંસ્કૃતજ્ઞ), ડૉ. ભાંડારકર (ઇતિહાસાચાર્ય અને પુરાવિદ્), કેરોનાના છત્રે (ગણિતશાસ્ત્ર વિશારદ), એસ. બી. સેલ્બી (પ્રસિદ્ધ પ્રશાસક), એફ. ડબ્લ્યુ. બેઈન (સાહિત્યકાર) અને ઈ. એ. વૂડહાઉસ (પ્રિન્સિપલ) વગેરેનાં નામ ઉલ્લેખનીય છે.

એ દિવસોમાં ડેક્કન કૉલેજે એક બહુ મહત્ત્વનું કાર્ય કર્યું હતું. ડૉ. ભાંડારકર, જ્યૉર્જ બ્યુહલર અને જર્મન વિદ્વાન ડૉ. કીલહૉર્ને વિવિધ પ્રદેશોમાં ફરીફરીને લગભગ વીસેક હજાર જેટલા મૂલ્યવાન પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોનો સંગ્રહ કર્યો હતો. આ ગ્રંથોમાંથી જ મુંબાઈ સરકારની 'સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથમાળા'નું સંપાદન અને પ્રકાશન શક્ય બન્યું. આગળ જતાં પૂનાના વિખ્યાત શોધપ્રતિષ્ઠાન 'ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિર'ની સ્થાપના થતાં આ સમસ્ત ગ્રંથસંગ્રહ એ નવી સંસ્થાને સોંપાયો. વળી, મરાઠા ઇતિહાસના વિશેષજ્ઞ રાયબહાદુર દત્તાત્રેય બળવંત પારસનીસનો કિંમતી ગ્રંથસંગ્રહ પણ ઈ. ૧૯૨૫માં ડેક્કન કૉલેજને પ્રાપ્ત થયો. એમાં ઐતિહાસિક પત્રો અને ચિત્રોનો મોટો સંગ્રહ હતો જે શોધકાર્ય માટે બહુ ઉપયોગી બની રહ્યો. મરાઠા ઇતિહાસના બીજા પ્રકાંડ પંડિત ગોવિંદ સખારામ સરદેસાઈ–રિયાસતકારના ઐતિહાસિક કાગળોનો સંપૂર્ણ સંગ્રહ પણ ડેક્કન કૉલેજના જ અધિકારમાં છે.

ભારતમાં ગાંધીજીના આગમન પછી રાષ્ટ્રીય જાગૃતિ અને રાષ્ટ્રીય શિક્ષણની ભાવના વેગવંત બનતાં પૂનાની બીજી અનેક ખાનગી શિક્ષણસંસ્થાઓ વધુ લોકપ્રિયતા પામી. તેમાં વિદ્યાર્થીઓની સંખ્યા હજારો સુધી પહોંચી ગઈ. એ વખતે સરકારે કૉલેજના પ્રથમ ભારતીય આચાર્ય તરીકે ડૉ. ભાંડારકરની નિમણૂક કરી. પણ શાહી ઠાઠથી ચાલતી ને મુઠ્ઠીભર વિદ્યાર્થીઓને ભણાવતી આ કૉલેજના ખર્ચને ઉપાડવાનું સરકાર માટે અસહ્ય બની જતાં એ ચિંતાપૂર્ણ અવસ્થામાં ઈ. ૧૯૩૩માં સરકારે આ કૉલેજ બંધ કરી દીધી.

પણ સાહિત્યસમ્રાટ કેળકર, પ્રા. બેલવેલકર, એ. બી. લઠ્ઠે, ડી. ડી. કાપડિયા, એસ. જી. સાઠે વગેરે જેવા હવે સમાજમાં પ્રતિષ્ઠિત સ્થાનો પર આસીન કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સરકારનું આ પગલું રુચ્યું નહિ. આ બાબત એક શિષ્ટમંડળ તરફથી સરકાર વિરુદ્ધ મુકદ્દમો દાખલ કરવામાં આવ્યો કે આ પગલું ન્યાયોચિત નથી. દક્ષિણાનિધિ અને જમશેદજી જીજીભાઈના દાનની શરતોની દૃષ્ટિએ પણ કૉલેજ બંધ કરવી

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૨૬

કષ્ટાર્તવ

કેટલીક બહેનોને માસિક રજોદર્શન વખતે સખત વેદના થાય છે. લગ્નજીવન કે પ્રથમ પ્રસૂતિ પછી કેટલાંકની આ ફરિયાદ ટળી પણ જાય છે. પણ અમુક બહેનોને આ વ્યાધિ સતત પરેશાન કરે છે. રજોદર્શન પહેલાંના એકાદ બે દિવસથી એની વેદના શરૂ થાય છે. જે ખૂબ અસહ્ય હોય છે અને છૂટથી આર્તવ આવી ગયા બાદ ક્રમશઃ ઘટતી જાય છે. આયુર્વેદની દૃષ્ટિએ વાયુની અવળી ગતિ (ઉદાવર્ત)ને કારણે આર્તવ કષ્ટદાયક બને છે. વાયુ સવળો હોય તો અટકાવ વેદનારહિત અને નિયમિત આવે છે.

ચિકિત્સા : સ્થાનિક વાયુના શમન માટે યોનિમાં તેલનું પીચુ ધારણ કરવું. સ્વચ્છ રૂ કે કાપડના ટુકડાને પંચગુણ તેલ કે મહાનારાયણ તેલ જેવા વાતહર તેલમાં પલાળી રાત્રે યોનિમાં ઊંડે સુધી મૂકી સવારે કાઢી લેવું. આ માટે દીવેલ પણ ચાલે.

બીજી ક્રિયા છે શેકની. રાત્રે સૂતી વખતે તેલનું પીચુ મૂકયા પછી હૉટ-વૉટર બૅગથી પેડુ પર શેક કરવો. ગરમ પાણીમાં કટીસ્નાન લેવું પણ ઉત્તમ છે. નહાતી વખતે પણ પેડુ ઉપર ગરમ પાણીની ધાર કરી શકાય. ઉપરની ક્રિયાઓ જાતે જ કરી શકાય છે અને તેનાથી ફાયદો થાય છે, છતાં ઝડપી રાહત માટે સ્ત્રી-ચિકિત્સક પાસે સ્નેહન દ્રવ્યની ઉત્તરબસ્તિ લેવી. આ પણ રામબાણ ઈલાજ છે. રોજ સવારે બે ચમચી દીવેલમાં એક ચમચી સૂંઠનો ભૂકો નાખી પી જવું. પંદર દિવસમાં રાહત જણાશે.

બીજી વાતહર ચિકિત્સામાં લઘુ યોગરાજ ગૂગળ, દશાંગ ગૂગળ, મહારાસ્નાદિ કવાથ કે દશમૂલના કવાથનું સેવન કરવું. રજઃપ્રવર્તિની વટી, કન્યાલોહાદિ વટી, લોહાસવ વગેરે પણ લાભકર છે. મેદની વૃદ્ધિ કે લોહીની ઓછપ હોય તો સાથોસાથ તેની ચિકિત્સા પણ કરાવવી.

વૈદ્ય નવીનભાઈ ઓઝા



પ્રો. રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર, મહામહોપાધ્યાય દત્તો વામન પોતદાર (ફેલો), ડૉ. સુમિત્ર મંગેશ કત્રે (ફેલો), ડૉ. હસમુખ ડી. સાંકળિયા અને ડૉ. શ્રીમતી ઈરાવતી કર્વે

ઉચિત નથી. પરિણામ એમની તરફેણમાં આવ્યું અને કૉલેજની પુનઃ સ્થાપના માટે સરકારને બાધ્ય થવું પડ્યું.

દૈવયોગે ઈ. ૧૯૩૭માં શ્રી બાલ ગંગાધર ખેરના મુખ્ય મંત્રીત્વમાં મુંબાઈ પ્રાંતમાં લોકપ્રિય કૉંગ્રેસ સરકારની સ્થાપના થઈ ચૂકી હતી. એમણે કાયદા વિશેષજ્ઞ બૅરિસ્ટર શ્રી મુકુન્દરાવ રામરાવ જયકર સાથે સલાહ કરીને કૉલેજ ફરી ચાલુ કરવાનો નિશ્ચય કર્યો. અને એ માટે સ્વ. ડૉ. ધનંજયરાવ ગાડગિલની અધ્યક્ષતામાં એક પરામર્શદાયી સમિતિ નીમી, જેમાં મહામહોપાધ્યાય દત્તો વામન પોતદાર, ડૉ. મહાજની અને ડૉ. રઘુનાથ દામોદર કરમરકર હતા. આ સમિતિની સલાહ પ્રમાણે 'સ્નાતકોત્તર શિક્ષણ અને શોધ-પ્રતિષ્ઠાન' (પોસ્ટ ગ્રેડ્યુએટ ઍન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ)ના રૂપમાં કૉલેજના પુનઃ શ્રી ગણેશ કરવાનું નક્કી થયું. આમ, ઈ. ૧૯૩૯માં કૉલેજ નવા સ્વરૂપે અવતરી. આ નવપ્રસ્થાન-માં કેવળ જ્ઞાનોપાસનાની જ ભાવનાવાળા વિદ્યાપ્રેમીઓને નિમંત્રિત કરવાની પ્રથા સ્વીકારાઈ અને કૉલેજના કાર્યક્ષેત્રને ઘણું વિસ્તારવામાં આવ્યું. દ્રવ્ય અને સાધનો સુલભ થતાં એ ભારતભરમાં કોઈ પણ સ્થળે શોધ-સંશોધન કરવા હવે સમર્થ બનત. એ એક અખિલભારતીય વિદ્યા-ધામ બની રહી અને એથી એણે દેશવ્યાપી યોજનાઓ પ્રમાણે અનેક મહત્ત્વનાં શોધકાર્યો કર્યાં. જે જૂની યુનિવર્સિટીઓમાંથી પણ ઘણી ઓછી કરી શકી છે. વ્યવસ્થા માટે એક ટ્રસ્ટીમંડળ અને પ્રબંધસમિતિ રચાઈ છે મુંબાઈ યુનિ૰ના ઉપકુલપતિ તે બંનેના અધ્યક્ષ તરીકે છે.

વિશ્વયુદ્ધ દરમિયાન ૧૯૩૯માં કૉલેજ ભવનમાં સૈનિકોનો નિવાસ હતો. તેથી પૂના સ્ટેશનની પાસે શ્રી બહેરામજી જીજીભાઈના વિશાળ ભવનમાં નવી કૉલેજનું કામ શરૂ કરવામાં આવ્યું અને નિમ્નલિખિત શાસ્ત્રોના ઉચ્ચ અધ્યયન માટે એમ. એ.ના વર્ગો શરૂ કરવા તથા પીએચ. ડી.ના શોધછાત્રોના માર્ગદર્શન માટે શાસ્ત્રપારંગત વિદ્વાનોની નિમણૂક થઈ.

(૧) તુલનાત્મક ભાષાશાસ્ત્ર (અધ્યક્ષ ડૉ. સુમિત્ર મંગેશ કત્રે); (૨) પુરાતત્ત્વ, ઇતિહાસ અને ઉત્ખનનવિદ્યા (ડૉ. હસમુખ સાંકળિયા); (૩) સમાજશાસ્ત્ર, માનવવંશશાસ્ત્ર ને પ્રાચીન ભારતીય સંસ્કૃતિ (ડૉ. ઈરાવતી કર્વે) અને (૪) મરાઠા ઇતિહાસ (પ્રા. શેજવલકર તથા પ્રા. કુલકર્ણી).

પુનઃ પ્રતિષ્ઠાન પછી કૉલેજના પ્રથમ સંચાલક (ડાયરેક્ટર) બન્યા વિશ્રુત ભાષાશાસ્ત્રી ડૉ. એરચ જહાંગીર તારાપોરવાલા. થોડા સમય બાદ એમની નિવૃત્તિ પછી એમને સ્થાને લબ્ધપ્રતિષ્ઠ ભાષા વિજ્ઞાની ડૉ. સુમિત્ર મંગેશ કત્રે આવ્યા. ડૉ. હર્ષ સંસ્થાના કુલસચિવ (રજિસ્ટ્રાર) થયા ને એક અનુભવી ગ્રંથપાલની પણ નિયુક્તિ કરવામાં આવી.

કૉલેજનો ભાષાવિજ્ઞાન વિભાગ ભારતમાં તદ્વિષયક સૌથી મોટું અને સમૃદ્ધ કેન્દ્ર છે. અહીં ઇન્ડો-યુરોપીઅન, દ્રાવિડીઅન, સેમેટિક અને તિબેટી તથા બર્મી ભાષાઓનું અધ્યયન ને શોધકાર્ય થઈ રહ્યું છે. ભાષાશિક્ષણની પદ્ધતિઓની તાલીમ પણ અહીં અપાય છે. ભારતની વિધવિધ બોલી (ડાયલેક્ટ)નું અધ્યયન પણ થાય છે. મરાઠી ભાષાની દસ અને કન્નડ ભાષાની સત્તર બોલીઓનું અનુશીલન તો થઈ ચૂક્યું છે. સંસ્થા પાસે ધ્વનિવિજ્ઞાનની પોતાની પ્રયોગશાળા છે તેના દ્વારા વયસ્ક છાત્રોને ભારતીય તેમજ વિદેશી ભાષાઓ ઓછામાં ઓછા વખતમાં શીખવવાનું સરલ બની ગયું છે. ભારતીય ભાષાવિભાગમાં શિક્ષકોને મરાઠી, ગુજરાતી અને સિંધી ભાષા ભણાવવાની તાલીમ અપાય છે.

ડૉ. સુમિત્ર કત્રે પ્રણિત પાણિની કોષ (ત્રણ ભાગ)માં એમના અદ્ભુત પાંડિત્ય અને રચનાકૌશલનાં દર્શન થાય છે. ડૉ. કત્રે સુવિખ્યાત ભાષાશાસ્ત્રી ડૉ. હર્નરના શિષ્ય છે. પોતાના આ ગ્રંથનું અર્પણ પણ એમણે એ 'ભાષાશાસ્ત્રાસ્ય પિતરોં' ડૉ. હર્નરને જ કર્યું છે. ઐતિહાસિક સિદ્ધાંતો-ના આધારે એમણે એક વિશાળ શબ્દકોશનું કાર્ય પણ ઉપાડ્યું છે. જે લગભગ વીસેક ખંડમાં પૂરું થશે. તેના નિર્માણમાં અનેક પંડિતો, શાસ્ત્રી-ઓ, વ્યાકરણજ્ઞો અને ભાષાશાસ્ત્રીઓ લાગેલા છે. ડૉ. કત્રેની આ મહાન યોજનાને ભારત સરકાર, જુદીજુદી યુનિવર્સિટીઓ, રૉકફેલર ફાઉન્ડેશન અને 'યુનેસ્કો' વગેરેની પણ સારી સહાય મળી રહી છે. અત્યાર સુધી-માં આ કાર્યમાં વીસેક લાખ રૂપિયા ખર્ચાયા છે.

કૉલેજના ભાષાવિજ્ઞાન વિભાગમાં પશ્ચિમ એશિયાથી જાપાન સુધી-ની સમસ્ત લિપિઓનું તુલનાત્મક અનુશીલન થઈ રહ્યું છે. સંસ્કૃત ભાષામાં અંકિત શિલાલેખો અને તામ્રપત્રોનો એક કોશ આ વિભાગે તૈયાર કર્યો છે. ભારત સરકારના વિશ્વવિદ્યાલય અનુદાનનું ભાષાશાસ્ત્રીય કેન્દ્ર અહીં જ છે. આમ, અહીંનો આ વિભાગ આજે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. ત્રીસ વર્ષની અખંડ શાસ્ત્રસેવા પછી ડૉ. કત્રે ૧૯૭૧-માં સંચાલક પદેથી નિવૃત્ત થયા છે અને એમના સ્થાને પ્રખ્યાત પુરા-તત્ત્વવેત્તા ડૉ. હસમુખ સાંકળિયા આવ્યા છે. દક્ષિણ ભારતની દ્રવિડી ભાષાઓના તુલનાત્મક અભ્યાસનો વિભાગ ડૉ. શંકરન્ સંભાળે છે.

આ વિભાગમાં રેકૉર્ડિંગની, માઇક્રોફિલ્મની વગેરેની વ્યવસ્થા પણ છે. એના ગ્રંથાલયમાં દોઢ લાખ ગ્રંથોનો સંગ્રહ છે. પ્રાચીન ઇતિહાસનાં ગ્રામ, નગરો, પર્વતો, નદીઓ, સરોવરો આદિનાં પ્રાચીન નામોનો એક 'સ્થલકોશ' પણ અહીં તૈયાર થઈ રહ્યો છે જે કાર્ય કલકત્તાના પ્રો. નન્દલાલ દે અને પૂનાના શ્રી સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવને સોંપાયું છે. આ 'પ્રાચીન સ્થલકોશ'નો એક ભાગ તો પ્રકટ પણ થઈ ગયો છે. શિલાલેખોમાં પ્રયુક્ત દોઢ લાખ શબ્દોની કાર્ડ-ઇન્ડેક્સ પણ તૈયાર છે. વિવિધ લિપિઓના તુલ-નાત્મક અભ્યાસ માટે મોટા કદનાં ફોટોમુદ્રણો પણ તૈયાર થયાં છે. વખતો-વખત આ વિભાગનાં કાર્યોની માહિતીપત્રિકાઓ પણ પ્રસિદ્ધ થતી રહે છે.

બીજા વિભાગમાં ડૉ. હસમુખ સાંકળિયાની અધ્યક્ષતામાં ભારતના પચ્ચીસેક સ્થળોના પુરાતત્ત્વ-ઉત્ખનનનું કામ થયું છે. અશ્મયુગથી માંડી પુરાણકાલીન દ્વારકા, મોંહે જો દડો, હરપ્પા, બૌદ્ધકાલીન ધર્મો-સંપ્રદાય-ના ને રાજવંશોના અવશેષો આ સંશોધનોમાં મળ્યા છે, (અનુ. પૃ. ૧૨૮)

ગાંગેચાનું પ્રાક્‌સોલંકી યુગનું પાશુપત મંદિર

ગંગનાથ મહાદેવ

લેખક: મણિભાઈ વોરા · ફોટો: નરોત્તમ પલાણ

સોરઠમાં કેશોદથી પાંચેક માઈલ અગ્નિકોણમાં ગાંગેચા નામે હજારેકની વસતિવાળું એક નાનકડું ગામ છે. ગામની પૂર્વમાં મેગળ નદીના કમંઢ ઉપર પશ્ચિમ કિનારે આ પંથકમાં જાણીતું ગંગનાથ મહાદેવ નામે પ્રાચીન શિવાલય છે. વિધર્મીઓ અને કાળના બળે ખંડિત તથા જીર્ણ થએલું આ નવ-દસમી સદીનું મંદિર, એક અગત્યનું સ્થાનક અને ગુજરાત-સૌરાષ્ટ્રમાં પ્રવર્તેલા પાશુપત મતની એક વિરલ નિશાની સમું છે.

પાશુપત મતના પ્રવર્તક ભગવાન લકુલીશનો જન્મ ઈ. સ.ની બીજી સદીમાં ગુજરાતમાં થયો. તેમના ચાર શિષ્યોમાંથી 'ગર્ગ' અને તેની શાખાના પાશુપતાચાર્યો કાન્યકુબ્જથી માળવા-અવન્તી થઈને દસમી સદીની આજુબાજુ ગુજરાતમાં આવીને સ્થિર થયા હોય તેમ પ્રાપ્ત શિલાલેખોને આધારે જણાય છે. આ સમયનાં એટલે કે પાશુપત મતની બોલબાલા હતી તે સમયના વિરલ એવાં અવશેષો સોમનાથ અને તેની આસપાસ આજે પણ પ્રાપ્ત છે. આવાં સ્થાનોમાં મૂળ પ્રાચીન આજોઠાનું ગંગનાથ મંદિર, વંથલીનું ગંગનાથ મંદિર અને આ ગાંગેચાનું ગંગનાથ મંદિર પાશુપત અસરનાં શિવાલયો હોય તેમ લાગે છે.



'ગાંગેચા' શબ્દના મૂળમાં પણ 'ગંડ' 'ગંગ' 'ગાંગેચ' જેવા શબ્દો રહેલા હોઈ સ્પષ્ટતઃ શિવ અને પાશુપતોને લાગુ પડે છે. પાશુપતાચાર્યો 'ગંડ' કહેવાતા. શિવ કૈલાસના ગંડ છે, તેમ પાશુપતાચાર્યો 'પૃથ્વી પરના 'ગંડ' મનાતા. સૌથી વધુ પ્રબળ પ્રમાણ તો આ મંદિરના દક્ષિણ ગવાક્ષમાંની પદ્માસનસ્થ લકુલીશની મૂર્તિ છે.

એક વખત જીર્ણોદ્ધાર પામેલું આ મંદિર મજબૂત જગતી ઉપર

(અનુસંધાન પૃ. ૧૨૨)













△ મથાળે: ચિત્ર ૧ ગાંગેચાનું ગંગનાથ મહાદેવનું મંદિર

ઉપર: ચિત્ર ૨, ૩, ૪ અને ૫: નટરાજ શિવ; ભૈરવી; લકુલીશ અને દિક્પાલ વરુણની પ્રતિમાઓ, ડાબી બાજુ છેડે: ચિત્ર ૬ મૂળ મંદિરના ઉદ્‌ગમનો ચામુંડા અને એને સંલગ્ન આકૃતિઓવાળો શિલ્પખંડ

ચિત્ર ૭
બે ગોવર્ધન પાળિયા.
જે ગંગનાથ મંદિર બંધાવનાર
યજમાનોના હોવા સંભવ છે.

આયુ, આહાર, ઔષધ અને આરોગ્ય અંગે ડૉક્ટર શિવપ્રસાદ ત્રિવેદી ની સલાહ

૧. સામાન્ય રીતે સોની સંખ્યામાં ઉમરનો આંકડો ઉમેરતાં જે સંખ્યા આવે એટલું બ્લડપ્રેશર હોવું જોઈએ એ માન્યતા બરાબર છે?

ઉ. વય, જાતિ, શરીરનો બાંધો અને અમુક અંશે ધંધા અનુસાર લોહીના દબાણની ગણતરી થાય છે. સિસ્ટોલિક પ્રેશર માટે આ એક સામાન્ય નિયમ છે. વ્યક્તિગત રીતે બ્લડપ્રેસર એટલું જુદું પડે છે કે એના માટે કોઈ નિયમ કહેવો મુશ્કેલ છે. પુખ્તવયે એની વધુમાં વધુ મર્યાદા ૧૪૦ મિલિમીટરની સ્વીકારાઈ છે. વળી આરામ વખતનું ડાયાસ્ટોલિક પ્રેશર પણ સામાન્ય કક્ષાનું હોવું જરૂરી છે.

સામાન્યતઃ આની ગણનામાં ૬૦ના આંકડામાં રોગીની ઉમરનો અર્ધો આંક ઉમેરતાં જે સંખ્યા આવે તે સામાન્ય એનું ડાયાસ્ટોલિક પ્રેશર લેખાય છે. પણ જો પુરુષ માટે ૮૫ની સંખ્યામાં વયનો અર્ધો આંક તથા સ્ત્રી માટે ૯૦ની સંખ્યામાં એની વયનો અર્ધો આંક ઉમેરતાં જે સંખ્યા આવે તેટલું ડાયાસ્ટોલિક પ્રેશર હોય તો તેનો ઉપચાર થવો જોઈએ.

આરામથી માંડી શ્રમભર્યાં કામ વખતે સિસ્ટોલિક પ્રેશર ૯૫ થી ૨૫૦ મિ.મી. સુધી જાય છે. આ વખતે ડાયાસ્ટોલિક પ્રેશર પણ ૯૫ થી ૧૨૦ મિ.મી.નું થાય છે. બ્લડપ્રેશરનો આંક એક જ વ્યક્તિમાં દિવસેદિવસે જ નહિ, પણ કલાકે કલાકે પણ કાર્યશીલતા, ચિંતા વગેરે જેવા લાગણીઓના કારણોસર જુદોજુદો રહે છે.

૨. કાનમાં મેલ થવાનું કારણ શું? એની કોઈ ઉપયોગિતા હશે ખરી?

ઉ. કાનની નેળમાં આવેલી મેદસ્વી અને પ્રસ્વેદ ગ્રંથિઓના સ્રાવથી કાનમાં મેલ પેદા થાય છે. આ સ્રાવ પૂરતો પ્રવાહી ન હોય તો બહારના કાન સુધી આવતાં એ કઠણ બને છે. આ મેલ સાથે મૃતકોષો, ધૂળની રજ વગેરે જેવા નકામા ને પરાયા પદાર્થો પણ કાન બહાર આવે છે. વધુ પડતો મેલ ફૂગનું આશ્રયસ્થાન બને છે. આમાં પાણી ભળે ત્યારે તેને ઉત્તેજના મળે છે. ખાતાં કે બોલતાં થતાં જડબાનાં હલનચલનથી મીણ જેવો મેલ કાનની નેળમાં આગળ ધકેલાઈ છેવટ નાના કણોમાં ભાંગી કાન બહાર પડે છે.

બાળકોના કાનની સાંકડી નેળમાં અને વૃદ્ધોના કાનની નેળમાં બરછટ વાળને કારણે એ સરળતાથી બહાર ન પડતાં અંદર ગંઠાઈને નેળ પુરાઈ જઈ સાંભળવામાં મુશ્કેલી પડવા સાથે કાનમાં સણકા, ખજવાળ, અવાજ, ચક્કર ને ઉધરસ આવવા જેવી મુશ્કેલીઓ ઊભી થાય છે.

આ ઉપરાંત, કાનની અંદરના ભાગમાં આવેલા શ્રવણાંતપુર (લેબિરિન્થ)ની રચનાથી શરીરનું સમતોલન જાળવવાની જે કુદરતી કરામત છે તેના પર ઉષ્મામાનના ફેરફારોની પણ અસર પડે છે. બેમાંથી એક કાનમાં વધુકો મેલ ભરાતાં એ કામગીરી અવરોધાય છે ને પરિણામે શરીરના સમતોલનની વ્યવસ્થા પણ બગડે છે. જો કે એક કાન એ કામગીરી નિભાવે તો છે, પણ વિરોધી પ્રતિભાવોથી કદીક બધું ગોળ ચક્કર ફરતું હોય એવો અનુભવ પણ થાય છે. આ પ્રકારના અસમતોલનની અસર પાણીમાં તરવા પડેલા માણસને ક્યારેક જીવલેણ નીવડે છે.

૩. શરીર પર કરોળિયા શાથી થતા હશે? એનો કોઈ ઉપાય ખરો?

ઉ. છાતી, ગરદન ને પેટ વગેરે જેવાં કપડાંથી ઢંકાઈ રહેતા શરીરના ભાગ ઉપર માલાસેઝિયા ફરફર નામની ફૂગથી કરોળિયા થાય છે. સૂક્ષ્મ ફોડકાઓથી એનો આરંભ થઈ ધીરેધીરે ફેલાવો પામી તે શરીરના બીજા ભાગ ઉપર પણ પસરે છે. એના ઉપચાર સરળ છે, પણ રોગનો વારંવાર ઊથલો આવે છે. પ્રથમ તો શરીરને અડતાં કપડાં સારી રીતે ધોઈને બરાબર નિખારવાં જોઈએ. આલ્કોહોલમાં ટિંક્ચર આયોડાઈનનું એક ટકાનું બનાવેલું મિશ્રણ લગાડવાથી ફાયદો થાય છે. 'વ્હીટફિલ્ડ' નામનો મલમ, 'મલ્ટીફૂન્ગિન' કે 'માયકોડર્મ' પાવડર પણ અસરકારક છે. આ રોગ વારંવાર ઊથલો લેતો હોવાથી લાંબા સમય સુધી રાતના આ મલમ કે પાવડર લગાડવો જરૂરી છે.

શતરંજના વિશ્વવિજેતાઓ .... સુરેશ મોદી

ગયા અંકમાં લાસ્કરની એક સુંદર રમત સાથે આપણે એ પણ જોયું કે તેઓ ૨૭ વર્ષ સુધી વિશ્વવિજેતા પદ પર રહ્યા હતા. એ બધાં વર્ષો દરમિયાન એ પદ માટે સાત આહ્વાન (challenge)મૅચ રમાઈ હતી તેની વિગત:


વર્ષ	પ્રતિસ્પર્ધી	જીત	હાર	ડ્રૉ	પરિણામ
૧૮૪૭	સ્ટેનિટ્ઝ	૧૦	૨	૫	૧૨॥×૪॥
૧૯૦૭	માર્શલ	૮	૦	૭	૧૧॥–૩॥
૧૯૦૮	ટારાશ	૮	૩	૫	૧૦॥–૫॥
૧૯૦૯	જાનોવ્સ્કી	૭	૧	૨	૮–૨
૧૯૧૦	સ્લેચર	૧	૧	૮	૫–૫
૧૯૧૦	જાનોવ્સ્કી	૮	૦	૩	૯॥–૧॥
૧૯૨૧	કાપાબ્લાંક	૦	૪	૧૦	૫–૯

સ્લેચર સાથેની રમત સિવાય બધી મૅચ લાસ્કર સારા એવા માર્જિનથી જીત્યા હતા. આ અંકમાં આપણે કૅમ્બ્રિજ સ્પ્રિંગ્સ–૧૯૦૪ની એમની એક સુંદર રમત જોઈએ. એમાં સફેદ મહોરાં લાસ્કરનાં અને કાળાં નૅપીઅરનાં છે.

1 P–K4, P-QB4; 2 N–QB3, N–QB3; 3 N–B3, P–KN3, P–Q4P×P; 5 NXP, B–N2; 6 B–K3; 7P–KR3, N–B3; 8P–KN4, O–O; 9P–N5, N–K1; 10P–KR4, NB2; 11P–B4, P–K4; 12N/4–K2 P–Q4.

અહીં 12.., B–N5, કદાચ સારી ચાલ રહેત, પણ નૅપીઅરે મધ્યમાં કાબૂ જમાવવા પ્યાદાનો ભોગ આપ્યો છે. જુઓ—

13 P×QP, N–Q5; 14 N×N, N–×P! 15 N–B5!, N×N, 16 Q×Q, R×Q; 17N–K7Ch, K–R1; 18P–R5, R–K1. બંને પક્ષ હુમલા પ્રત્યે લક્ષ આપે છે. 19 B–B5, NP×P!; 20B–B4, P×P; 21 B×BP, N–K5; 22 B×R, B×P; 23QR-N1, B–B8ch; 24K-B1, B-N5.



નૅપીઅરનાં કાળાં મહોરાં • લાસ્કરનાં સફેદ

આ સ્થિતિમાં લાસ્કર પાસે એક હાથી વધુ છે પણ તેની સામે ઘણી ધમકી છે. કાળો તેના બંને ઊંટ મારી શકે તેમ છે. વળી, તે N–Q 7ch N–N6chથી રાજા અને હાથીને ફૉર્ક કરી શકે. લાસ્કર પોતાનાં વધુ મહોરાંનો ભોગ આપી દઈને હુમલો ચાલુ રાખે છે.

25 B×KRP!, B×B; 26 R×B N–N6ch; 27 K–N2, N×R; 28 R×R, P–R4; 29 R–N3, B–N2; 30 R–KR3, N–N6; 31 K–B3, R–R3.

અહીં 31 B–K4થી પ્યાદાનું રક્ષણ થઈ શકે તેમ નથી. કારણ 32 N–N6ch પછી ઊંટ મફતમાં જાય તેમ છે. 32 K×P, N–K7 ch; 33K–B5, N–B6; 34P–R3, N–R5; 35 B–K3, Resigns. હવે 39 P–N6ની ધમકી સામે કંઈ રમવા જેવું નથી.


કલાવાર્તા

શ્રીમતી એસ્થર કાનન



વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફૅકલ્ટી ઑવ ફાઈન આર્ટ્સમાં શ્રી શંખો ચૌધરી અને શ્રી મહેન્દ્ર પંડયા પાસે તાલીમ પામી શિલ્પકલાની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પ્રથમ આવીને શ્રી હરિવદન સ્મારક ફંડના પારિતોષિક સાથે ઉત્તીર્ણ થનાર શ્રીમતી એસ્થર કાનને બહુ ઓછા સમયમાં શિલ્પકલાની આગવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. બૉમ્બે આર્ટ સોસાએટીના ૭૫મા પ્રદર્શનમાં 'દેવતા માયારૂપ' નામનું એમનું શિલ્પ સારી પ્રશંસા પામેલું. ગુજરાત રાજ્યના કલાપ્રદર્શનમાં એમના શિલ્પ 'ઍન્ટૅગોનિસ્ટ' (પ્રતિસ્પર્ધી)ને બીજું પારિતોષિક મળેલું. અને ત્યારે તો એમની કારકિર્દીનો આરંભ જ હતો. તે પછી અમદાવાદની જાણીતી 'સ્કૂલ ઑવ આર્કિટેક્ચર'માં શિલ્પ વિભાગમાં વ્યાખ્યાતા તરીકે, ધ્રાંગધ્રાના 'શિશુકુંજ'ની કલાપ્રવૃત્તિઓમાં અને જામનગરના મહિલા મંડળમાં ચિત્રકલા તથા શિલ્પના અધ્યાપનની કામગીરી પણ એમણે બજાવી છે.

અમદાવાદમાં ઈ. ૧૯૪૫માં એમનો જન્મ. પિતા રૂબિન ડેવિડ અમદાવાદના વિખ્યાત પ્રાણીસંગ્રહાલય તથા બાલવાટિકાના સર્જક તેમજ પ્રાણીઉછેરના નિષ્ણાત તરીકે અને પોતાના વિવિધ કલારસ માટે સુખ્યાત છે, (જુઓ કુમાર અંક ૫૬૩); તો માતા અંગ્રેજી ભાષાનાં સારાં શિક્ષિકા તરીકે. આમ, માતાપિતા તરફથી એમનાં આ એક માત્ર પુત્રીને લેખન અને આલેખનમાં બચપણમાં ઘણું પ્રોત્સાહન મળ્યું. પરિણામે કલાના અભ્યાસકાળથી જ એસ્થરે ઈનામો મેળવવા માંડયાં. શિલ્પ એમનો મુખ્ય રસનો વિષય છે, તે ઉપરાંત, તેઓ અચ્છાં ચિત્રકાર હોવા સાથે (અનુ. પૃ. ૧૪૩)




પોતાના માધ્યમના પોતને જાળવીને તેનો કલાભિવ્યક્તિમાં વિનિયોગ કરવો એ આજની કલાની લાક્ષણિકતા છે. શ્રીમતી એસ્થરની કૃતિઓમાં એ જોવા મળે છે. મથાળે: કાષ્ઠમાં કોરેલી પાણીની લહેરોવાળી પશ્ચાદભૂ પર કલકલિયાના આભાસી આકાર દ્વારા તેના ઉડ્ડયનને સ્થિર કર્યું છે. જમણી બાજુ બિનજરૂરી બધી ઝીણી વિગતોને ટાળીને નર્તકની આંખો અને હોઠ પરના સ્મિતમય ભાવને કાષ્ઠમાં કંડાર્યો છે. તેની નીચે: ઊડી જતા કાળનું નિદર્શન છે. વહી જતો સમય દર્શાવતા ઘડિયાળના જ વિવિધ છૂટા ભાગનો ઉપયોગ કરવા સાથે ટોચ પરનાં ચક્રોને ફરતાં રાખી તેમાં ગતિશીલતા પણ મૂકી છે.



નીચે–જંગલમાં દવ: દાઝ પાડેલા લાકડાને કોરીને તેના દ્વારા વનરાજિનું સૂચન કરવા સાથે પિત્તળના ચળકતા સુયોજિત આકારો દ્વારા બળતા જંગલમાં ફરી વળેલી આગની જ્વાળા દર્શાવી છે. સૂકાં ઝાડ સૂચવતી લાકડાની ખરબચડી સપાટીને પડછે પિત્તળની ભભક મૂકવામાં કલાકારનાં કલ્પના અને કૌશલ બંનેની પ્રતીતિ વ્યક્ત થાય છે.





ફોટોગ્રાફી-હરીફાઈનું પરિણામ

ગામની શેરી કેમ લેવી

નિર્દિષ્ટ વિષયની ફોટોગ્રાફી વિશેષ જ્ઞાન અને દૃષ્ટિ માગી લે છે. સામાન્યત: ફોટોગ્રાફી-હરીફાઈમાં ચિત્રવિષયનું બંધન હોતું નથી, અને સર્જક ફોટોગ્રાફરને એવું કોઈ બંધન પણ ફાવે નહિ, પરંતુ આ હરીફાઈમાં નિશ્ચિત ચિત્રવિષય રાખવા પાછળનો એક ઉદ્દેશ ફોટોકલાનાં વિધવિધ પાસાંનો પરિચય અને સમજ કેળવવાનો પણ છે.





હરીફાઈમાં આવેલું નરેન પડિયાનું (મેંદરડા)નું ચિત્ર

જાન્યુઆરી-ફેબ્રુઆરી માસની હરીફાઇનો વિષય હતો 'ગામની શેરી'. શેરી એટલે સાંકડી ગલી કે પોળ. ઘરની ડેલીઓ, એકાદ બે હાટડી, બાંધેલું કે આથડતું ઢોર, આછીપાતળી આવન-જાવન ને બાળકોની ખેલકૂદ એમાં જોવા મળે, પણ બજાર કે ચૌટાની કલ્પના શેરીમાં બેસે નહિ. એટલે ચિત્રવિષયને ન્યાય આપવા તેને પૂરેપૂરો સમજી લેવો જોઇએ. અને પછી એને યોગ્ય તથા ચિત્રાત્મક સ્થળ પસંદ કરવું જોઇએ. ગામની શેરીના ચિત્રમાં સંયોજનની દૃષ્ટિએ તેમાંનાં મકાનોની બાંધણી, સ્થિતિ, એકમેકના સ્થાન કે જોડાણથી પડતા ખાંચાખૂણા, શેરીના વાંકવળાંક વગેરે વિચારવા પડે. ફોટો લેતી વેળા શેરીની દિશા તથા ત્યાં પડતા સૂર્યપ્રકાશની તેજછાયાથી ઊપજતા આકારોનો પણ ખયાલ કરવો જરૂરી છે. છબિ લેવા માટે યોગ્ય સમય પણ સાધવો જોઇએ. સામાન્યત: સૂર્યોદય પછીના અને સૂર્યાસ્ત પહેલાંના બે-અઢી કલાક દરમિયાન તીરછા પ્રકાશને કારણે લાંબા પડછાયા અને જુદીજુદી સપાટી પરની આગવી ભાતને યોગ્ય ઉઠાવ ને સ્પષ્ટતા મળે છે. વળી, શેરીમાં આવતાંજતાં માણસો, ઢોર, રમતાં બાળકો, વાહનો વગેરેને ચિત્રમાં ક્યાં અને કેટલા પ્રમાણમાં સમાવવાં એનો વિચાર પણ કરવો ઘટે. ચિત્રસંયોજનને સુધારવામાં કે બગાડવામાં આ મુદ્દો અગત્યનો ભાગ ભજવે છે.



સામા પ્રકાશમાં ચિત્ર લેવાથી ચિત્રવિષયની ઝીણીઝીણી ઘણી વિગતો અસ્પષ્ટ રહી જઇને આકારોમાં ઘનતા ભાસે છે. વળી ચિત્રમાં તેજ, મધ્યમ ને ઘેરા વિસ્તારનું યોગ્ય સમતોલન પણ અગત્યનું છે.

આ વખતની હરીફાઈમાં ચિત્રોની સંખ્યા જૂજ રહી. અને તેમાં પણ ઈનામની કોટિએ પહોંચતું એક પણ ચિત્ર જણાયું નહિ. છતાં એમાં મેંદરડાના નરેન પડિયાનું ચિત્ર કંઈક નોંધનીય હોઈ ઉત્તેજનાર્થે એને ત્રીજું ઈનામ આપ્યું છે. આ ચિત્ર સામા પ્રકાશમાં લેવાયું છે. પણ એક્સ્પોઝર અને ડેવલપિંગની ખામીને કારણે એની નેગેટિવ ઘેરી હોવાથી પ્રિન્ટમાં પ્રકાશવાળા વિસ્તારમાં પૂરતી વિગતો પ્રકટ થતી નથી. ચિત્રમાં બાળકોની સંખ્યા પણ કંઈક વધુ પડતી છે અને એ બાળકો પણ આડાંઅવળાં નજરે પડતાં હોઈ ચિત્રસંયોજન સુગ્રથિત રહેતું નથી. એ જ ચિત્રને દર્શાવ્યા પ્રમાણે ચારે બાજુથી ઓછુંવત્તું કાપીને અત્યારે છે તેથી કંઈક વધુ ઠીક સંયોજન રચી શકાય. એક દૃષ્ટાંત રૂપે આ જ ચિત્રવિષયને રજૂ કરતું એક અન્ય ચિત્ર પણ અહીં આપ્યું છે જે ઉપર સૂચવેલા મુદ્દાઓને લક્ષમાં રાખીને જોવાથી માર્ગદર્શક બની રહેશે. —(લેફ્. કર્નલ) બલવન્ત ભટ્ટ

હવે પછી ફોટોગ્રાફી હરીફાઇમાં પહેલા, બીજા અને ત્રીજા ઇનામની રકમ વધારીને અનુક્રમે રૂ. ૧૫, ૧૦ અને ૭ની કરવામાં આવી છે.

આગામી ફોટોગ્રાફી હરીફાઇનો વિષય ફરી આ જ—'ગામની શેરી'. ફોટો મોકલવાની છેલ્લી તા. ૩૧ મે ૧૯૭૩.

મથાળે: ડાબી બાજુ–હરીફાઈ માટે મળેલું ચિત્ર તથા (જમણી બાજુ) તેમાંથી બિનજરૂરી ભાગની કાપકૂપ કરી બનાવેલું ચિત્ર. બંને વચ્ચેનો તફાવત સરખાવો. ડાબી બાજુ: દૃષ્ટાંત રૂપે આપેલું ગામની શેરીનું શ્રી બલવન્ત ભટ્ટનું એક ચિત્ર. આ સાથેની સમજણમાં દર્શાવેલા મુદ્દાઓને તેમાં આવરી લીધેલા છે. ત્રણે ચિત્રોનો એ દૃષ્ટિએ અભ્યાસ કરવાથી કૅમેરામાં આ વિષય કઈ રીતે ઝડપવો તેનો ખયાલ મળી રહેશે.

સાહિત્યસંપર્ક

નવાં પ્રકાશનો

અખો અને મધ્યકાલીન સંતપરંપરા : મધ્યકાલીન કાવ્યસાહિત્યમાં અખાનું સ્થાન વિશિષ્ટ છે. એના શિષ્યો પ્રશિષ્યોએ પણ ગુરુદીધા તત્ત્વજ્ઞાનને હોંશથી ગાએલું. એમાંની કેટલીક રચનાઓ પ્રગટ થઈ, કેટલીક અપ્રગટ પણ રહી. આ ગ્રંથના કર્તા ડૉ. યોગીન્દ્ર જ. ત્રિપાઠીએ આવી પ્રગટ-અપ્રગટ રચનાઓનો અને એના રચયિતાઓનો પ્રસ્તુત ગ્રંથમાં અભ્યાસ આપ્યો છે. સાથે સાથે અખા ભક્તની સંતપરંપરાના કવિઓ ગોપાળદાસ, બૂટા–નરહરિ, જીવણદાસ, કેવળ પુરી, સન્તારામ મહારાજ, કરુણાસાગર શ્રીમન્નૃસિંહાચાર્ય, હરિદાસ, ભીખા અને વસ્તા વિશ્વંભર વિષે અલગ અલગ પ્રકરણ કરીને સવિસ્તર અભ્યાસ આપ્યો છે. આખોય ગ્રંથ લેખકની મહેનતના ઉપયોગી પરિણામરૂપ છે. આપણા મધ્યકાલીન સાહિત્યનાં કેટલાંક કવયિત્રીઓની અપ્રગટ સામગ્રીનો આ અભ્યાસ-ગ્રંથ ગુજરાતી સાહિત્યમાં તેના અભ્યાસીઓને માટે મહત્ત્વનું ઉમેરણ બની રહેશે. (પ્રકા. પ્રાચ્યવિદ્યા મન્દિર, મ.સ. યુનિવર્સિટી, વડોદરા; પાકું પૂઠું; પૃ. ૩૮૬; રૂ. ૧૧)

શ્રીમદ્ ભાગવત-ભાગ ૨ : ભાગવતનું વાચન સંસ્કૃત નજાણનારને પણ સુકર થઈ પડે ને એ ભક્તિગ્રંથનો મહિમા વિશાળ વાચકવર્ગ સુધી પહોંચે એ આશયથી તૈયાર થએલો, તેના ચોથા, પાંચમા ને છઠ્ઠા સ્કંધનો ગુજરાતી અનુવાદ કરનાર : સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા. (પ્રકા. ઉપર મુજબ; પાકું પૂઠું, પૃ. ૬૭૧; રૂ. ૯)

મન : માનવીનું મન જ બંધન અને મોક્ષનું કારણ છે એ ગીતાવચન આપણે ત્યાં પણ પ્રાચીન કાળમાં મન વિષે કેટલો અભ્યાસ થયો હશે તેનું દ્યોતક છે; તો અર્વાચીન યુગમાં પશ્ચિમે આ મનોવિજ્ઞાનને ઠીકઠીક વિકસાવ્યું છે. આથી જ મનને જાણવું અને એનો અભ્યાસ કરવો એ પ્રત્યેકના જીવનવિકાસ માટે જરૂરી બાબત બની રહે છે. એવો સામાન્યજનસુલભ અભ્યાસ આ પુસ્તકમાં શ્રી. યુ. એન. દર્શનદાસે આપ્યો છે. ગ્રંથનાં ૧૯ પ્રકરણમાં લેખકે માનવશરીરની રચના, મનોવિજ્ઞાન અને જીવનનો સંબંધ, મનની સમજ, મનના સ્તર, મન અને જગતનો સંબંધ, ચેતન અને અચેતન મન, તેમની વચ્ચે સંબંધ વગેરે વિષયોની સરળ છણાવટ કરી છે. મનોવિજ્ઞાનના અભ્યાસમાં રુચિ કેળવવાની સાથેસાથે જીવનોપયોગી

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



ધર્મવીર ભારતી

જન્મ : ૨૫મી ડિસે૰ ૧૯૨૬, અલ્લાહાબાદમાં; ૧૯૪૫માં હિંદીમાં વધુમાંવધુ ગુણ મેળવી ચિંતામણિ ઘોષ ચંદ્રક સાથે બી.એ.; '૪૭માં પ્રથમ વર્ગમાં એમ.એ.; '૫૪માં સિદ્ધસાહિત્ય'નું સંશોધન કરી પીએચ.ડી. અનેક દેશોની મુલાકાતો. ૧૯૬૭માં સંગીતનાટક અકાદમીમાં. '૭૨માં પદ્મશ્રી. 'ગુનાહોં કા દેવતા' ને 'સૂરજ કા સાતવાં ઘોડા' એ બે નવલકથા; 'ઠંડા લોહા', 'સાત ગીત વર્ષ', 'કનુપ્રિયા'–કાવ્ય સંગ્રહો; 'નદી પ્યાસીથી' અને 'અંધાયુગ' નાટકો; 'ચાંદ ઔર તૂટે હુએ લોગ' તથા 'બંદ ગલીકા આખરી મકાન' વાર્તાસંગ્રહો ઉપરાંત, 'ઠેલ પર હિમાલય', 'માનવ મૂલ્ય ઔર સાહિત્ય', 'પશ્યતી' અને 'અનકહની' એ મથાળાથી વિવેચનો ને નિબંધો તથા 'દેશાન્તર' નામે વિદેશી કાવ્યોના અનુવાદ એમણે લખ્યાં છે. એમનાં કાવ્યો અને વાર્તાઓ મુખ્ય ભારતીય ભાષાઓ ઉપરાંત છએક વિદેશી ભાષાઓમાં અનુવાદિત થએલાં છે. '૫૯માં અલ્લાહાબાદ યુનિ.માં હિંદી વિભાગમાં લેકચરર હતા. હાલ 'ધર્મયુગ' સાપ્તાહિકના પ્રધાન સંપાદક છે.

૧ 'ધર્મયુગ'નાસંપાદન પાછળની આપની દૃષ્ટિ કે લક્ષ્ય જણાવશો?

ઉ. જીવનનાં ઉચ્ચ ને ઊંડાં સાંસ્કૃતિક મૂલ્યો માટે વાચકોને સભાન અને સજગ બનાવવા પ્રયત્ન કરી તેમનામાં પ્રજ્ઞા, શ્રદ્ધા અને આંતરસૂઝ પ્રકટાવવી, કે જેથી જીવનના સંઘર્ષો અને મુસીબતોનો તે સબળતાથી સામનો કરી શકે.

૨ હિંદી સાહિત્યની વિશિષ્ટતા દર્શાવશો?

ઉ. જગત અને જીવનનાં વિવિધલક્ષી પાસાં અને પરિણામોને એ સરળ સુગમ અને આકર્ષક રીતે દર્શાવી શકે છે. ભારતની અન્ય ભાષાઓ સાથે સુમેળ અને સહચાર સાધી હવે તો હિંદીનો વિકાસ જુસ્સાદાર બન્યો છે, ને બનતો જાય છે.

૩ કલા અને સૌન્દર્યની આપની અંગત વ્યાખ્યા કે માન્યતા શી?

ઉ. કલાત્મક રચનાઓ હું સરજી શકું છું, સૌન્દર્યને પ્રીછી પણ શકું, પરંતુ એની ચોક્કસ વ્યાખ્યા બાંધી શકતો નથી. સાચી કલાકૃતિનાં સર્જન ને સૌંદર્યનું માધુર્ય તો શબ્દો ને વિચારોથી પર છે. પણ એટલું કહી શકું કે જીવનનાં શુદ્ધ સ્વરૂપને સમજ્યો હોઉં તો આવી કલાકૃતિઓના સૌન્દર્યને લીધે જ.

૪ સફળતા મેળવ્યા પછી યે આપની કોઈ ઝંખના ખરી કે?

ઉ. સદૈવ હું અસંતોષી છું. પ્રભુ અને પ્રભુતા કરતાં જીવન જીવવાનાં ગૂઢ રહસ્યો પામવાની મને વધુ ઝંખના છે. જે કંઈ જીવનસાર કે ચેતનાની જે કંઈ પ્રજ્ઞા સાંપડી છે તેને હજી યે શબ્દો કે કલમ દ્વારા યથાર્થ સમજાવી શકયા નથી એમ લાગે છે.

૫ આપને મન જિંદગી એટલે?

ઉ. શુદ્ધ અને સાચાં આંતરમૂલ્યોની ઓળખ અને માનવજાત તરફની નિખાલસ પ્રમાણિકતામાં જીવનનો મને આનંદ છે. સત્યથી વિમુખ લઈ જતાં અનેક પ્રલોભનો સામે નિરંતર આંતરયુદ્ધ, મનોમંથન થતું જ રહે છે. છતાં ય આફતઘેર્યા આયખામાં જીવવાની પણ ખુમારી તો છે જ.

૬ ગુજરાતી સાહિત્યમાંથી આપને ગમતા લેખક?

ઉ. મુનશીજી; પણ એ એમનાં 'પૃથિવી વલ્લભ' અને 'પાટણની પ્રભુતા'ના ગાળાના. એ પછીની એમની કૃતિઓ તરફ હું વધુ ન આકર્ષાયો.

૭ જગત-સાહિત્યના પ્રિય લેખકો, કવિઓ, પુસ્તકો ને પાત્રો?

ઉ. ટૉલસ્ટૉય અને અર્નેસ્ટ હેમિંગ્વે એ બે પ્રિય લેખકો. કબીર અને રેઈનર મારિયા રિલ્કે એ બે પ્રિય કવિઓ. 'વૉર ઍન્ડ પીસ', મલિક મુહમ્મદ જાયસીનું 'પદ્માવત' ને જિયોવાની પૅપિનીનું 'લાઈફ ઑવ ક્રાઈસ્ટ' એ પ્રિય કૃતિઓ. પાત્રોમાં નવલકથામાંથી તો નહિ, પણ પુરાણોમાંથી બે ખરાં : એક ગ્રીસનો પ્રોમીથીઅસ અને બીજો, મહાભારતનો અશ્વત્થામા.

૮ આપનો ખાસ શૉખ?

ઉ. બગીચાનો, ને દિવસની સતત પ્રવૃત્તિ પછી રાતે મોટરકારમાં અહેતુક ને અલગારી રખડપટ્ટીનો. આ રાત્રિચર્યામાંથી ઘણી વાર સહેતુક સાહિત્ય-સર્જનની પ્રેરણા મળી રહે છે.

ધર્મવીર ભારતી

શબ્દકથા 'નણંદ'

'નણંદ'ના મૂળ વિષે એક વાચકે પુછાવ્યું છે, પણ તેમાં વિવરણને અવકાશ નથી. સં. 'નનાન્દા' ઉપરથી આપણી ભાષાઓમાં 'નણંદ' વગેરે આવ્યાં છે. સં. 'નનાન્દા'નું મૂળ સ્પષ્ટ નથી. કેટલાક તેને 'નન્દ' (–આનંદ પામવું) ઉપરથી કે તેમાં નિષેધવાચક નકાર માનીને વ્યુત્પત્તિ આપે છે. પણ એ સાચી નથી. સંભવતઃ તે વૈદિક 'નના' (–માતા) જેવા શબ્દની સાથે સંકળાયેલો છે.

હરિવલ્લભ ભાયાણી

માર્ગદર્શન પણ આ પુસ્તકમાંથી પ્રાપ્ત થઈ રહે છે. (પ્રકા. શ્રી ગ્રંથમાળા, સિહોર જિ. ભાવનગર; પાકું પૂઠું; પૃ. ૧૬૭; રૂ. ૧૦.)

આશાની ક્રાંતિ: પશ્ચિમના મહાન આધુનિક વિચારક એરિક ફ્રોમના અંગ્રેજી પુસ્તકનો શ્રી કાન્તિ શાહે કરેલો આ ગુજરાતી અનુવાદ પ્રવર્તમાન યુગની જટિલ સમસ્યા જેવાં વિજ્ઞાન, સમાજ, રાજ્ય, અર્થતંત્ર અને માનવીય સંબંધોને સમુચિત રીતે ચર્ચે છે. માનવનું માનવ તરીકેનું વ્યક્તિત્વ આજે જોખમમાં મુકાઈ રહ્યું છે ત્યારે તે દિશામાં નવી દૃષ્ટિ અને નવી આશા પ્રગટ કરતા લેખકના વિચારો કોઈ પણ માનવતાપ્રેમી વાચકને વિચાર કરતો કર્યા વગર રહેશે નહિ. (યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુઝરાત પાગા, વડોદરા; કાચું પૂઠું; પૃ. ૧૬૨; રૂ. ૨)

વીણેલાં ફૂલ: જીવનમાંગલ્યને સ્પર્શતી ૪૦ લઘુ વાર્તાઓનો આ સંગ્રહ, અગાઉ 'ભૂમિપુત્ર'માં આવી ગએલી વાર્તાઓનું દોહન છે. (પ્ર. ઉપર મુજબ, કાચું પૂઠું; પૃ. ૧૯૦; રૂ. ૨)

શિક્ષણમાં ક્રાંતિ: શિક્ષણના પ્રશ્ને આજે વિદ્યાર્થી, વાલી, શિક્ષક સૌને ઉદ્વિગ્ન કરી મૂક્યા છે ત્યારે તે ક્ષેત્રના વિવિધ વિચારકોના વિચારોને સંકલિત કરતી આ પુસ્તિકા તે દિશામાં ઉપયોગી અંગુલિનિર્દેશ કરે છે. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું; પૃ. ૪૮; સંપા. મહેન્દ્ર ભટ્ટ; રૂ. ૫૦ પૈસા)

તરુણોને: આજની ક્ષુબ્ધ અને આક્રોશબદ્ધ યુવાન પેઢી વિષે રચનાત્મક પ્રવૃત્તિના માર્ગે દાદા ધર્માધિકારીએ આપેલા મનનીય વ્યાખ્યાનોનો ભારતી પરીખે કરેલો આ અનુવાદ પ્રત્યેક તરુણને ઉપયોગી માર્ગદર્શન આપી રહે તેવો હોઈ અવશ્ય વાંચી જવા જેવો છે. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું; પૃ. ૮૫; રૂ. ૧–૦૦)

મુદ્રા: શ્રી બકુલ રાવળના આ પ્રથમ કાવ્યસંગ્રહમાં એમની એકાદ દસકાની કાવ્યપ્રવૃત્તિની 'મુદ્રા' પ્રકટાવતો પ્રયાસ જોવા મળે છે, જેમાં ગાંધીયુગીન કાવ્યવિભાવના સાથેસાથે સમસામયિક વિભાવનાઓથી પ્રેરાઈને રચાએલી પણ કેટલીક કૃતિઓ છાંદસ-અછાંદસ આ રચનાઓમાં કવિની ભાવસૃષ્ટિનું સાચું દર્શન થાય છે. સન્નિષ્ઠા પ્રેરિત આ પ્રયત્નોમાંથી જ્યાંજ્યાં કાવ્યાસ્વાદ મળે ત્યાંત્યાં સાફલ્ય. (પ્રકા. અશોક પ્રકાશન, ૧૬૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨; પાકું પૂઠું; પૃ. ૧૧૨; રૂ. ૩–૫૦)

કવિમેળો: સૂરતની શ્રેયસ સાહિત્ય સંસ્થાએ પ્રગટ કરેલી આ કાવ્યપુસ્તિકામાં ડૉ. જયંત પાઠક, ઉશનસ્ આદિથી અજિત ઠાકોર સુધીના જાણીતા, ઓછા જાણીતા અને ન જાણીતા ૧૯ કવિઓની ૩૦ કૃતિઓ સંગૃહીત થઈ છે. ગીત, ગઝલ, પરંપરિત રચના; એમ વૈવિધ્ય પણ જળવાયું છે. કેટલીક રચનાઓ એમ પ્રતીત કરાવી આપે છે કે અહીં માત્ર 'કવિમેળો' જ નથી, કાવ્યમેળો પણ છે. (પ્રકા. શ્રેયસ્ પ્રકાશન, સૂરત; કાચું પૂઠું; ૩૨; ૦–૭૫ પૈસા)

મહાવીર: સુપરમૅન કોને કહેવાય અને તે કઈ રીતે બની શકાય, એ મુખ્ય વિષય પર જાણીતા ચિંતક વાડીલાલ મો. શાહના લગભગ ૫૦ વર્ષ પહેલાંના આ વિચારો અહીં પુનર્મુદ્રિત થયા છે ત્યારે આજની ભૌતિક વિકાસની દોડને પડછે એ વધુ મનનયોગ્ય બની રહે છે. (સંપાદક: ત્રિભુવન વીરજીભાઈ હેમાણી; પ્ર. વલ્લભ ડી. ગાલા, મુંબઈ–૯; કાચું પૂઠું; પૃ. ૪૮; મૂલ્ય જણાવ્યું નથી.)

ઉચ્ચ જીવન: ઉચ્ચ જીવન જીવવામાં તંદુરસ્તી અનિવાર્ય છે એ હકીકતને ધ્યાનમાં લઈને પ્રસિદ્ધ લેખક ડૉ. હરિપ્રસાદ દેસાઈની કલમે લખાએલી ૩૦ વર્ષ પહેલાંની આકૃતિ આજની યુવાન પેઢીને તો જીવન ઘડતરમાં સવિશેષ ઉપયોગી હોઈ અચૂક વાંચવા જોગ છે. (પ્ર. 'જીવનદીપ', ગોપાળ બાગ પાસે, રેઈસકોર્સ સર્કલ, વડોદરા–૭; કાચું પૂઠું; પૃ. ૪૨; ૮૦ પૈસા)

રાણી રાસમણિ: દક્ષિણેશ્વરનું ભવ્ય કાલિમંદિર બંધાવનાર વીરાંગના રાસમણિના જીવનની નીડરતા અને ઉદાત્તતાને કેન્દ્રમાં રાખી લખાએલી સરળ અને પ્રેરક જીવનકથા. (લે. રમેશ ભટ્ટ; પ્રકા. હરિ: ૐ આશ્રમ નડિઆદ; કાચું પૂઠું; પૃ. ૨૪; કિંમત જણાવી નથી.)

અંકશક્તિ-કસોટીની નિર્દેશની: વિદ્યાર્થીઓ જીવનમાં સફળતાથી પ્રવેશી શકે એ માટે શિક્ષણમાં એની શક્તિ, મર્યાદા, અભિરુચિ વગેરેનો ખયાલ કરીને જો માર્ગદર્શન આપવામાં આવે તો વિદ્યાર્થીપેઢીની શક્તિ એળે ન જાય. એ માટે માનસશાસ્ત્રીય રીતે તેમને કસી જોવાની પદ્ધતિ શરૂ થઈ છે. તેમાં આ પુસ્તિકા એમાંનાં વ્યવહારુ અને શાસ્ત્રીય સૂચનોને લઈને શાળાના તેમજ તાલીમી સંસ્થાઓના વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી છે. (લે. ડૉ. રિખવભાઈ શાહ; પ્રકા. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪; કાચું પૂઠું; પૃ. ૨૯; કિં. કસોટીપત્ર અને જવાબપત્ર સાથે રૂ. ૨–૧૦)

હૈયાઅંકુરો: લેખિકા સુધા સંઘવીની ૭૮ કૃતિઓ પ્રગટ કરતા આ કાવ્યસંગ્રહમાં ગીતો, ભજનો, હાઈકુ વગેરે રચનાઓ લેખિકાનો કાવ્યાંકુર-સ્ફોટ સૂચવે છે. ભાષા-શૈલી અને અભિવ્યક્તિની કાવ્યોચિતતા આ 'કાવ્યાંકુરો' આગળ જતાં પકવ બની જે ફાલ ધરશે તેમાં માણવાની અપેક્ષા રહે છે. (પ્રકા. પોતે જ, રિજ રોડ, મુંબઈ–૬; કાચું; પૃ. ૯૬; રૂ. ૩–૫૦)

વેરાએલાં ફૂલડાં: શ્રી બટુકભાઈ દેસાઈની ૧૧૯ અને રમણભાઈ દેસાઈની ૭ એમ કુલ ૧૨૬ કાવ્યકૃતિઓનો આ સંગ્રહ સ્વાતંત્ર્યની લડતના ગાળાની યાદ આપી જાય છે. તેમાં દેશપ્રેમ ઉપરાંત, માનવપ્રેમ, પ્રકૃતિપ્રેમ અને પ્રભુપ્રેમનાં પદ્યો પણ છે. (સંપા. પ્રકા. લીલુબેન દેસાઈ; ૪૭, બ્રાહ્મણ મિત્રમંડળ સો. અમદાવાદ–૬; પાકું; પૃ. ૧૫૬; રૂ. ૪)

ઝંખના: શ્રી ગોપાલ શાસ્ત્રીની લગભગ સોએક કાવ્યકૃતિઓના આ સંગ્રહમાં મુખ્યત્વે ગઝલો છે. ગઝલનો લયબંધ કે અન્યત્ર કટાવની લયબંધ પણ વારંવાર તૂટે છે. અભિવ્યક્તિનવીનતાનો મોહ અછતો રહેતો નથી. છતાં ય કાવ્યગુણનો વિચાર આવે ત્યારે કવિની જ પૃ. ૭ પરની પંક્તિ યાદ આવે છે કે હજુ સર્જક 'શબ્દકાફલામાં અટવાતા' છે. (પ્ર. ઉદય પ્રકાશન, બાજવાડા, વડોદરા; કાચું પૂઠું, પૃ. ૧૧૫, રૂ. ૪)

પદ્મા પત્રપા સરોવરની: આદર્શ, સેવા, ઉન્નતતા વગેરે ખયાલોને કેન્દ્રમાં રાખી ઉપજાવેલી શ્રી કુમુદચંદ્ર ગાંધીની પ્રથમ સામાજિક નવલકથા. (પ્રકા. નવભારત સાહિત્ય મંદિર, રતનપોળ નાકા સામે, ગાંધીરોડ, અમદાવાદ-૧; પાકું પૂઠું; પૃ. ૨૨૪; રૂ. ૬–૨૫)

અતીંદ્રિયયોગી શ્રી બાપુસાહેબ મિટકર: મહારાષ્ટ્રીય યોગી શ્રી મિટકરના પ્રેરણાત્મક જીવન અને અધ્યાત્મ–અનુભવોને નિરૂપતું પુસ્તક. (લે. પોપટલાલ રાવળ; પ્રકા. શ્રી કૉર્પોરેશન, પ્રેમભવન, ૨૩૪-૩૬, નરશી નાથા સ્ટ્રીટ, મુંબઈ–૯; પાકું પૂઠું; પૃ. ૨૬૮; રૂ. ૧૦)

યોગીરાજશ્રી ગોપાળાનંદ સ્વામી: સ્વામીનારાયણ સંપ્રદાયના એક સ્તંભ સમા ગોપાળાનંદ સ્વામીના જીવન અને કાર્યને અહીં સાદી શૈલીએ સંક્ષેપમાં નિરૂપવામાં આવ્યું છે. (લે. ગોરધનદાસ જીવરાજ સોરઠિયા; શ્રીજી સાહિત્ય પ્રચાર કાર્યાલય, બંગલી ચોક, બગસરા; કાચું પૂઠું; પૃ. ૩૬; રૂ. ૦-૭૫.)

(અનુસંધાન)

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલકારોનાં જીવન-કવનનો પરિચય

[૪૩]

કરાવનાર · જલન માતરી



'દિલહર' સંઘવી

કદમ નીચે સહરા અને નજર સામે હિમાલય રાખનારા, પોતે કપોળ વણિક હોવા છતાં આંતરજ્ઞાતીય પ્રેમલગ્ન કરીને જ્ઞાતિમાં ઊહાપોહ જગાડનારા શ્રી હરિપ્રસાદ મોહનલાલ સંઘવી છેલ્લાં ૧૮ વર્ષની ગઝલ-સાહિત્યની સેવા 'દિલહર' સંઘવીના તખલ્લુસથી કરી રહ્યા છે. 'ગૌતમી' ને 'કસ્તૂરી' ગઝલ–મુકતક–સંગ્રહોના સર્જક ભાઈ 'દિલહર'નો જન્મ મુંબાઈમાં થયો હોવા છતાં ઉછેર ગરીબીમાં થયો છે. જન્મતારીખ ૧૮-૧૧-૧૯૩૨. અભ્યાસે મૅટ્રિક પાસ. હાલ સિહોર નગર પંચાયતમાં કલાર્ક તરીકે સેવા બજાવે છે. સરકતા સમયના રજકણમાં પગલાંની છાપ પાડનારા આ દિલહર શાયરના શેરોની મજા લઈએ :

દેવના દરબારમાં મુજને કશો યે રસ નથી,
સત્ય કહું છુ મારે એમાં આવવું ચોક્કસ નથી.
તે દિવસથી સ્વર્ગ-પ્રાપ્તિની તજી મેં ઝંખના,
જાણવા જે દી મળ્યું કે ત્યાં કોઈ માણસ નથી!

મને ઇચ્છા નથી મૂર્તિ બની પૂજાઉં હું જગમાં,
ઉઠાવી લે મને શિલ્પી મજાનું ટાંકણું માની.
પછી લડવા ઝગડવાનો રહે છે પ્રશ્ન ક્યાં 'દિલહર'
અહીં સૌ આપણે રહીએ બધુંયે આપણું માની.

નહીં કોઈ આંકી શકે મૂલ્ય મારું
આ દુનિયામાં, એવી પ્રતીતિ થવાથી,
નવી નિત્ય આફત સ્વીકારી લઈને
સમયની કસોટીએ ખુદને કસું છું.

મને સાવ પાગલ ગણી કાઢનારા
તમોને ભલા કેમ સમજાવું 'દિલહર',
ખરેખર છે ખૂબી એ મારા જીવનની—
છે આંખોમાં આંસુ છતાંયે હસું છું.

મેરુ પર્વતનના ચા મળી જાય તો,
ચીજ શું છે અચળ આસથા, બોલશે.
જીભ સીવીને પણ ફાવશે ના સમય,
કે અમારા વતી નામના બોલશે.

ગર્વ કરવાનું ભૂલી ગયા મરજીવા
રેતમાં મારું નૌકા-તરણ જોઈને!

ટીકા-ટિપ્પણ વિના ટૂંકમાં
કહી દઉં હાલ જીવનનો:
કદમ નીચે છે સહરા ને
નજર સામે હિમાલય છે!
જીવન–નાટકમહીં એથી
વધુ તો આશ શું રાખું?
મને સંતોષ, જો કોઈ કહે
સારો અભિનય છે.

પરિચય અન્યનો દેતાં પડું છું
હું વિમાસણમાં-
મને 'દિલહર' હજી મારો જ,
ખુદનો ક્યાં પરિચય છે?

જીવનનું ફલક વિસ્તૃત થાતાં
નરમાશ ગુમાવી ના બેસું,
થઈ તારકમાંથી ચંદ્ર કદી
આકાશ ગુમાવી ના બેસું;
છે એ જ ભીતિ હૈયામાં કે
બિંદુથી સિંધુ થાતાં હું
ખારાશને પામી ના બેસું,
મીઠાશ ગુમાવી ના બેસું.

મેં ગર્વ બધો મારો
હૈયાને ઘાટ શમાવી દીધો છે,
ને આપવડાઈનો સઘળો
તલસાટ શમાવી દીધો છે;
હું એ જ સમંદર છું કિંતુ
જગ મુજને બિંદુ સમજે છે,
કારણ કે મેં નાહક કરવો
ઘૂઘવાટ શમાવી દીધો છે.

જીવનના ચોપડે સઘળા હિસાબો થઈ જશે સરભર,
જમા રાખો 'તું હી તું', ને બીજી બાજુ ઉધારો 'હું.'

ગુજારું છું જીવનને હું સતત એવી દશા વચ્ચે,
તણખલું જેમ ચકડોળે ચડી જાયે હવા વચ્ચે.
મને જો શોધવા ચાહો તમે તો ખ્યાલમાં રાખો:
તમોને હાથ નહિ લાગું કદી હું કાફલા વચ્ચે.
જરા સંદેશ મારો આભનાં વાદળને પહોંચાડો :
લઈને પ્યાસ ભટકું છું હજી હું ઝાંઝવાં વચ્ચે.

સૂરજની રોશની જ્યારે ખલાસ થઈ જાયે,
કહો હૃદયને બળે, કે ઉજાસ થઈ જાયે.

એ દિવસ દેખાડ ના મુજને ખુદા!
જે મને ઉત્સવ બનીને છેતરે.

પાગલ કદી ય નિજની આદત નથી બદલતા,
ફૂલો હજી કરે છે કાંટા ઉપર પથારી.

આહ, નિસાસા, ન્હારે ધાઓ,
આંસું ખૂટયાં આજ નયનમાં.
બરબાદી! તું જામીન થા તો,
રાખું હું ઈતબાર વચનમાં!
એ માટે શું પ્રાણને ત્યજવો?
છોને મળતું સ્વર્ગ ગગનમાં.
તેઓ પણ 'દિલહર'ની ગઝલો,
ગણગણતાં'તાં મનમાં મનમાં.

એક જ કિશ્તી, સાત સમંદર,
હાથ ધ્રૂજે છે.છોડતાં લંગર.
દૂરથી જોતાં પાણી પાણી,
પાસ ગયા તો કંકર કંકર!

આ તે કેવી તારી સરજત?
અંતર અંતર વચ્ચે અંતર!
જીરવી લઈએ ઝેર જીવનનાં,
ચાલો રમીએ, શંકર–શંકર!

હરરોજ મને અજવાળામાં,
જે પડછાયાનો સાથ મળ્યો,
એની કસોટી કરવાને
મેં દીપ બુઝાવી લીધા છે.

ભયાનક રાતને મારો ફક્ત એક જ દિલાસો છે:
સતત શોધી રહ્યો છું, ક્યાં સૂરજનો રાતવાસો છે.

પૂનમના ચાંદને કહેજો, કે એ માઠું લગાડે ના,
વિરહમાં ઝૂરનારા કાજ તો કાયમ અમાસો છે.

ફરીથી વિશ્વને જોવા મળે પુરુષાર્થની સિદ્ધિ,
ફરીથી ભાગ્યરેખાઓ બધી ગૂંચવાઈ જવા દો.

નશામાં હું ગઝલ એને સુણાવું તો કરે 'વાહવા',
કરે છે એ જ ફરિયાદો પછી મારા વ્યસન માટે!

સમય સાથે સતત સંગ્રામ
ચાલ્યો એ રીતે 'દિલહર',
સમય ન્હોતો મળ્યો,
કે હું વિચારું કંઈ સમય માટે.

ચઢે છે માંહ્યલો તો સાહ્યબીથી દૂર રહેવાનું,
કદાપિ રાજધાની રામની લંકા નથી હોતી.
જીવનમાં કેટલી ગઝલો રચાશે,
શી ખબર 'દિલહર',
હૃદયનાં દર્દની નક્કી કશી,
સંખ્યા નથી હોતી.

જમાનો કરે છે દીવાનાની યાદી,
સરસ તક છે: ચાલો, ઉમેરાઈ જઈએ.

કેવો દયાળુ છે ખુદા! પાપો કરી તાગી જશું.
શું છે મરણ? ઝોકું લઈ 'દિલહર' ફરી જાગી જશું.

પચ્ચીસ વર્ષ પહેલાં

એપ્રિલ•૧૯૪૮•સળંગઅંક૨૯૩

કુમાર

દેવળબંદર આજે ભારતથી વિખૂટા પડેલા સિંધનું એક વેળાનું ધીકતું દરિયાદ્વાર હતું. સદીઓ પહેલાં ત્યાં શૈવમાર્ગી હિંદુ રાજા ચચ્ચની જાહોજલાલી હતી. ઢોલા-મારુ કે હોથલપદમણીની જેમ એ ચચ્ચ-સુંહધીની પ્રેમકથા પ્રસિદ્ધ હતી. દેશના ભાગલા પછી સિંધની પેઠે એ કથા પણ હવે તો વિસરાઈ ગઈ છે. પણ એ ચચ્ચના સામ્રાજ્યની પડતીનું પ્રકરણ ભારત પરના વિદેશી આક્રમણોના ઇતિહાસમાં અગત્યનું છે. આરબોના આક્રમણ દ્વારા ઈસ્લામનો પહેલો પગપેસારો એ ચચ્ચના રાજ્યના દેવળબંદરથી થએલો. પચ્ચીસ વર્ષ પહેલાં કુમારમાં એની કથા પ્રકટ થએલી. આજે પણ એ એટલી જ મહત્ત્વની છે. અહીં એ ફરી જોઈએ.

આજે તો એ દેવળબંદરનું નામ સુધ્ધાં પણ ભાગ્યે કોઈ જાણતા હશે; પણ આજથી હજાર બારસો વર્ષ ઉપર, છઠ્ઠી, સાતમી અને આઠમી સદીમાં સિંધનું એ એક અગત્યનું અને ધીકતું બંદર હતું. દરિયા સાથેના સીધા જોડાણને લીધે દક્ષિણ હિંદના વ્યાપારનું તે મધ્યવર્તી કેન્દ્ર ગણાતું. દેશપરદેશની અઢળક સમૃદ્ધિ એને કાંઠે ઠલવાતી. દેશદેશના વેપારીઓ ત્યાં આંટાફેરા કરતા. લગભગ ૨૦ માઈલના વિસ્તારમાં ફેલાએલું આ મહાનગર જાહોજલાલીની ટોચે હતું. અને તેનું મુલ્કમશહૂર દેવળમંદિર અને શહેર ફરતો આવેલો તોતિંગ કોટ તો ઘણા યે મુસાફરોના આકર્ષણનું કેન્દ્ર હતાં.


પરંતુ આજે તો એ વિરાટનગરનું નામનિશાન પણ જડતું નથી. એટલું જ નહિ, વિદ્વાન સંશોધકો સુધ્ધાં તેનું નિશ્ચિત સ્થાન પણ શોધી શક્તા નથી. તેના ચોક્કસ સ્થાન વિષે પુષ્કળ મતભેદો પ્રવર્તે છે. એક માન્યતા એવી છે કે પ્રાચીન કાળના નારાયણકોટની જગ્યાએ જેમ હાલનું હૈદરાબાદ વસ્યું છે તેમ દેવળબંદરની જગ્યાએ હાલનું નગરઠઠ્ઠા વસ્યું હોય. પણ લુપ્ત થએલા ભાંભોર અને લારીબંદર આ માન્યતામાં શક ઉપજાવે છે. પ્રાચીન કાળમાં સિંધુ નદીનું મુખ ઘણે દૂર સુધી પશ્ચિમ બાજુએ હોવું જોઈએ, એમ ત્યાંની જમીન જોતાં જણાય છે. દેવળબંદર, લારીબંદર અને વક્કરબંદર (કેટીબંદર) એ ત્રણે સિંધુ નદીની પશ્ચિમે જ આવેલાં હતાં એમ ઇતિહાસકાર ઈસ્તખારી કહે છે. જ્યારે અબુલ કાસીમ ઈબુ હકલ કહે છે કે દેવળબંદર સિંધુના પૂર્વ કિનારે દરિયાકાંઠે આવેલું છે; પણ બીજી જગ્યાએ તે જ વળી લખે છે કે દેવળબંદરની પૂર્વ બાજુએ થઈ સિંધુનાં પાણી દરિયામાં પ્રવેશે છે! આ રીતે જેમ તેના સ્થાન માટે મતભેદો પ્રવર્તે છે તેમ તેના નામ માટે પણ ઘણા મતભેદો છે. દેવળબંદર, દેવળપુર, દેબલપુર, દીપલપુર એમ ઘણાં નામોથી તે ઓળખાતું આવ્યું છે. પણ એટલું તો ચોક્કસ લાગે છે કે સિંધ દેશના ચચ્ચના પુત્ર દાહીર નામના પ્રખ્યાત હિંદુ રાજાની આગલી પેઢીએ થએલા દેવળ નામના રાજાના નામ પરથી આ શહેરનું નામ દેવળ પડ્યું હોવું જોઇએ; કારણ કે ઉપરનાં બધાં નામો 'દેવળ' પરથી જ નીકળ્યાં છે. તેમાંનાં દેવળપુર, દેબલપુર અને દીપલપુર તો માત્ર ઇતિહાસના ગ્રંથોમાં જ ઉલ્લેખાયાં છે. સામાન્ય લોકજીભે તો એ 'દેવળબંદર' તરીકે જ ઓળખાતું આવ્યું છે.

જે કાળે દેવળબંદર ધીકતું શહેર હતું તે કાળે ત્યાં વિવિધ ધર્મસંપ્રદાયોનું ઘણું જોર હતું. રાજા જે ધર્મનો હોય તે ધર્મને રાજ્યાશ્રય મળતો અને તેનું પ્રાબલ્ય શહેરમાં વધતું. ઈ. ૬૩૨માં રાજા ચચ્ચ ગાદીએ આવ્યો ત્યારે તે શૈવધર્મી હોવાથી શૈવ સંપ્રદાયનું જોર વધેલું. પણ ઈ. ૬૭૨માં તેના મૃત્યુ પછી ગાદીએ આવેલો તેનો નાનો ભાઈ ચંદાર બૌદ્ધધર્મી હોવાથી તેના સમયમાં બૌદ્ધધર્મનું પ્રાબલ્ય વધ્યું. ચંદારે ઠેકઠેકાણે બૌદ્ધ વિહારો, મઠો તથા સ્તૂપો બંધાવ્યા. પણ આઠ જ વર્ષ બાદ તે મૃત્યુ પામતાં ઈ. ૬૮૧માં ચચ્ચનો પુત્ર દાહીર ગાદીએ આવ્યો. પિતાની માફક એ પણ શિવભક્ત હોવાથી ફરી શૈવધર્મને રાજ્યાશ્રય મળ્યો ને તેનું જોર વધ્યું.

રાજા ચચ્ચ દેવળના વખતમાં શૈવધર્મ તરફના તેના પ્રેમને કારણે તેણે શિવનું એક ભવ્ય મંદિર આ શહેરમાં બંધાવેલું. દેવળબંદરની જો કોઈ ગૌરવભરી વિશિષ્ટતા હોય તો તે આ 'દેવળમંદિર'. લાખોના ખર્ચે બંધાવેલા આ મંદિરમાં કલાકારોએ પોતાની ઉત્કૃષ્ટ કલાને સભર ભરી દીધી હતી. સોમનાથ પાટણના શિવમંદિર અને ઉજ્જૈનના મહાકાલેશ્વરના મંદિર જેવી જ ભવ્યતા ને ખ્યાતિ ધરાવતા આ મંદિરનું તેજસ્વી શિવલિંગ જમીન બહાર પાંચ ફૂટ જેટલું ઊંચું હતું. દૂરદૂરથી ભાવિકો તેનાં દર્શન માટે આવતા. રાજ તરફથી મંદિરને અઢળક ધન મળવાથી ઉત્તરોત્તર તેનો સિતારો ચઢતો જતો હતો. પણ દેવળરાજના મૃત્યુ બાદ જ્યારે બૌદ્ધધર્મી ચંદાર ગાદીએ આવ્યો ત્યારે મંદિરની મહત્તા ઘટી. જો કે એ સમયે બૌદ્ધ



મહમદ બિન કાસિમ



◁ ઐતિહાસિક સ્થાનો તથા કેટલાક અર્વાચીન શહેરો દર્શાવતો સિંધનો નકશો.

ધર્મ તેની વિકૃત અને નિષ્પ્રાણ દશામાં હતો. ચંદારના મૃત્યુ પછી ચચ્ચનો પુત્ર દાહીર ગાદીએ આવતાં ફરી એ મંદિરને રાજ્યાશ્રય મળ્યો અને એની ખ્યાતિ અધિક ફેલાઈ.

બ્રાહ્મણ વંશનો આ છેલ્લો રાજા દાહીર મહાપરાક્રમી હતો. બ્રાહ્મણાબાદ, મકરાણા, અરમનબેલા, ઈસ્કંદહ, મુલ્તાન ને સિવિસ્તાનના હાકેમો પર તેણે પોતાની સત્તા સ્થાપી હતી. તેના રાજ્યઅમલ દરમ્યાન સિંધ દેશ વૈભવની ટોચ પર હતો. અલોર, સેવાન, નારાયણકોટ, મુલ્તાન ને દેવળ આદિ તેનાં શહેરોની સમૃદ્ધિ તથા જાહોજલાલીની કીર્તિ મધ્ય એશિયા સુધી પ્રસરેલી હતી અને હિંદના કોદુબરાનું બારીક કાપડ, ગાંધારના રેશમી રેજા અને કનોજનાં અત્તર બગદાદની બજારોમાં જ્યારે બહુ જ મોંઘા ભાવે વેચાતાં ત્યારે હિંદની આ અપૂર્વ વૈભવશાલિતા ઈરાક અને ઈરાનના શાહની આંખોમાં કણાની માફક ખૂંચતી ને તેને લૂંટી લાવવાના મનસૂબા તેઓ કરતા. તે માટે એક-બે પ્રયત્નો પણ તેમણે કરેલા, પણ દાહીરની શક્તિ આગળ તેઓ ફાવતા નહિ.

એ અરસામાં દેવળબંદરના સર્વનાશના કારણરૂપ એક શકવર્તી બનાવ બન્યો. સિંહલદ્વીપના રાજવીએ બગદાદના ખલીફા અબ્દુલ મલિકને મોકલાવેલું લાખોનું જરજવાહીર અને કીમતી તેજાના લઈને જતાં કેટલાંક વહાણો બગદાદ તરફ જતાં હતાં, ત્યાં રસ્તામાં ભયંકર તોફાન ફાટી નીકળ્યું. નાખુદા સઢ સંકેલે તે પહેલાં તો ભીષણ વાવડાએ વહાણોને ચકાવે ચડાવ્યાં અને તેની ઉપરાઉપરી થપાટે વહાણોને સિંધુના મુખમાં દેવળબંદર પાસે આવેલી બેટડાની નાળમાં ધકેલ્યાં. ખલાસીઓએ, પોતે કોઈ સુરક્ષિત સ્થાને આવ્યા માની નિરાંતનો શ્વાસ લીધો, પણ તેમને ખબર ન હતી કે જેને તેઓ સુરક્ષિત સ્થાન માનતા હતા તે તો સમ્રાટ હર્ષના સમયથી સાગર તીરે વસતા અને સફરી વહાણોને ત્રાસ પોકરાવતા બૌદ્ધ ચાંચીઆઓનો મઠ હતો. વહાણો હજુ સ્થિર થયાં ન થયાં ત્યાં તો ચાંચીઆઓએ તેમના પર હુમલો કરી બધું જવાહીર લૂંટી લીધું તથા વહાણ પરના માણસોની નિર્દયરીતે કતલ કરી.* જે થોડા માણસો જીવતા બચ્યા, તેમણે આ ભયંકર બનાવની ખબર ઈરાકના અરબ સુબેદાર હિજાજને કરી. હિજાજે દાહીર આગળ ફરિયાદ કરી.

દાહીરે જણાવ્યું કે એ બૌદ્ધ ચાંચીઆઓ પોતાના કબજા હેઠળ નહોતા અને પોતાના અનેક પ્રયત્નો છતાં પોતે દરિયાવાટને નિર્ભય બનાવી શકયો નહોતો. આથી એ પોતે લાચાર હતો. પણ હિંદ પર ચઢાઈ કરવાને કંઈ ને કંઈ કારણ શોધતા ટાંપી બેઠેલા ખલીફે આ ખુલાસાઓને ન લેખવતાં બાઝીલ નામના પોતાના એક સરદારને સૈન્ય સાથે સિંધ જીતી લેવા મોકલ્યો. દાહીરે પોતાના પુત્ર જયસિંહને તેની સામે મોકલ્યો. દેવળબંદર નજીક મોટું યુદ્ધ થયું. તેમાં પહેલે જ સપાટે તેણે બાઝીલને હરાવી, મારી નાખ્યો ને તેના સર્વ સિપાહીઓને કેદ પકડયા. હિજાજને આ ખબર મળતાં તેણે પોતાના જમાઈ મહંમદ બિન કાસિમને ૬ હજાર કસાએલા ઘોડેસવારો, જંગી પાયદળ તથા દરિયાઈ યુદ્ધમાં કુશળ એવી સેના અને ખૂબ શસ્ત્રાસ્ત્રો આપી મોકલ્યો. આ મહંમદ બિન કાસિમ ઇસ્લામ-પ્રચારમાં ઝનૂની શ્રદ્ધા ધરાવનાર કટ્ટર મુસલમાન હતો. વીસ જ વર્ષના એ તરુણ સેનાનાયકની કાફિરો પ્રત્યેની સૂગ જાણીતી હતી, અને જ્યાંજ્યાં એ વિજયી બનતો ત્યાંત્યાં નિશ્ચયપણે ઈસ્લામની સ્થાપના કરતો. જોકે સેનાપતિ તરીકે તે શૂરો સાહસિક, આજ્ઞાપાલક ને વચનપાલક હતો. સિંધુપતિ દાહીરને પોતાના ગુપ્તચરો મારફત આ જંગી આક્રમણના સમાચાર મળતાં પોતાની રાજધાની અલોરના રક્ષણનો બંદોબસ્ત કરી તે જાતે પોતાના પુત્ર સહિત દેવળબંદરનું રક્ષણ કરવા આવી પહોંચ્યો. દેવળ બંદર આગળ જે યુદ્ધ થયું તેમાં દુર્ભાગ્યે પહેલા જ આક્રમણમાં દાહીરનો પુત્ર જયસિંહ હણાયો. આથી લશ્કરમાં ભંગાણ પડયું અને લશ્કર દેવળબંદરના કિલ્લામાં ભરાયું. મહંમદ કાસિમે શહેરને ઘેરો ઘાલ્યો. દિવસો પર દિવસો પસાર થવા લાગ્યા, પણ વિજયનું કંઈ ચિહ્ન ન દેખાતાં મહંમદ કાસિમ અકળાયો. અરબોના બધા હુમલા દાહીરનું હિંદુ લશ્કર મારી હઠાવતું રહ્યું.

પણ મહંમદ બિન કાસિમ જેવા વીર અને કુશળ સેનાનાયકના કસાએલા વિશાળ સૈન્ય સામે દેવળબંદર જે ટક્કર ઝીલી રહ્યું હતું તેનું ખરું કારણ તો બીજું જ હતું. દાહીરના લશ્કરના દરેક સૈનિક અને દેવળબંદરના પ્રત્યેક નાગરિકની એવી શ્રદ્ધાભરી માન્યતા હતી કે જ્યાં સુધી શહેરના મધ્યભાગે આવેલા દેવળમંદિર પરની ધ્વજા ફરકતી રહે ત્યાં સુધી ઈશ્વર આપણી બાજુ છે અને વિજય આપણો જ છે. જો એ ધ્વજાને કંઈ ઈજા પહોંચે અને તે પડી જાય તો તેને યુદ્ધ બંધ કરવાનો ઈશ્વરી આદેશ સમજી યુદ્ધ બંધ કરવું જોઇએ. આથી જ્યાં સુધી એ ધ્વજા ઉન્નત મસ્તકે ફરફરી રહી હતી ત્યાં સુધી સૈનિકો અને નાગરિકો આ ધાર્મિક અંધશ્રદ્ધાના ઉત્સાહથી અને આત્મવિશ્વાસથી લડી રહ્યા હતા અને મહંમદ બિન કાસિમના ઝનૂની આક્રમણોને હંફાવી રહ્યા હતા.

આથી હવે, કિલ્લાના કોઈ ગુપ્ત દ્વારનો પત્તો મેળવવાના આશયથી મહંમદના દરિયાઇ કાફલાએ જતાંઆવતાં વ્યાપારી ને સફરી વહાણોનાં મુસાફરોને પકડી તેમની પાસેથી કિલ્લાની બાતમી મેળવવાના પ્રયત્નો શરૂ કર્યા હતા. છતાં યુદ્ધના ખબર આખા દેશમાં ફેલાએલા હોવાથી તેને બહુ સફળતા મળતી ન હતી.

પણ આખરે દેવળબંદરના પતનના ઇતિહાસમાં જેનું નામ કલંકિત અક્ષરે લખાએલું છે તે, શિવશર્મા* નામનો એક ડરપોક બ્રાહ્મણ, જે પકડાએલા પૈકી હતો તેણે, અંતે વતન કરતાં પોતાનું જીવન વહાલું કર્યું. એ કોઈ અસાધારણ વિદ્વાન નહોતો, પણ પોતાની વાક્પટુતાને કારણે દાહીરના દરબારમાં ઠીકઠીક માન ધરાવતો હતો. તેણે કિલ્લાનું કોઈ ગુપ્ત દ્વાર તો ન બતાવ્યું. પણ મરણના ભયથી દાહીરના સૈન્યની બહાદુરીનો પેલો મંદિરની ધ્વજાવાળો ભેદ બતાવી દીધો. તરત મહંમદે દૂર સુધી નિશાન તાકીને મોટા પથ્થરો ફેંકી શકાય એવું 'અરૂસ' યંત્ર વડે લડાઈમાં પહેલું જ કામ મંદિરનું શિખર તોડી નાખી ધ્વજા પાડી નાખવાનું કરેલું (વધુ માટે જુઓ શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ કૃત 'સિંધ પર સવારી' નામની નવલકથા).

---

* એક ઇતિહાસ-લેખક આથી જુદી જ માહિતી આપે છે કે હિંદુસ્તાનમાંથી સ્ત્રી-ગુલામો ખરીદીને દરિયામાર્ગે પાછાં ફરતાં ખલીફાનાં વહાણ પર દેવળબંદરના ચાંચીઆ લૂંટારાઓએ હલ્લો કરીને તે સ્ત્રીઓને છોડાવી લીધી અને આરબ વેપારીઓને મારી નાખ્યા. તેમાંથી જે જીવતા નાસી છૂટયા તેમણે આ ખબર ખલીફાને પહોંચાડી. બીજા એક ઇતિહાસકારના કહેવા મુજબ સિંહલદ્વીપના રાજાએ પોતાના દેશની કેટલીક સુંદર છોકરીઓ ખલીફાને ભેટ મોકલેલી. પણ તે વહાણ દેવળબંદર પાસે આવતાં જ ત્યાંના 'મેડ' જાતના દરિયાઈ લૂંટારાઓએ લૂંટી લીધું. આ વાતની હિજાજને જાણ થતાં તેણે દાહીર પાસે પોતાનો એલચી મોકલીને તે છોકરીઓને છૂટી કરવા જણાવ્યું. પરંતુ દાહીરે જણાવ્યું કે, 'ચાંચીઆ લોકો પર મારી કાંઈ પણ સત્તા નથી. ઘણી વાર તેઓ અમને પણ હેરાન કરે છે.'

* બીજી માન્યતા પ્રમાણે આ દેશદ્રોહી કામ કરનાર ખુદ દાહીરનો સેનાપતિ હતો. આરબોએ તેને સિંધ જીતીને તેની ગાદી તેને આપવાની લાલચ આપીને ફોડયો હતો. તેથી તેણે જ સૈનિકોમાં એવી માન્યતા ફેલાવી કે 'જ્યાંસુધી મંદિર પરની ધ્વજા કાયમ રહે ત્યાં સુધી સૌએ હિંમતથી લડવું. તે જો પડે તો જ આપણી હાર થાય.' એક બાજુ સૈનિકોમાં આ માન્યતા ફેલાવી ને બીજી બાજુ તેણે મહંમદ કાસિમને આની જાણ કરી દીધી જેથી મહંમદે

નામનું એક યંત્ર ઝડપી નૌકા દ્વારા પોતાના દેશથી મંગાવ્યું અને તે યંત્રની સહાયથી મોટી શિલાઓનો પેલા મંદિર પર મારો કરી તેનું શિખર તોડી નાખ્યું. આથી મંદિરની પવિત્ર મનાતી ધજા જમીનદોસ્ત થઈ ગઈ. ધજાને પડી જોતાં જ, દિવસો સુધી અરબોનો બહાદુરીપૂર્વક સામનો કરી રહેલા હિંદુ સૈનિકો તેને યુદ્ધ બંધ કરવાનો ઈશ્વરી સંકેત માની લઈ આત્મશ્રદ્ધા ગુમાવી નાસી ગયા. છતાં સૈન્યવિહોણો બનેલો દાહીર આથી નિરાશ ન થતાં ગુપ્ત માર્ગે દેવળબંદર છોડી પોતાની રાજધાની અલોરનું રક્ષણ કરવા ચાલ્યો ગયો.

વિજયોન્માદ કરતું મહંમદનું પ્રલય સૈન્ય દેવળબંદરમાં પ્રવેશ્યું અને એ વૈભવશાળી શહેરનો મહાવિનાશ શરૂ થયો. આગ, લૂંટફાટ અને કતલનું તાંડવ શરૂ થયું. દેવળમંદિરમાંનું લખલૂટ દ્રવ્ય લૂંટી લઈ તેને જમીનદોસ્ત કરવામાં આવ્યું. થઈ શકે તેટલો વિનાશ કરી, લૂંટાય તેટલું ધન લૂંટી, મહંમદ નેરૂનકોટ—નારાયણકોટ (હાલના હૈદરાબાદ) તરફ રવાના થયો.

આ મહાવિનાશ પછી પણ દેવળબંદર તેના બંદરી મહત્ત્વને કારણે પોતાનો મોભો જાળવી રહ્યું હતું. પણ મહંમદનું બાકી રહેલું કાર્ય કુદરતે પૂરું કર્યું. સૈકડો વર્ષથી એકધારી રીતે દેવળબંદર પાસે વહેતી સિંધુ નદીએ, જાણે યવન લશ્કરે કરેલી એ નગરની બદસૂરત પોતાથી જોઈ શકાતી ન હોય તેમ પોતાનું વહેણ બદલ્યું અને દેવળબંદરથી દૂરદૂર ચાલી ગઈ. કુદરતનો આ છેવટનો ફટકો મરણતોલ નીવડ્યો. ધીમેધીમે, અરબ અમલ દરમિયાન લારીબંદર વિકસવા લાગ્યું હતું. સૌ કોઈ ઊગતા સૂર્યને પૂજે છે તેમ, દેવળબંદરના રહ્યાસહ્યા નાગરિકો પણ હવે એ નગર છોડી લારીબંદર ચાલ્યા ગયા અને દેવળબંદરનો તોતિંગ કોટ તથા નિર્જન ગૃહો બધું જ વરસાદ આદિ કુદરતી બળોને કારણે ધીમેધીમે પડી જઈ નામશેષ થઈ ગયું. એક વખતનું વૈભવની ટોચે બિરાજતું એ શહેર એવું તો જમીનદોસ્ત થઈ ગયું કે તે ખરેખર કયે સ્થળે હતું તે નક્કી કરવા પૂરતાં તેનાં ખંડિયેરો પણ આજે હાથ આવતાં નથી. આપણી વિચારહીન અંધશ્રદ્ધાએ આપણા ઇતિહાસમાં કેવો કરુણ ભાગ ભજવ્યો છે તેનું દેવળબંદર એક દૃષ્ટાંત છે.

દેવળનું પતન કરી મહંમદ બિન કાસિમે નારાયણકોટ અને સિવિસ્તાનના કિલ્લા કબજે કર્યા અને ઝીમ પરગણામાં સિંધુ નદી ઉપર હોડીઓનો પુલ બનાવી આખું લશ્કર સિંધુના સામે કાંઠે ઉતાર્યું. એક પછી એક શહેર કબજે કરતા જઈ તેણે દાહીરની રાજધાની અલોર ઉપર આક્રમણ કર્યું. રાજા દાહીરે પોતાની ઈલ્તાફી આરબોની બેરખો (ટુકડીઓ)ને તેની સામે જવા ફરમાવ્યું, પણ તેમણે પોતાના અરબ ભાઈઓ સામે લડવાનો ઇન્કાર કરતાં દાહીર જાતે લડવા નીકળ્યો અને હિંદના ઇતિહાસનું એક મોટું શકવર્તી યુદ્ધ શરૂ થયું.

પાંચ દિવસ સુધી અલોરના મેદાનમાં દાહીર ને મહંમદ બિન કાસિમ વચ્ચે ભીષણ લડાઈ ચાલી. બંનેનાં લશ્કરો બહાદુરીથી લડતાં હતાં; એવામાં એકાએક દાહીર જે હાથીની અંબાડીમાં બેસી લડતો હતો તેમાં એક બળતું તીર ફેંકાયું. અંબાડી સળગી ઊઠી. શાણો હાથી ત્યાંથી નાસી એક તળાવમાં જઈ ઊભો. સમયસૂચકતા વાપરી દાહીર નીચે ઊતરી ઘોડેસવાર થઈ લડવા લાગ્યો અને અંતે ઘોડો પણ ઘવાઈને મરાતાં, તે જમીન પર લડતાંલડતાં એક અરબ સિપાહીને હાથે મરાયો. રાજા મરતાં હિંદુ લશ્કર નાહિંમત થઈ નાસવા લાગ્યું. આરબોની જીત થઈ. આમ ઈ. ૭૧૨ની લડાઈના વિજયથી હિંદની ભૂમિ પર ઈસ્લામનો પગદંડો જામ્યો.

દંતકથા કહે છે કે સિંધ જીત્યા પછી, મહંમદ બિન કાસિમે લૂંટનો માલ ખલીફાને ભેટ તરીકે મોકલાવ્યો. તેની સાથે રાજા દાહીરની બે કુંવરીઓને પણ રાજકેદ તરીકે બગદાદ મોકલવામાં આવી. તેમણે ખલીફા પાસે ખોટી ફરિયાદ કરી કે મહંમદ બિન કાસિમ કપટથી લડ્યો છે અને અમે રાજકુંવરીઓ હોવા છતાં અમારી સાથે અઘટિત વર્તન ચલાવી અમારી આબરૂ લીધી છે. આથી ખલીફાને બહુ ક્રોધ ચડ્યો અને કંઈ તપાસ કર્યા વગર મહંમદ બિન કાસિમને જીવતો ને જીવતો ચામડામાં સીવીને બગદાદ લાવવાનો હુકમ કાઢ્યો. આ હુકમનો તરત અમલ થયો અને ચામડામાં ગોંધી રાખવાથી ત્રણ દિવસે મહંમદ બિન કાસિમનું અકાળ મોત થયું. સિંધનો જીતનાર આમ મરાયાથી આનંદ માનતી દાહીરની પુત્રીઓએ પાછળથી ખલીફાને ખરી વાત જણાવી. એથી ખલીફા વિફર્યો. તેણે બન્ને છોકરીઓના ચોટલા ઘોડાને પગે બાંધી, બગદાદની શેરીઓમાં તે ઘોડા દોડાવ્યા અને બન્ને બહેનો પછડાઈ રિબાઈને મરણ પામી.*

---

* બીજી માહિતી પ્રમાણે ખલીફાએ ક્રોધિત બની તે કુમારીઓને દીવાલમાં જીવતી ચણી લેવાનો હુકમ કર્યો: પણ કોઈ યવન નોકર તે કુમારીઓને અડે તે પહેલાં જ રાજકુમારીઓએ છુપાવી રાખેલી કટાર બહાર કાઢી વારાફરતી પોતાને હાથે જ આપઘાત કર્યો.

અનુસંધાન] **કળાવાર્તા** [પૃ. ૧૩૯થી
એેજીમાં બ્લૅંક વર્સ—અછાંદસ કાવ્યો લખવામાં તથા વાદ્યસંગીતમાં પણ ઊંડો રસ ધરાવે છે.


મહારાષ્ટ્ર રાજ્યના પ્રાણી-સંરક્ષક શ્રી કાનન સાથેના લગ્ન બાદ મુંબાઈના નૅશનલ પાર્કના એમના વસવાટથી ત્યાંની વનશ્રી અને તેમાં કિલ્લોલતાં વિવિધ પક્ષીપ્રાણીઓ વચ્ચેના પ્રાકૃતિક વાતાવરણથી એમના કલારસને ઘણી પ્રેરણા મળતી રહે છે.

કાષ્ઠથી માંડી ધાતુ સુધીનાં વિવિધ માધ્યમોમાં અને સ્થિર પ્રતિમા સમ શિલ્પાંકનોથી માંડી ગતિશીલ રચનાઓ સુધી એમનું શિલ્પ વિસ્તરેલું છે. એ દિશાના એમના પ્રયોગ અને અભિગમ આગવાં જ છે. પોતાને વાપરવાનાં માધ્યમોની તાસીરની પૂરતી સમજ એમની કલાની યોગ્ય વાહક બની રહે છે. ખાસ કરીને એમની આ સૂઝ કાષ્ઠ અને ધાતુની મિશ્રિત કૃતિઓમાં વધુ અસરકારક જણાય છે. વળી, એમનાં શિલ્પ વાસ્તવદર્શી શૈલીનાં ન હોવા છતાં સમજવાં અઘરાં નથી, એટલે પ્રેક્ષક એને રસથી માણી શકે છે. તાજેતરમાં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની સહાયથી એમણે મુંબાઈની જહાંગીર આર્ટ ગૅલેરીમાં પોતાનાં શિલ્પોનું પ્રદર્શન યોજેલું જે એમના આગવા અભિગમ, માધ્યમના યોગ્ય પ્રયોગ તથા વિષયાનુરૂપ રજૂઆતને કારણે ઘણી પ્રશંસા પામેલું. અહીં તથા આ અંકના પૂઠા પર એમની કેટલીક કૃતિઓ આપી છે.

આ અંકના પૂઠા પરની એમની કૃતિઓમાં વૃક્ષમાં મરાઈ રહેતા ઘુવડને ઝાડના થડિયામાંથી કોરીને ને અન્ય વિગતો જતી કરીને કેવળ એની બિહામણી લાગતી લાક્ષણિકતાઓ જ દર્શાવીને વધુ ચોટદાર બનાવ્યું છે. એ જ રીતે પોતાની એક સખીના ચહેરાની લાક્ષણિકતાઓની થોડી અતિશયોક્તિ કરીને એમણે એની કાષ્ઠપ્રતિમામાં એના વ્યક્તિત્વને ઉપસાવ્યું છે.

ત્રીજી કૃતિને એમણે 'ગૅસ ચેમ્બર' નામ આપ્યું છે. ખરબચડી સપાટી અને તીક્ષ્ણ ખૂણાવાળા વિવિધ આકારની ધાતુની તકતીઓને કાંટાળા તાર સાથે જોડીને કરેલી અટપટી ત્રિપરિમાણ રચનામાં (અને મૂળ કૃતિમાં કેવળ લાલ તથા કાળો રંગ વાપરીને) એમણે, અરસપરસના દ્વેષ, ઘૃણા ને વેરભાવભરી વૃત્તિઓ વડે પોતે જ ઊભા કરેલા અટપટા વિચિત્ર માળખામાં ભીંસાતાં રહેંસાતાં રહી, ગૅસ ચૅમ્બર જેવી ગૂંગળામણી સ્થિતિમાં ધીરેધીરે પણ નિશ્ચિત રૂપે મોત ભણી ધકેલાતા આજના માનવીની હાલતને મૂર્ત કરી છે.

ચિત્રકલાની સરખામણીમાં શિલ્પક્ષેત્રે ઉચ્ચ પ્રતિભા ધરાવતા બહુ ઓછા કલાકારો આપણે ત્યાં છે. શ્રીમતી એસ્થરબહેનની ગણના એક આશાસ્પદ કલાકાર તરીકે કરી શકાય. પ્રસિદ્ધિની આકાંક્ષા વિનાની એમની ધીર શિલ્પસાધના એમના ઉજ્જ્વળ ભાવિની દ્યોતક છે.



પોપટની ચાંચ જેમ વંકાએલાં ચટકદાર કેસરિયાં કેસૂડાંનાં ઝૂમખાથી શોભતા પર્ણહીન પલાશવૃક્ષને તો ઉનાળામાં ઘણાંએ જોયું હશે. ખાખરો એ એનું પ્રચલિત નામ. ખરબચડી છાલવાળા વાંકાચૂંકા થડ ને અનિયમિત શાખાઓવાળા આ વૃક્ષ પર જ્યારે ફૂલ ખીલે છે ત્યારે લગભગ બધાં પાન ખરી જવાને કારણે કેવળ કેસૂડાની ભભક જ રહે છે. હોળીમાં કેસૂડાં પલાળીને બનાવેલા પીળા રંગથી ઘણા હોળી રમે છે.

ફૂલ ખરી જતાં એને સ્થાને નાની વેંત જેવડી તદ્દન ચપટી અને છેડે એક બીજવાળી શીંગો શીંગો નીકળે છે ને તે પછી ત્રણ ત્રણની ત્રેખડમાં પહોળાં જાડાં પાનથી વૃક્ષ છવાઈ જાય છે. આ પાનનાં પતરાવળાં ને દડિયા બને છે. ખાતર તરીકે પણ આ પાન કિંમતી ગણાય છે.

ભારતમાં લગભગ બધે પલાશ ઊગે છે; ફૂલના રંગભેદે એની બીજી પણ જાતો છે જેમાં એક પીળાં ફૂલવાળી મુખ્ય છે. ખાખરો પવિત્ર વૃક્ષ ગણાય છે એટલે એની ડાંખળીઓ યજ્ઞમાં તથા ઉપવિત સંસ્કાર વખતે બ્રહ્મચારી બટુકના દંડ તરીકે પલાશની લાકડી વપરાય છે. એનું કાષ્ઠ દેખાવે સાગ જેવું છે. નાનાં બાંધકામમાં, કોલસા પાડવામાં ને બંદૂકનો દારૂ બનાવવામાં એ વપરાય છે. એની છાલના રેસામાંથી દોરડાં વણાય છે અને એનો ગુંદર—'બંગાલ કિનો' દવામાં ને ચામડું કમાવવામાં. કેસૂડાનાં ફૂલ પણ ઔષધીય ગુણવાળાં મનાય છે. ખાખરા પર લાખ પણ તૈયાર થાય છે. એનાં બીમાંથી તેલ નીકળે છે. આંખનાં ટીપાં તરીકે ખાખરાનાં મૂળનો અર્ક તો જાણીતો છે.

વીસથી ચાળીસ ફૂટ ઊંચું ને વાંકુંચૂંકું વધતું ખાખરાનું વૃક્ષ ખારાશવાળી કાળી માટીમાં સારી વૃદ્ધિ પામે છે.



માધુકરી

જીત પર હસતો રહ્યો, ને હાર પર હસતો રહ્યો,
ફૂલની શય્યા ગણી અંગાર પર હસતો રહ્યો;
ઓ મુસીબત! એટલી ઝિંદાદિલીને દાદ દે
તેં ધરી તલવાર તો હું ધાર પર હસતો રહ્યો.

—જમીઅત પંડ્યા

પર્લ બક

ઈ. ૧૯૩૮નું નોબેલ પારિતોષિક મેળવનાર પ્રથમ અમેરિકન લેખિકા પર્લ એસ. બકનું ગઈ તા. ૬ઠ્ઠી માર્ચે વરમૉન્ટ ખાતે ૮૦ વર્ષની વયે અવસાન થયું. જે નવલકથા માટે એમને આ વિખ્યાત પુરસ્કાર મળેલો એ 'ધી ગુડ અર્થ' ઈ. ૧૯૩૧માં પ્રકટ થતાં જ એમની કીર્તિદા બની ત્યારે એમની વય ૩૯ વર્ષની હતી. એમની આ નવલ પરથી બનેલી એ જ નામની ફિલ્મ પણ એ કાળે અત્યંત સારો આવકાર પામેલી સામ્યવાદી બળવા પહેલાંનાં ચીની સમાજનું એમાં લાગણીપ્રચુર વાસ્તવિક ચિત્રણ છે.

એમનું પૂરું નામ હતું પર્લ કમ્ફર્ટ સાયડેનસ્ટ્રિકર. માતાપિતા ચીનમાં પ્રેસ્બિટેરીઅન મિશનરી તરીકે કામ કરતાં. ચીનાઓને ખ્રિસ્તી ધર્મ પ્રતિ વાળવા તેઓની વચ્ચે તેમના જેવા જ થઈને રહેવામાં માનતા પિતા ચીની પોશાક પહેરતા એટલું જ નહિ ચીનાઓ જેવી લાંબી ચોટલી પણ રાખતા. અમેરિકાના પશ્ચિમ વર્જિનીઆમાં હિલ્સબરો મુકામે ઈ. ૧૮૯૨માં પર્લનો જન્મ થયો, પણ ત્રણ જ માસની વયથી એનો ઉછેર ચીનમાં થયો અને પરિણામે માતૃભાષા અંગ્રેજી શીખે એ પહેલાં એક કૉન્ફ્યુસીઅન વિદ્વાન પાસે ભણીને એ પહેલાં ચીની ભાષા બોલતાં થઈ ગએલાં. ચીની બાળકો સાથે જ એમનું બચપણ વીત્યું હોઈ પોતે એમનાથી અલગ છે એવું ભાન પણ એમને છેક ત્યારે થએલું કે જ્યારે ઈ. ૧૯૦૦માં બૉક્સર બળવો થયો અને ચીનની રાણી ત્ઝુ-હાઇએ ચીનમાંના બધા ગોરાઓને કતલ કરવાનો હુકમ આપ્યો, એ વખતે એમનું કુટુંબ નાસીને થોડો સમય શાંઘહાઇમાં રહેલું.

સત્તર વર્ષની વયે પર્લ વર્જિનીયામાં લિંચબર્ગની રેન્ડોલ્ફ મેકન વિમેન્સ કૉલેજમાં દાખલ થયાં. અને ઈ. ૧૯૧૪માં સ્નાતક બની ચીન પાછાં ફર્યાં. ત્રણેક વર્ષ બાદ એક અમેરિકન મિશનરી જ્હૉન લૉસિંગ બક સાથે એમણે લગ્ન કર્યું. એ લગ્નજીવન વિષે બોલતાં તેઓ પૂછે છે 'એક રૂપાળો ચહેરો જોઈ મેં એ લગ્ન કર્યું, અને માત્ર રૂપાળા ચહેરા સાથે જીવવાનો તમે કદી પ્રયત્ન કર્યો છે?' અઢાર વર્ષ સુધી એ પ્રયત્ન કરતાંકરતાં એમણે એ વૈવાહિક જીવનમાં ઘણી અશાંતિ અને મુશ્કેલીઓ વેઠી હતી. ઈ. ૧૯૨૭માં ચીની ક્રાંતિકારી દળોએ નાનકિંગ પર હુમલો કરી વિદેશીઓને લૂંટવા ને મારવા માંડ્યા ત્યારે પર્લ બકની એક મિત્ર ચીની બાઇએ એમને અને એમનાં બે બાળકોને પોતાના ઘરમાં સંતાડી રાખીને બચાવી લીધાં હતાં. પોતાની ગોરી ચામડીને કારણે મૃત્યુનો લગભગ સાક્ષાત્કાર અનુભવી ચૂકેલાં તેઓ માત્ર એટલા જ કારણસર બચી શક્યાં કે એ ગોરી ચામડી નીચેના એમના સમભાવી હૃદયને એમના ગાઢ પરિચિત ચીની મિત્રો બરાબર ઓળખતા હતા. પછી તો તેઓ એક અમેરિકન જહાજ પર પહોંચી ગયાં ને ત્યાંથી નાસીને તેઓ કેટલોક સમય જાપાનમાં નિર્વાસિત તરીકે રહ્યાં.

પોતાની એક પુત્રી કેરોલની જન્મજાત મંદતાના વિકાસ માટે એમને પૈસાની સખત જરૂરત હતી અને એ માટે એમણે 'જ્હૉન ડે કંપની' નામની એક પ્રકાશક સંસ્થાને કેટલીક નવલકથાઓ લખી આપવાનો કરાર કર્યો. એ લેખનમાળામાં એમણે બીજું પુસ્તક લખ્યું 'ધી ગુડ અર્થ.' એને સારો આદર મળ્યો. એનાથી એમને ઘણી સારી આવક થઈ. અમેરિકાનું જાણીતું પુલિત્ઝર પ્રાઈઝ પણ એને મળ્યું. અનેક ભાષામાં એના અનુવાદો પણ થયા, અને નવલકથાના ક્ષેત્રે એમનું નામ ગાજી રહ્યું. પછી તો એ ઉપરાઉપર લખતાં જ રહ્યાં. નવલકથાઓ, નવલિકાઓ, નિબંધો, જીવનચરિત્રો એમ એમણે સાહિત્યનાં વિવિધ પાસાંઓમાં લેખન કર્યું. એમાંની કેટલીક કૃતિઓ 'જ્હૉન સેજિસ'ના ઉપનામે પણ લખી. આમ, એમણે ૮૦ જેટલી કૃતિઓ રચી. લેખન વિના જાણે એમને ચેન પડતું નહોતું.

વૃષભ પછીની રાશિ મિથુન એટલે નર-નારીનું યુગલ. એના બે મુખ્ય તારા તે પુરુષ અને પ્રકૃતિ. (મિથુનની આકૃતિમાં એ મસ્તકને સ્થાને આવે છે). પશ્ચિમમાં પુરુષના તારાને 'પોલુક્સ' અને પ્રકૃતિને 'કેસ્ટર' કહે છે. મનાય છે કે એ બંને ગ્રીક દેવોત્તમ ઝીઅસના પુત્રો હતા. એમાં પોલુક્સ અમર ને કેસ્ટર મર્ત્ય હતો. એમનાં પરાક્રમો વિષે અનેક પુરાણકથાઓ છે, પણ એ બધીમાં બંને વચ્ચેનો ભ્રાતૃભાવ મુખ્ય છે.



એમનો એ પ્રેમ જોઈને ઝીઅસે એમને નક્ષત્રમંડળમાં સ્થાન આપ્યું. યુદ્ધમાં શૌર્ય અને દક્ષતાના આદર્શ તરીકે સ્પાર્ટન યોદ્ધાઓ એમની સંજ્ઞા પોતાની સાથે રાખતા. ઑલિમ્પિયા અને ઍથેન્સમાં પણ તેઓ રક્ષક દેવ તરીકે પૂજાતા. પ્રાચીન નાવિકો દરિયાખેડમાં તોફાનમાં રક્ષણ પામવા વહાણના કૂવાથંભ પર એમની ધજા રાખતા. રોમન સામ્રાજ્યના ઑસ્ટીઆ બંદરમાં પણ દરિયાના દેવ તરીકે એમનો આદર થતો અને રોમમાં ફોરમ નજીક એમનું પણ એક મંદિર હતું. પ્રાચીન રોમન સિક્કા દીનારીઅસની એક બાજુ પર એમનું આલેખન પણ મળ્યું છે. ઈટાલીની ઘણી જાતિઓમાં પણ એ પૂજનીય ગણાતા રહ્યા છે.

મિથુન રાશિમાં અર્ધા મૃગશીર્ષ, સંપૂર્ણ આર્દ્રા અને પોણા પુનર્વસુ નક્ષત્રની ગણના છે. આમાંથી મૃગશીર્ષ અને આર્દ્રા આપણે જોયાં. પુનર્વસુના સ્થાન પુરુષ અને પ્રકૃતિના તારા વચ્ચે છે. જ્યોતિષીઓ કહે છે કે માનવશરીરમાં બંને ભુજાઓ, ફેફસાં અને હાંસડી પર મિથુન રાશિનો પ્રભાવ રહે છે. અને પુનર્વસુ નક્ષત્રમાં જન્મેલો જાતક મનોનિગ્રહવાળો, સુશીલ, બુદ્ધિમાન, સંતોષી અને તૃષા તથા શોષના રોગવાળો, પણ સુખી થાય છે.

મિથુનમાં 'પુરુષ' પ્રથમ વર્ગનો પીળો તારો છે, જ્યારે 'પ્રકૃતિ' ત્રણ યુગ્મ તારા,–એટલે કે કુલ છ તારા છે. પુરુષ આપણાથી ૩૫ પ્રકાશવર્ષ અને પ્રકૃતિ ૪૫ પ્રકાશવર્ષ દૂર છે. પ્રકૃતિની મુખ્ય તારકજોડના બે તારા જ્યારે વધુમાં વધુ નજીક હોય ત્યારે ય પણ તે પૃથ્વી અને સૂર્ય વચ્ચેના અંતર કરતાં પંચાવન ગણા દૂર હોય છે.

જેમ જેમ એમનું લેખન વિસ્તરતું ગયું તેમતેમ પૂર્વ અને પશ્ચિમ વચ્ચે પોતે એક સેતુ બની શકશે તેમ તેઓ અનુભવવા લાગ્યા અને એ દિશામાં વધુ કાર્ય કરવા એમણે 'ઈસ્ટ ઍન્ડ વેસ્ટ એસોસીએશન' નામે એક પ્રતિષ્ઠાનની સ્થાપના પણ કરી, પરંતુ તે પછી તુરત અમેરિકા બીજા વિશ્વયુદ્ધમાં જોડાતાં એ સંસ્થા ભાંગી પડી. પણ એથી નિરાશ ન થતાં એમણે અમેરિકન સૈનિકોની એશિયન પત્નીઓનાં બાળકોને અમેરિકન કુટુંબોમાં દત્તક લઈ અમેરિકામાં વસાવવા 'વેલકમ હાઉસ' નામે એક બીજી સંસ્થા ઊભી કરી. આ દરમિયાન એમણે પ્રથમ પતિથી છૂટાં થઈ પોતાનાં પુસ્તકોના પ્રકાશક રિચાર્ડ જે. વૉલ્શ સાથે પુનર્લગ્ન કરેલાં. આ બીજા પતિએ એમને એમના કાર્યોમાં ઘણું પ્રોત્સાહન આપેલું અને એની સંમતિથી તેમણે પોતે પણ નવ બાળકોને દત્તક લીધેલાં. છેલ્લે એમણે આવાં બાળકોને એમના દેશમાં જ યોગ્ય આધાર ને સહાય મળી રહે એ માટે 'પર્લ એસ. બક ફાઉન્ડેશન' નામે એક સંસ્થા પણ સ્થાપી.

જીવનના અંત સુધી પર્લ બક ચીનમાં શ્રદ્ધા ધરાવતાં હતાં. એમણે એક વાર જાહેરમાં ચાંગ-કાઈ શેકની સખત ટીકા કરી હતી. પરંતુ ચીનની સરકારે પર્લ બકની મિત્રતા આવકારી નહિ. તાજેતરની નિકસન-માઓ સમજૂતી પછી પર્લ બકે ચીનની મુલાકાત માટે રજા માગી ત્યારે ચીની સરકારે એને મંજૂરી આપી નહિ. જીવનના આખરી દિવસોમાં 'ધી ગુડ અર્થ'નાં પાત્રોના વંશજોની કથા 'ધ રેડ અર્થ' તેઓ લખતાં હતાં, પણ હવે એ કથા અધૂરી જ રહી છે.



ઉત્તરાવસ્થામાં] પર્લ એસ. બક [યુવાવસ્થામાં

પર્લ બકને નોબેલ ઈનામ મળ્યું, ત્યારે તેના પ્રદાનસમારંભમાં એક વક્તાએ કહેલું કે 'વિચાર અને લાગણીઓ જેવી વસ્તુઓ બધા માનવીઓને એક સાથે બાંધી એમને એકબીજાની નિકટ આણે છે એ તમારાં પુસ્તકોએ અમને શીખવાડ્યું છે.' પણ પર્લ બકની નવલકથાઓને પશ્ચિમના સાહિત્યકારો શ્રેષ્ઠ સાહિત્યમાં ગણતા નથી. એક તો એ કથાઓમાં લાગણીઓનું વધુ પડતું પ્રદર્શન છે અને લેખિકાને નરિ વાસ્તવિકતા પ્રિય હોવાથી અન્ય મૂલ્યો કેટલીક વાર જળવાતાં નથી. પણ અમેરિકનો એમની કૃતિઓમાંની જીવનદૃષ્ટિ ન સમજ્યા હોય એવો સંભવ છે. 'કમ માય બિલવેડ' નામની એમની એક નવલકથા ભારતની પશ્ચાદ્‌ભૂ પર લખાઈ છે. 'માય સેવરલ વર્લ્ડ્ઝ' વિષે બક લખે છે: 'મારી આ નવલકથાનો અર્થ અમેરિકાના વાચકો સમજી શક્યા નહિ, પણ ભારતીય વાચકો એ સમજી શક્યા. કોઈ પણ ધ્યેય હાંસલ કરવું હોય તો એની પૂરેપૂરી કિંમત ચૂકવવી પડે છે એટલું સમજવા જેટલી બુદ્ધિ આપણા દેશમાં (અમેરિકામાં) હજી પ્રગલ્ભ થઈ નથી. આની સાબિતી આપવા ત્રણ મિશનરીઓની આ વાર્તા મેં લખી છે. મિશનરીનું જીવન સમર્પિત હોય છે, બધા માનવી પરમેશ્વરનાં બાળકો છે એવી એની શ્રદ્ધા હોય છે. તેમ છતાંય, ત્યાગ કર્યા પછી તેના જીવનમાં વૈફલ્ય શા માટે આવે છે? શ્રદ્ધા ખાતર, ધ્યેય ખાતર સ્વેચ્છાથી કિંમત ચૂકવવાની એની તૈયારી હોતી નથી. ભારતના લોકો ત્યાગનો અર્થ સમજી શકે છે. તેથી મારું પુસ્તક એમને ગમ્યું.'

પર્લ બકનાં પુસ્તકોમાં ઉદાર માનવતાવાદી દૃષ્ટિકોણનાં દર્શન થાય છે. વંશભેદ, વર્ણભેદ, જ્ઞાતિભેદ એવા બધા ભેદોને વટાવી જઈ માનવે વિશાલ વિશ્વકુટુંબના ઘટક તરીકે જીવવું જોઈએ એમ પર્લ બકનું

માનવું હતું. ચીનમાંના સાદા ખેડૂતનું જીવન સર્વસામાન્ય માનવ જીવનનું પ્રતીક બની રહે એ ધારણાથી એમણે 'ધી ગુડ અર્થ' લખી. 'ધી ગુડ અર્થ', 'ડ્રૅગન સીડ', 'ધી પેટ્રિયટ' 'પૅવિલિયન ઑફ વિમેન', 'કિન-ફ્લૅક', 'પીઓની' વગેરે એમની જાણીતી નવલકથાઓમાંથી આપણને ક્રાંતિ પહેલાંનાં ચીની જીવનનો આબેહૂબ ખ્યાલ મળી શકે છે. 'ધિસ પ્રાઉડ હાર્ટ' અમેરિકા વિષેની નવલકથા છે. એક કળાકાર સ્ત્રીની જીવનસમસ્યાઓનું દર્દ પર્લ બકે એમાં ચીતર્યું છે. 'ધ એક્સાઈલ' અને 'ફાઇટિંગ ઍન્જલ' એના શ્રેષ્ઠ પુસ્તકોમાં ગણાવી શકાય. એમાં એમણે પોતાનાં માતાપિતાનાં જીવનની કથા આલેખી છે.

વર્ણ્ય વિષયને પૂરી સચ્ચાઈથી ન્યાય આપી લેખકે જે દેશ વિષે પુસ્તકો લખ્યાં છે એ દેશની પ્રતિભા પ્રામાણિકતાથી ચીતરી છે કે નહિ એ મુખ્ય ખયાલ નોબેલ ઈનામ આપતી વખતે કરવામાં આવે છે. સાહિત્ય તરીકે એ પુસ્તકોનું મહત્ત્વ શું તે હમેશાં જોવામાં આવતું નથી. તેથી ઘણા શ્રેષ્ઠ સાહિત્યકારોને એ ઈનામ આપવામાં આવ્યું નથી. કેટલાય નોબેલ ઈનામ વિજેતા લેખકોને અને એમની કૃતિઓને દુનિયા આજે ભૂલી ગઈ છે. પર્લ બકનાં પુસ્તકોનું છેલ્લું મૂલ્યાંકન કદાચ કાળ કરશે. 'શુઈ હુ ચુઆન' નામની જાણીતી ચીની નવલકથાનું અંગ્રેજી ભાષાંતર 'ઑલ ન્યૂ આર બ્રધર્સ' નામથી પર્લ બકે કર્યું. બકની નવલકથાઓ એ જ વાતની સાક્ષી પૂરે છે. —પ્રો. વસંત જોષી

ધાનઆટો

'ખાદી ઍન્ડ વિલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશન (મુંબાઈ)'એ ઘઉં, જુવાર, બાજરી ને ચોખા જેવા રોજિંદા વપરાશનાં ધાન્યોને બદલે આખી ડાંગરનો ઝીણો લોટ—'ધાનઆટો' વાપરવાના પ્રયોગો કરી તારણ કાઢ્યું છે કે એમાં ચોખાના લોટ કરતાં આહારયોગ્ય તત્ત્વોનું વધુ પ્રમાણ છે. ખોરાક તરીકે તેની વિવિધ રીતે કુલ ૧૦૪ માણસો પરની અજમાયશના પ્રયોગોમાં મોટા ભાગનાનું વજન વધવા સાથે તેઓમાં ઉત્સાહ, ચપળતા અને તાજગીનો અનુભવ જણાયો હતો.

ધાનઆટામાં ડાંગરના કરકરા કુશકા પણ પિસાતા હોવા છતાં પાચનમાં કે આંતરડા પર એની કોઈ વિક્રિયા જણાઈ નથી તથા અન્ય ધાન્યની સરખામણીમાં ધાનઆટાનું પ્રમાણ પણ વધારવું પડ્યું નથી.

અલબત્ત, કુશકાના કારણે ધાનઆટાની કણક ફિસ્સી ને ઓછી ચિકાશવાળી બને છે અને એથી એની રોટલી પાતળી થઈ શકતી નથી, તથા રોટલા-ભાખરી વણતાં ફાટી જાય ખરાં, પણ કઠોળ કે ઘઉંનો લોટ ભેળવતાં યા ગરમ પાણીમાં એની કણક બાંધતાં ઠીકઠીક ચિકાશ આવી રોટલી-પૂરી-ભાખરી સારી રીતે વણી શકાય છે. મુંબાઈના મહિલા મંડળે ચોખાના લોટને બદલે ધાનઆટાના ઈડલી-ઢોંસા, પૂરી-પકોડી, ઢોકળાં વગેરે વાનગીઓ પણ બનાવી જોઈ છે, જે બધી સ્વાદિષ્ટ બની હતી.

ધાનઆટા સાથે અન્ય અનાજનો કે કઠોળનો લોટ ભેળવીને કે તુવેરના દાણા, લીલા વટાણા, બટાટા, કાંદા વગેરેનો ઉપયોગ કરીને ઈ. ૧૯૬૭-માં મુંબાઈમાં યોજાએલી આંતરરાષ્ટ્રીય વનસ્પત્યાહારી કૉન્ફરન્સમાં વીસેક વાનગીઓ રજૂ કરાઈ હતી જે પોષક હોવા ઉપરાંત રૂપરંગયુક્ત અને સ્વાદિષ્ટ માલૂમ પડેલી. ('ગુજરાત મિત્ર'માં જ. ઓ. કાનુગા)

લઘુકથા

બે સૂકાં ઝાડ

નરેશ પંડ્યા

વાત છે બરડાનાં મેર-મેરાણીની—અરજણ અને પૂતીની. આમ તો એ ચાતક-ચકવી વચ્ચે પ્રેમનો સાગર ઘૂઘવે. પણ—

'તું તારે મલક સાળાની બીડીયું ફૂંકે રાખ્ય. અટલી બધ બીડીયું પી પીને મોઢું અઢંઢ ગંધાવે મેલ્યુંશ.' વધુ એક વાર પૂતીએ ટકોર કરી.

'ઈ તાં મારા ગુંજાની ત્રેવડ શે તે પ્યાંશ. તારા બાપની બીડીયું તાં નથ્ય પીતો નાં ?'

'હાંભરે લે, બાપને વસારે લાવ્ય મા. નકર...' 'નકર ?'

ને રોજની હળવાશે આકરો વળાંક લીધો. ક્રોધના આવેશમાં પૂતી ઊભી થઈ ગઈ ને બોલી, 'નકર હું જીવી કોઈ બૂંડી નથ્ય.'

'ઈટલે કાંઉ કીવા માગશ ?' અરજણે બીડીનો ઊંડો દમ લેતાં પૂછ્યું.

'ઈટલે? એ...જો આ...' અને પૂતી હાલી નીકળી. જાતાંજાતાં ડેલીના ઉંબરેથી બે ડગલાં પાછી ફરી અને રાંધણિયા સામે હાથ કરીને કહ્યું, 'પિટ્યા, સૂલા ઉપર વંરં દૂધનું દૂણું શે ઈ ઊભરાઈ જાતું નૈ.' અને ડેલી બહાર પગ મૂકતાં ઉમેર્યું, 'જાર બીડી-ધતુરી સખુથી મેલે દેવાની ત્રેવડ થાય તાર આવે ને બાપને ઘેરેથી તેડે જાજે.'

આમ, થોડી જ વાર પહેલાં હેત ઢાળતાં પતિપત્ની રૂસણે ચડ્યાં. દિવસો વીત્યા, મહિના ગયા ને વર્ષોનાં વહાણાં વાયાં. છૂટાં પડ્યાં એ પડ્યાં. પણ કોઈ આવતલજાવતલને એકબીજાના વાવડ પૂછવાનું નથી ભૂલતી પૂતી કે નથી ચૂકતો અરજણ. પૂતી પૂછતી, 'તમારા ગામનો ઓલ્યો અરજણ શે તાં નરવોને ? ધવાડા કેવાક કાઢેશ ?' અને અરજણ પણ ઘણી વાર બીડી સામે જોઈ કહેતો, 'વરે આ કારાં મોઢાળીના પરતાપે પૂતી રીસડે બેઠીશ. હવે તાં આ બૂંડીને સોડ્યે જ સૂટકો શે.'

પરંતુ આજ ચાળીસ વર્ષેય અરજણની બીડી છૂટી નથી. પણ એણે બીજી બૈરી નથી કરી. ને સગાંસંબંધીઓની અનેક સમજાવટ છતાં પૂતીએ બીજું ઘર કર્યું નથી. બેય વટના કટકા. જીવતાં, પણ સૂકાં ઝાડ જેવાં.

દુનિયાની વસતિ

સંયુક્ત રાષ્ટ્રસંઘની દુનિયાની વસતિ અંગેના આંકડા આપતી ૨૩મી 'ડેમોગ્રાફિક ઈયરબુક' હમણાં બહાર પડી છે. તે મુજબ ઈ. ૧૯૭૧ની અધવચમાં દુનિયાની કુલ વસતિ ૩,૭૦,૬૦,૦૦,૦૦૦ (ત્રણ અબજ સિત્તેર કરોડ સાઠ લાખ)ની સંખ્યાએ પહોંચી છે; એટલે કે છેલ્લા એક વર્ષમાં ૭,૪૦,૦૦,૦૦૦ (સાત કરોડ ચાળીસ લાખ)નો વધારો થયો. જો આ જ ઝડપે એ વધતી રહેશે તો ઈ. ૨૦૦૬ સુધીમાં તો લગભગ બમણી સંખ્યાએ પહોંચી જશે!

આ ગ્રંથ પ્રમાણે બીજી રસમય વિગતો આવીઆવી છે: (૧) દુનિયામાં વધુમાં વધુ વસતિવાળાં પ્રથમ છ શહેરો-શાંગહાઈ, તોકિયો, ન્યૂ યૉર્ક, પિકિંગ, લંડન અને મોસ્કો છે. (૨) દુનિયાની કુલ વસતિમાં ૫૬.૭ ટકા એશિયાવાસી છે, એટલે કે દર બીજો માણસ એશિયન છે.

ભાઈઓ અને બહેનો માટે ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ અને મહાજન શક્તિદળના ગ્રીષ્મ વર્ગો

તા. ૭-૫-'૭૩ થી ૨૭-૫-'૭૩ દરમિયાન (૧) ૧૫ કે એથી વધુ વયનાં ભાઈ-બહેનો માટે સંરક્ષણ તથા નાગરિક શિસ્ત અને વ્યાયામ-રમતોના વિવિધ પ્રકારોની તાલીમ માટે, જેમાં વર્ગને અંતે પરીક્ષા લઈ પ્રમાણપત્ર અપાશે. એક વર્ષની સી.પી.ઓ કે ડી.પી.ઓ.ની તાલીમ પામેલાઓ સીધા વિશારદ અભ્યાસક્રમમાં જોડાઈ શકશે. (૨) ૧૩ થી ૩૫ વર્ષની બહેનો માટે પી.ટી., પરેડ, શૂટિંગ વગેરે ઉપરાંત વિવિધ રમત-ગમતો, આસન-નમસ્કાર જેવા સ્વાસ્થ્ય-વ્યાયામ, સ્કાઉટિંગ, હોમનર્સિંગ, સાયકલિંગ વગેરેની તાલીમ માટેનો વર્ગ. બંને માટેના પ્રવેશની છેલ્લી તારીખ ૩૦-૪-'૭૩. પ્રવેશપત્ર તથા વધુ વિગત માટે પહેલા વર્ગ સારુ ગુજરાત વ્યાયામ પ્રસારક મંડળને તથા બહેનોના વર્ગ માટે મહાજન શક્તિદળને રાજપીપળા, વાયા અંકલેશ્વરના સરનામે લખવું.

છાલો-પાલો-મરી-મસાલો] ૮ [તજ

આપણા તેજાનાઓમાં પોતાની વિશિષ્ટ સોડમ અને સ્વાદને કારણે તજ સુખ્યાત છે. મુખવાસથી માંડી ઔષધો સુધી એના ઉપયોગ ઘણા છે.

મલબાર, ત્રાવણકોર કોચીન, પૂર્વ બંગાળ, વગેરે વિસ્તારો જેવા જ્યાં, વખતોવખત ભારે વરસાદ થતો હોય તથા સખત ગરમી પડતી હોય ત્યાં આ તેજાનાનાં ઝાડ સારી રીતે વૃદ્ધિ પામી ૪૦ થી ૬૦ ફૂટ ઊંચાં વધે છે. ભારત બહાર સીલોન, બ્રહ્મદેશ, જાવા-સુમાત્રા ને ચીનમાં પણ તજનાં વાવેતર થાય છે. તજ એ વૃક્ષની સૂકવેલી છાલ છે. વર્ષમાં બે વાર આ છાલ ઉતારવામાં આવે છે. વૃક્ષ વાવ્યા પછી પાંચેક વર્ષે એની છાલ ઉતારવા લાયક બને છે. પણ બારેક વર્ષની વયના પછીના વૃક્ષો પરની તજ સારી ગણાય છે. સીલોનની તમતમાટભરી મીઠીતીખી તજ ઉત્તમ ગણાય છે. એ તજ પીળા સોનેરી રંગની, પાતળી, સુંવાળી ને ચમકદાર હોય છે. ચીનની તજ પણ વિખ્યાત છે. જાડી તજને તજ ને પાતળીને દાલચીની કહે છે. હિમાલય તરફની પહાડી તજ નામની એક જાત પણ બજારમાં મળે છે, પણ એ કનિષ્ટ છે, ખરેખર તો એ તજ જ ન ગણાય. આજકાલ તો આપણે ત્યાં સામાન્ય ઘરમાં તજનો રોજિંદો વપરાશ ન થઈ શકે એટલી એ મોંઘી છે. પણ બજારમાં સસ્તા ભાવે પણ તજ મળે છે જે બહુધા તેમાંથી તેલ કાઢી લીધા પછીનાં છોતરાં જ હોઈ તેનો ઉપયોગ નિરર્થક જ છે. તજ (છાલ) ઉપરાંત તેનાં પાન અને મૂળમાંથી પણ તેલ કઢાય છે, પણ તજનું તેલ ઉત્તમ ઔષધીય ગુણોવાળું ગણાય છે. આ તેલ નવું હોય ત્યારે પીળાશ પડતું અને જેમ જૂનું થાય તેમ ઘેરા રંગનું થતું જાય છે. વળી, એ ભારે હોઈ પાણીમાં ડૂબે છે. વેદનાશામક, વ્રણશોધક અને વ્રણરોપણ હોઈ ઔષધીય ઉપયોગમાં લેવાવા ઉપરાંત એની વિશિષ્ટ સુગંધને કારણે અત્તર બનાવવામાં પણ વપરાય છે. ઔષધમાં એની માત્રા એકથી ત્રણેક ટીપાં જેટલી જ લેવાય છે, કારણ કે એ એટલું જલદ હોય છે.

જાડી તજ લઘુ, ઉષ્ણ, તીખી, મધુર, કડવી, રુક્ષ છે. કફ, વાયુ, ખુજલી, આમ અને અરુચિનો નાશ કરે છે. હૃદયરોગ, મૂત્રાશયના રોગો, અર્શ, કૃમિ, પીનસ મટાડે છે. તેમજ યોગ્ય માત્રામાં વાજીકર હોવા છતાં એનો વધુ પડતો ઉપયોગ શુક્ર હરનાર છે.

પાતળી તજ મધુર, કડવી, તીખી, સુગંધી, વીર્યવર્ધક, શરીરનો વર્ણ સુધારનાર તથા વાયુ, પિત્ત, મુખશોષ અને તૃષા મટાડનાર છે.

આધુનિક વૈદક પ્રમાણે તજ ઉષ્ણ, ઉત્તેજક ને ગર્ભાશયનો સંકોચ કરનારી ગણાય છે. જંતુનાશક હોઈ ક્ષય, કાળજ્વર અને બીજા ચેપી રોગોનો નાશ કરનારી તથા ઊબકા, ઊલટી અને અતિસારને મટાડનાર ગણાવા ઉપરાંત, હૃદયને ઉત્તેજનાર, નિદ્રાપ્રદ, મૂત્રલ અને બસ્તિના રોગોમાં ઉપયોગી લેખાય છે. એનું તેલ દાંતના કે પેટના શૂળમાં, જીભ અટકતી હોય તેમાં ગુણકારી છે. પણ ગરમ પ્રકૃતિવાળાએ તજનો ઉપયોગ બહુ સંભાળપૂર્વક કરવો જોઇએ.

તજ, મરી અને આદુનો ઉકાળો શરદી મટાડે છે. તજનો ઉકાળો પિત્ત થઇને ઊલટી થતી હોય તો એ મટાડે છે. અજીર્ણ, મોળ, આફરો પણ તજથી શમે છે. તજ સ્ત્રીઓનો માસિક અટકાવ સાફ લાવે છે.

દસ તોલા ગરમ પાણીમાં એક માસો તજ અને અર્ધો તોલો હીમજ-નું ચૂર્ણ રાત્રે લેવાથી સવારે દસ્ત સાફ આવે છે.

દોઢ માસો તજ, ત્રણ માસા બીલાંનો ગર્ભ અને દોઢ માસા રાળનું ચૂર્ણ ગોળ-દહીંમાં મેળવીને લેવાથી શૂળવાળા આમાતિસારમાં ફાયદો થાય છે. તજનું દસ રતી ચૂર્ણ ગરમ પાણીમાં લેવાથી મરડો મટે છે. તજ તથા ધોળા કાથાનું ત્રણત્રણ રતી ચૂર્ણ મધ સાથે લેવાથી અપચાથી વારંવાર થતા પાતળા ઝાડામાં ફાયદો થાય છે. તજનો ઉકાળો કષ્ટાર્તવમાં પણ ફાયદો કરે છે. તજ, કાથો, જાયફળ અને ફટકડી ભેળવીને બનાવેલી સોગઠી યોનિમાં ધારણ કરવાથી એનું સંકોચન થવા સાથે પ્રદર મટે છે. તજ પાણીમાં ઘસીને લમણા પર લગાડવાથી માથાનો દુખાવો મટે છે.

તજનું તેલ બેત્રણ ટીપાં એક કપ પાણીમાં લેવાથી ઈન્ફ્લુએન્ઝા, જિહ્વાસ્તંભ, ગ્રહણી, આંત્રશૂળ, આંચકી ને ઊલટીમાં ફાયદો થાય છે.

કૉલેરામાં કે બીજી બેશુદ્ધિમાં શરીર ક્ષીણ થઈ જાય કે શીતળ થઈ જાય ત્યારે તજનું તેલ તલના તેલ સાથે ભેળવી ઘસવાથી ગરમી આવી શરીર સતેજ થાય છે.

માધવ મો. ચૌધરી

---

(૩) આફ્રિકામાં ૩૫,૪૦,૦૦,૦૦૦ની (કુલ વસતિના ૯·૫ ટકા), ઉત્તર અમેરિકામાં ૩૨,૭૦,૦૦,૦૦૦ (૮·૮ ટકા), દ. અમેરિકામાં ૧૯,૫૦,-૦૦,૦૦૦ (૫·૩ ટકા), યુરોપમાં ૪૬,૬૦,૦૦,૦૦૦ (૧૨·૬ ટકા), ઓ-સનિયામાં ૧૯,૭૦,૦૦૦ (૦·૫ ટકા) અને સોવિયેત યુનિયનમાં ૨૪,૫૦,૦૦,૦૦૦ (૬·૬ ટકા)ની વસતિ છે. (૪) બેલ્જિયમ, ઑસ્ટ્રે-લિયા, સ્વીડન, ઈઝરાએલ અને ઉરુગ્વેની ૮૦ ટકા ઉપરની વસતિ શહે-રોમાં વસે છે. (૫) મૉનાકો અને કુવૈતની અર્ધોઅર્ધ જેટલી વસતિ વિદેશમાં જન્મેલી છે. (૬) પ. જર્મનીમાં ઓછામાં ઓછું-દર હજારે ૧૨·૮ ટકા જેટલું જન્મ પ્રમાણ છે અને સ્વિટ્ઝરલૅન્ડમાં વધુમાં વધુ-દર હજારે ૫૨·૩ ટકા જેટલું. નાઈજિરીઆ, અપર વૉલ્ટા, શ્રી લંકા, ભારત, ખ્મેર, પ્રજાસત્તાક, જૉર્ડન અને પાકિસ્તાન જ એવા દેશ છે જ્યાં સ્ત્રીઓ કરતાં પુરુષોની આવરદા વધુ જણાઈ છે.

પાણીના થોડા પ્રયોગો

હમેશાં ત્રણ વાર ઠંડા પાણીથી કોગળા કરવાથી, મુખ ધોવાથી, આંખો પર પાણી છાંટવાથી કે આંખ ધોવાથી આંખનાં દર્દો થતાં નથી.

ભોજન બાદ ભીના હાથ એકબીજા સાથે ઘસીને આંખોએ લગાવ-વાથી આંખોમાં અંધારાં આવતાં નથી. સૂર્યોદય પહેલાં થોડું શીતળ જળ પીવાથી વાતપિત્તાદિ રોગો ઉપર જય મળી દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય છે.

પ્રાત:કાળે નાક દ્વારા જળ ખેંચવાથી વાળ ધોળા થવા, સળેખમ, સ્વરભંગ, ખાંસી અને શોષરોગ મટે છે તથા આંખોનું તેજ વધે છે.

સૂતી વખતે પગ ધોઈ ને સૂવાથી ઊંઘ સારી આવે છે, આંખોનું તેજ વધે છે અને ખરાબ સ્વપ્નો આવતાં નથી.

પ્રાત:કાળમાં લોટે લોટે પાણી રેડી સ્નાન કરવાથી રૂપ, તેજ, બળ, બુદ્ધિ, પવિત્રતા, મેધાશક્તિ, આયુષ્ય અને આરોગ્યની વૃદ્ધિ થાય છે તથા મળવૃદ્ધિ અને દુ:સ્વપ્નોનો નાશ થાય છે.

વહેતા પાણીમાં સ્નાન કરતી વખતે અંડકોષ ધોવાથી કે તેના પર જળની ધારા કરવાથી કેટલાક માણસોનો અંડવૃદ્ધિનો રોગ મટી ગયો છે.

અગ્નિ ઉપર ઉકાળીને પોણા ભાગનું પાણી રહે તે પીવાથી પિત્ત, અર્ધું રાખીને પીવાથી કફ અને ચોથા ભાગનું રહે તેટલું ઉકાળેલું પાણી પીવાથી વાતરોગનું શમન થાય છે.

પગપાળા મુસાફરીમાં કેટલેક અંતરે પાણીથી પગ ધોતા રહેવાથી મુસાફરીનો તાપ અને થાક બહુ જણાતો નથી. —કાન્તાબેન અંજારિયા

મુદ્રાક્ષય

એ તો જાણીતી વાત છે કે ચોપડે ન ચડે એવી છૂપી આવકો-કાળું નાણું-લાંચિયા રાજપુરુષો અને ધનલોલુપ ધનપતિઓ સ્વિટ્ઝરલૅન્ડની બૅંકોમાં રાખે છે. જમા રકમો પર બૅંકો વ્યાજ આપે એ જાણીતો શિરસ્તો તોડી સ્વિસ બૅંકો હવે ત્યાંના નાગરિક ન હોય તેવા આસામીઓનાં નાણાં પર વ્યાજ આપવાને બદલે સામેથી આઠ ટકા લેવા માંડી છે! એટલે કે આપણા સો રૂપિયા ત્યાં જમા મુકાય તો તેમાંથી આઠ રૂપિયા ઉધાર વ્યાજના કપાઈને ૯૨ રૂપિયા જ ખાતે જમા થાય! અને દર વર્ષે

આ રીતે આપોઆપ કપાત થતી રહે.

આનું કારણ એ છે કે ત્યાં બહારનું નાણું એટલું તો એકઠું થઈ રહ્યું છે કે ૧૯૭૧ના મે માસથી વિદેશી ખાતેદારોને વ્યાજ આપવાનું બંધ કર્યા પછી યે ફુગાવો વકરતો રહ્યો છે. વળી, આ વ્યાજકપાત પણ મુદત પૂરી થાય ત્યારે નહિ પણ આરંભમાં જ ઉધારાઈ જાય છે. આ ઉપરાંત, વિદેશી ખાતેદારો શેરો, ડિબેન્ચરો, જમીન, મકાન વગેરે જેવી સ્થાવર મિલકત ન ખરીદે એ માટે પણ ત્યાં પ્રતિબંધ છે. પણ ઘરનાંને ઘંટી ચટાડી પરદેશમાં થાપણ મૂકનારાઓ અટકશે?

જર્મનીના ક્રાંતદર્શી પીઢ વિચારક સિલ્વિયો ગેસેલે મુદ્રાક્ષયનો વિચાર રજૂ કરેલો. એમની યોજના પ્રમાણે ૧૦૦ રૂપિયાની નોટ પાછળ વર્ષનાં બાવન અઠવાડિયાંનાં બાવન ખાનાં રખાય અને દર અઠવાડિયે દરેક ખાના પર ૧૦ પૈસાની ટિકિટ લગાડાયા પછી જ એ નોટ ચાલી શકે. સુભાષબાબુ, રિચાર્ડ બી. ગ્રેગ, કિશોરલાલભાઈ વગેરેએ પણ આ વિચારને ટેકો આપેલો. કિશોરલાલભાઈએ તા. ૩૦-૧૦-'૪૮ના 'હરિજન'માં, દર વર્ષે સવા છ ટકા વ્યાજની રકમ મૂળ રકમમાંથી કાપતા જવાનું સૂચવેલું. આપ્પાસાહેબ પટવર્ધને મુદ્રાક્ષયના આ વિચારનો ઠીક ઠીક પ્રસાર કરેલો. (જુઓ 'કુમાર' અંક ૫૨૨માં 'ચલણશુદ્ધિ.') તેઓ કહેતા કે અમર નાણાંમાંથી જ વ્યાજવટાવ અને મૂડીશાહીના વિવિધ પ્રકારો નીકળ્યા છે. કાગળની ચલણી નોટોને કાલમર્યાદિત કે નાશવંત બનાવીને વ્યાજ તથા શોષણના પ્રકારોને અટકાવી શકાય. આ રીતે મુદ્રાક્ષય દ્વારા પૈસો વહેતો રહે. સંઘરેલાં નાણાંની કિંમત ઘટતી જાય તો એને કોણ સંઘરે? બંધિયાર નાણું વહેતું રહે તો અર્થશુદ્ધિ થઈ શકે. પોતે સંઘરેલા પૈસાના બળે વ્યાજ વગેરે દ્વારા બીજાની કમાણી વગર મહેનતે ખેંચી લેવાની સગવડ અટકી જાય.

મુદ્રાક્ષયના વિચારને એક તરંગ રૂપે જોનારાઓ હવે સ્વિટ્ઝર્લૅન્ડના નિર્ણયને કઈ નજરે જોશે? મૂળભૂત વિચાર ક્યારેક તો ચરિતાર્થ થાય છે જ. મુદ્રાક્ષયનું સ્વપ્ન સાકાર બને તો? —'ભૂમિપુત્ર'

ગણિત-ગમ્મત

એકથી શરૂ થઈ સળંગ ગમે તે આંકડા સુધીના સરવાળા જાણવાની ઘણી રીતો છે. પરંતુ એકથી આરંભાઈ ને યા અધવચ્ચેથી ગમે તે આંકડાથી શરૂ થઈ સળંગ ગમે તે આંકડા સુધીના સરવાળા જાણવા નીચે મુજબની રીતે વાપરી શકાય.

પહેલા અને છેલ્લા આંકડા વચ્ચેના તફાવતમાં એક (૧) ઉમેરી જે આવે તેને બેથી ભાગો. આવેલ જવાબને પહેલા અને છેલ્લા આંકડાઓના સરવાળાથી ગુણતાં કુલ સરવાળો આવશે. એટલે કે— [(છેલ્લો આંકડો − પહેલો આંકડો+૧)÷૨] × [પહેલો આંકડો+છેલ્લો આંકડો]

દા. ત. (૧) ૧ થી ૨૫ સુધીનો સળંગ સરવાળો જાણવો છે.

(૨) ૯ થી ૨૬ સુધીનો સળંગ સરવાળો જાણવો છે.

(૩) ૧૪ થી ૩૫ સુધીનો સળંગ સરવાળો જાણવો છે.

(૧) $\frac{૨૫-૧+૧}{૨} \times (૧+૨૫) = ૧૨\cdot૫ \times ૨૬ = ૩૨૫$

(૨) $\frac{૨૬-૯+૧}{૨} \times (૯+૨૪) = ૯ \times ૩૫ = ૩૧૫$

(૩) $\frac{૩૫-૧૪+૧}{૨} \times (૧૪+૩૫) = ૧૪ \times ૪૯ = ૫૩૯$

—કિશોર ન. ગોરધનદાસ

■ ઈ. ૧૯૭૬માં અમેરિકાનાં સંયુક્ત રાજ્યોની સ્થાપનાની ૨૦૦મી જયંતી નિમિત્તે હવાઈની સ્ટેટ ઍસેમ્બ્લીએ હૉનોલુલુ નજીક દુનિયામાં પ્રથમ એવા એક સમુદ્રમાં ઊભા કરેલા નગરનું આયોજન વિચાર્યું છે. એના પર સમુદ્રના અનેકવિધ ઉપયોગો દર્શાવતું આંતરરાષ્ટ્રીય કક્ષાનું સાગર-પ્રદર્શન યોજાશે. ૨૩૦ ફૂટ ઊંચા અને ૮૮ ફૂટના વ્યાસવાળા કૉન્ક્રેટના ૩૦ ભીમકાય સ્તંભો પર રચનાર માનવસર્જિત બેટ પરના આ નગરની રચના મસાચુસેટ્સ ઑશનોગ્રાફિકલ ઈન્સ્ટિટ્યૂટની દેખરેખ તળે થશે. સહેલાણીઓ માટે પણ એ એક અનોખું આકર્ષણ બની રહેશે.

■ દુનિયામાં હાલ સત્તાવીસ કરોડ ટેલિફોન હોવાનો અંદાજ છે. દેશ-દેશની સીમાઓ, સમુદ્રો અને એકબીજા ખંડોની પાર અરસપરસ સંપર્ક સાચવતી, માનવજાતના ટેકનિકલ સહકારની આ એક મોટામાં મોટી વ્યવસ્થા છે. અંદાજ છે કે અમેરિકાનાં સંયુક્ત રાજ્યોમાં દર સો માણસે ૫૮, સ્વીડન અને સ્વિટ્ઝર્લૅન્ડમાં દર બીજા માણસે એક અને ૫. જર્મન પ્રજાસત્તાકમાં દર સો માણસે ૨૨ જેટલા ટેલિફોન છે. અને હજી તો વિકસતા દેશોમાં આ ક્ષેત્રે ઘણું કરવાનું બાકી છે.

આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં

તા. ૧ ?

અને આ માસ કેટલાક રાજવીઓ તથા રાજદ્વારીઓના જીવનમાં—

તા. ૧ (૧૮૧૫) જર્મન રાષ્ટ્રીયતાના જનક અને ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં યુરોપ આખાનો ઇતિહાસ ઘડનાર જર્મન ચાન્સેલર (વઝીર) આટો-એડવર્ડ લીઓપોલ્ડ બિસ્માર્કનો જન્મ. અનેક નાનાંમોટાં વેરવિખેર રાજ્યોને સંગઠિત કરીને એણે અખંડ જર્મન રાષ્ટ્રનું નિર્માણ કર્યું.

તા. ૨ (૧૯૩૦) હેલ સેલાસી ઈથિયોપીઆના રાજા જાહેર થયા.

તા. ૫ (૧૯૫૫) વડા પ્રધાન પદ પરથી વિન્સ્ટન ચર્ચિલે રાજીનામું આપ્યું અને બીજા દિવસે એન્થની ઈડન બ્રિટનના વડા પ્રધાન બન્યા.

તા. ૮ (૧૯૭૩) જગવિખ્યાત ચિત્રકાર પિકાસોનું અવસાન. (વિસ્તૃત ચરિત્ર હવે પછી.)

તા. ૧૨ (૧૯૪૫) અમેરિકાના પ્રમુખ ફ્રેંકલિન ડેલાનો રૂઝવેલ્ટનું એકાએક અવસાન. એના અમલમાં બીજા વિશ્વયુદ્ધ દરમિયાન વિજયના આરે આવેલું અમેરિકા એમના ઉત્તરાધિકારી પ્રેસિ. ટ્રુમેનના સમયમાં અણુબૉંબના ઉપયોગની કાળી ટીલી સાથે યુદ્ધમાં વિજયી બન્યું. આ જ દિવસે ઈ. ૧૯૩૧માં સ્પેનના રાજા આલ્ફોન્ઝોનો અને ઈ. ૧૯૪૫માં ઈટાલીના વિક્ટર ઈમેન્યુઅલ ત્રીજાનો ગાદીત્યાગ.

તા. ૧૩ (૧૭૪૩) પ્રમુખ ટૉમસ જેફરસનનો જન્મ. એમણે અમેરિકામાં દશાંશ ચલણ દાખલ કર્યું હતું.

તા. ૧૪ (૧૮૬૫) અમેરિકન આંતરવિગ્રહ દરમિયાનના પ્રમુખ અબ્રાહમ લિંકન પર એ વિગ્રહમાં એમનાં ઉત્તરનાં રાજ્યોના વિજયના અંતે ગોળીબાર અને પરિણામે બીજે દિવસે એમનું અવસાન.

તા. ૧૯ (૧૯૫૬) મોનાકોના પ્રિન્સ રેનીઅરનાં જાણીતી ફિલ્મ અભિનેત્રી ગ્રેઈસ કેલી સાથે લગ્ન.

તા. ૨૧ (૧૯૨૬) બ્રિટનનાં હાલનાં રાણી ઇલિઝાબેથનો જન્મ.

તા. ૨૯ (૧૯૦૧) જાપાનના સમ્રાટ હીરોહીટોનો જન્મ. આ જ માસની તા. ૨૮ (૧૯૫૨)ના રોજ અમેરિકા સાથે શાંતિકરારો કરી બીજા વિશ્વયુદ્ધમાં હારેલા જાપાને પુનઃ સ્વાતંત્ર્ય મેળવ્યું.

તા. ૨૦ (૧૮૮૯) જર્મન પ્રજા પર આધિપત્ય મેળવી પોતાની વિજીગિષાના વિચિત્ર ખયાલોભર્યા નાઝીઝમ દ્વારા જર્મનીને બીજા વિશ્વયુદ્ધમાં તાણી જનાર એડોલ્ફ હિટલરનો જન્મ. યહૂદીઓ પ્રત્યેની એની ઘૃણાએ લાખો યહૂદીઓનો સંહાર સર્જ્યો, પણ છેવટ યુદ્ધમાં હાર નિશ્ચિત થતાં એણે આ જ માસની ૩૦મીએ ૧૯૪૫માં આત્મહત્યા કરી. એને આગલે દિવસે જ ઈટાલીમાંના જર્મન સૈન્યે શરણાગતિ સ્વીકારી હતી. અને અગાઉથી એની જાણ હોઈ તા. ૨૮મી એ સ્વિટ્ઝરૉલૅન્ડ નાસી જતાં ઈટાલીના સરમુખત્યાર બેનિટો મુસોલિની રાષ્ટ્રવાદીઓને હાથે પકડાઈ જતાં એને મોતને ભેટવું પડયું.

તા. ૩ (૧૮૬૦) અમેરિકામાં ટપાલ પહોંચાડવા માટે પૉની એક્સ્પ્રેસ (ઘોડેસવાર ટપાલી)ની વ્યવસ્થાનો આરંભ થયો.

તા. ૪ (૧૯૫૯) સેનિગાલ અને સુદાન જોડાઈને માલી ફેડરેશનની રચના કરવામાં આવી.

તા. ૬ (૧૯૩૦) મીઠાના-સત્યાગ્રહ માટે બારમી માર્ચે આરંભેલી કૂચ પૂરી કરી ગાંધીજી દાંડી પહોંચ્યા.

તા. ૧૦ (૧૯૭૫) મહર્ષિ દયાનંદ સરસ્વતીએ 'આર્યસમાજ'ની સ્થાપના કરી.

તા. ૧૨ બ્રિટનનો રાષ્ટ્રધ્વજ 'યુનિયન જૅક' હસ્તીમાં આવ્યો.

તા. ૨૯ (૧૪૨૯) ઇંગ્લૅંડના આધિપત્ય તળે ગુલામી દશાએ પહોંચેલા ફ્રાંસના સ્વાતંત્ર્યની લડત ને એમાં વિજયનો જૉન ઑવ આર્કે પ્રારંભ કર્યો.

તા. ૧૬ (૧૮૮૯) ચાર્લી ચૅપ્લિનનો જન્મ. યુવાનીમાં અમેરિકા જઈ એણે ત્યાં મૂક ચલચિત્રોમાં વિદુષક તરીકે પાઠ ભજવવા માંડયો અને તેમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધી દુનિયાભરમાં નામના મેળવી. 'ધી ગોલ્ડ રશ' અને 'ધી કિડ' એની વિખ્યાત મૂક ફિલ્મો છે. બોલતી ફિલ્મોના આગમન પછી પણ એણે કેટલીક મૂંગી ફિલ્મો બનાવેલી. 'ધી ગ્રેટ ડિકટેટર' એની પ્રખ્યાત બોલતી ફિલ્મ છે જેમાં એણે હિટલરની આબેહૂબ નકલ કરીને એક ઉત્તમ કટાક્ષચિત્ર રજૂ કરેલું.



◁ ચાર્લી એની લાક્ષણિક અદામાં.

માહ મહિનાનું માવઠું, જંગલ મંગલ ગીત;
સમય વિનાનું બોલવું, એ ત્રણુ સરખી રીત.

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના મિત્ર મિ. ડાકનેસને ડર્બનના દેવળમાં સાંજે સાત વાગ્યે પ્રવચન, કરવાનું હતું. સમય થતાં જોયું તો માત્ર એક જ શ્રોતા હાજર હતો. પણુ નિયમિતતાના આગ્રહી ડાકનેસે બરાબર સાતને ટકોરે એ એક જ શ્રોતા સમક્ષ વ્યાખ્યાન શરૂ કર્યું; ને એમણે તે પૂરું કર્યું તે પહેલાં સભાખંડ ખીચોખીચ ભરાઈ ગયો હતો. આનું નામ તે શ્રદ્ધા.

અનેકાર્થી શબ્દ: **લાખ**=સો હજારની સંખ્યા; ખાખરા વગેરેનાં વૃક્ષ પર થતા કીડાઓએ બનાવેલો પદાર્થ; વિવિધ વૃક્ષોમાંથી નીકળતો લાલ રંગનો ચીકણો પદાર્થ, જોગણી; કપાસનું પાંચ પાંખડીવાળું જીંડવું; કાચબો.

ગણિતગમ્મત : એક એકથી ચડિયાતી કોઈ પણ ત્રણ સંખ્યા લો. તેમાંની બીજીમાંથી પહેલી અને ત્રીજીમાંથી બીજી સંખ્યા બાદ કરો. પછી બીજી બાદબાકીના પરિણામમાંથી પહેલી બાદબાકીનું પરિણામ બાદ કરો. એમ કરતાં જે પરિણામ આવે તે પહેલાં લીધેલી ત્રણ સંખ્યાના સરવાળામાંથી બાદ કરો; જે આવે તેને ત્રણ વડે ભાગવાથી આપણે શરૂઆતમાં લીધેલી ત્રણ સંખ્યા પૈકી વચલી જ સંખ્યા આવી રહેશે. દા. ત. ૨૫, ૩૦, ૩૭, એ ત્રણ સંખ્યા છે. હવે ૩૦-૨૫=૫, ૩૭-૩૦=૭, ૭-૫=૨, ૨૫+૩૦+૩૭=૯૨-૨=૯૦. ૯૦÷૩ =૩૦ (વચલી સંખ્યા). —મ. ના. ખત્રી


કહેવતોના અર્થ: 'ઓઢી લીધી લોઈ, એને શું કરશે કોઈ?'—'લોઈ' એટલે કમ્મરે વીંટવાનું વસ્ત્ર ત્યાંથી કાઢીને બરડા પર ઓઢી લેવા જેવું—એટલે કે નાગા થવા જેવું કૃત્ય વર્ણવતી આ કહેવત, જેની સામે કોઈ ઉપાય કારગત નીવડે એવો ન હોય તેવાં નાગાં કે નફ્ફટ માણસો તથા કૃત્યો માટે વપરાય છે.

વિમાનમાંથી પેરેશ્યૂટની મદદથી પૃથ્વી પર ઊતરવાનો પહેલો સફળ યત્ન ૧૮૦૧માં ગાર્બુરીન નામના સાહસિકે કર્યો હતો.



પ્રવાસમાં સાથે લેવાની પેટીમાં તેલ આદિ પ્રવાહીવાળી બાટલીના મોઢે ઍડહેસિવ ટેઈપની પટ્ટી સજ્જડ વીંટવાથી પ્રવાહી ઢળીને પેટીમાંની ઈતર વસ્તુઓનો બગાડ નહિ કરે.

ભારતના લગભગ ૮૦ ટકા લોકો માંસાહારી છે. લગભગ ૭૫ ટકા લોકો ચોખા ખાય છે. દેશના અને આયાત કરેલા કઠોળ સિવાયના અનાજની માથાદીઠ સુલભતા દૈનિક ૧૫૦૦ કૅલરીની રહી છે. આ ઉપરાંત, હિંદીઓના રોજિંદા આહારમાં કઠોળ, ખાંડ, તેલ, ફળ, શાકભાજી, દૂધ અને માંસ (ખાસ કરીને મરઘાંનું)માંથી બીજી ૬૪૦ કૅલરી મળતાં ભારતવાસીને સરાસરી રોજ ૨૧૪૦ કૅલરી સુલભ છે.



ફિલિપ્પાઈન્સ ટાપુઓમાં થતી 'પાન્ડાકા પિગ્મી' નામની એક માછલી પૃથ્વી પરના કરોડવાળા જીવોમાં સૌથી નાની છે. એની સરાસરી લંબાઈ ૩/૮ ઇંચ (૦.૯૫૨૫ સે.મી.) જેટલી જ હોય છે.

ઇંગ્લૅંડે હિંદ પરનું સ્વામિત્વ છોડયું તે સમયે હિંદની સ્થિતિ આ મુજબ હતી: દરેક મનુષ્યનું સરાસરી આયુષ્ય-૨૫ વર્ષ; દરેક વ્યક્તિની સરાસરી વાર્ષિક આવક ૬૨ રૂપિયા; ભણતરનું પ્રમાણ-૧૦ ટકા તથા દર ચાર મૃત્યુ પૈકી ત્રણનું કારણ ગરીબાઈને કારણે ઉત્પન્ન થતા રોગથી. તે પછીનાં પચીસ વર્ષ પછી આજની સ્થિતિ સરખાવવા જેવી છે.

સાહિત્યસંપર્ક

(અનુસંધાન પૃષ્ઠ ૧૩૯થી)

નવાં પ્રકાશનો

ધીરુ પરીખ

નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ-૧૪

ગાંધીજીનો અક્ષરદેહ—૨૪: પ્રસ્તુત ગ્રંથમાં ઈ. ૧૯૨૪ના મે મહિનાની ૮મીથી ઑગસ્ટની ૧૫ તારીખ સુધીનાં ગાંધીજીનાં પ્રવૃત્તિ-લખાણોને સંપાદિત કરવામાં આવ્યાં છે. એક બાજુ નાફેરવાદીઓ ધારાસભાના બહિષ્કાર માટે તેમજ કૉંગ્રેસના રચનાત્મક કાર્યક્રમના અમલ માટે આગ્રહ સેવી રહ્યા હતા, તો બીજી તરફ સ્વરાજવાદીઓ ધારાસભા પ્રવેશ પર ભાર મૂકતા હતા. આમ, એ સમય દેશમાં રાજકીય તડનો હતો. એ કાળે ગાંધીજી જેલમાંથી મુક્ત થઈ મુંબાઈમાં જૂહુ ખાતે આરામ લેવા રહ્યા ત્યારે એ સંઘર્ષમય વાતાવરણનો એમણે જે અભ્યાસ કર્યો, એ વિષે જે મનન કર્યું તે સર્વ આ ગ્રંથમાં દષ્ટિગોચર થાય છે. એમાં મહાત્માજીની મૌલિક વિચારશક્તિ, સ્પષ્ટ ને નિર્ભીક વક્તવ્ય, હિંદુ-મુસ્લિમ એખલાસની ભાવના, સત્યાગ્રહની સ્પષ્ટ સૂઝ વગેરે આગળ તરી આવે છે. એ વખતે રાજકીય જીવનમાં પડેલી તડને સાંધવાનો મહાત્માજીનો પુરુષાર્થ અહીં અછતો રહેતો નથી. આ ઉપરાંત આ ગ્રંથમાં આવતા એમના પત્રોમાં એમની અંગત તેમજ જાહેર જીવનની ઘણી બાબતો વિષેનો તેમનો વિમર્શ સ્પષ્ટપણે પ્રગટ થએલો જોવા મળે છે. (પાકું પૂઠું, પૃ. ૫૭૯, રૂ ૧૬–૫૦)

ગાંધીજીનો અક્ષરદેહ—૨૫: આ ગ્રંથમાં ૧૬મી ઑગસ્ટ ૧૯૨૪ થી ૧૫મી જાન્યુઆરી ૧૯૨૫ સુધીના પાંચ મહિનાની ગાંધીજીની પ્રવૃત્તિઓ સમાઈ છે. દેશમાં રાજકીય પક્ષો વચ્ચે જે એકતા તૂટતી જતી હતી તેને સાંધવાના તથા હિંદુમુસ્લિમ ઐક્ય સ્થાપવાના ગાંધીજીના નિષ્ઠાભર્યા પ્રયાસોની વિગતો પ્રસ્તુત ગ્રંથમાં રજૂ થઈ છે. દેશમાં વ્યાપેલી હિંસક પ્રવૃત્તિને રોકવાના તેમના નૈતિક પ્રયાસો પણ અહીં રજૂઆત પામ્યા છે. એમના ૨૧ દિવસના ઐતિહાસિક ઉપવાસ, મુંબાઈમાં મળેલી સર્વપક્ષીય પરિષદ, બેલગામનું એમના પ્રમુખપણા નીચેનું કૉંગ્રેસનું વાર્ષિક અધિવેશન વગેરે મહત્ત્વની ઘટનાઓની ભૂમિકાનું તથા તેમાં વ્યક્ત થતા ગાંધીજીના વ્યક્તિત્વનું આ બયાનમાં સ્પષ્ટ ચિત્ર ઊપસી રહે છે. કૉંગ્રેસ પ્રમુખ તરીકે એમના વ્યાખ્યાનમાં એમની અસહકાર તથા સત્યાગ્રહમાંની શ્રદ્ધા દઢપણે આગળ તરી આવે છે, તો સ્વરાજ પક્ષના નેતાઓ સાથે કલકત્તામાં કરેલા કરાર, લઘુમતી કોમોના અધિકાર રક્ષવા ઘડાએલી યોજના વગેરેમાં એમનું મત-ઔદાર્ય તથા સ્નેહસુવાસ અનુભવાયા વગર નહિ રહે. તત્કાલીન ભારતીય રાજસ્થિતિ અને પ્રજામાનસનો અહીં દસ્તાવેજી ચિતાર સાંપડી રહે છે. (પાકું પૂઠું, પૃ. ૬૦૧, રૂ. ૧૬-૫૦.)

બોરસદ સત્યાગ્રહ: આજથી લગભગ અરધી સદી પહેલાં ખેડા જિલ્લાના બોરસદ ગામે થએલો હૈડિયાવેરા વિરોધી સત્યાગ્રહ ભારતના આઝાદીજંગમાં એક મહત્ત્વની કડી સમાન છે, તેની પ્રતીતિ આ પુસ્તકના વાચનથી થયા વગર રહેશે નહિ. લોકોનો અદમ્ય ઉત્સાહ, જાગ્રતિ, સરદાર પટેલની કુનેહ અને હિમ્મત તેમજ આયોજનશક્તિનાં આ સત્યાગ્રહમાં પ્રથમવાર દર્શન થાય છે ગુજરાતની પ્રજાનું ખમીર અને સરદાર પટેલની શક્તિનો કયાસ આ સત્યાગ્રહમાંથી મળી રહેશે. (સંપા. મણિબેન વ. પટેલ; કાચું પૂઠું, પૃ. ૧૧૩, રૂ. ૪–૫૦.)

આત્મકથા: ઉત્તરકાંડ: મહાત્મા ગાંધીજીની લોકપ્રિય અને મૂલ્યવાન આત્મકથા ઈ. ૧૯૨૦ સુધીના ગાળાને આવરી લે છે. ત્યાર પછીનો તેમના જીવનનો પટ વિવિધ રીતે વિસ્તર્યો. તેને બહુધા એમના જ શબ્દોમાં રજૂ કરવાનો શ્રી વાલજી ગોવિન્દજી દેસાઈનો આ સન્નિષ્ઠ પ્રયાસ ગાંધીચાહકોને પરિતૃપ્ત કરે તેવો છે. ગાંધીજીની આત્મકથાના અનુસંધાનમાં આ લઘુ પુસ્તિકાનું વાચન એટલું જ મૂલ્યવાન અને રસપ્રદ થઈ પડશે. (કાચું પૂઠું, પૃ. ૧૫૨, રૂ. ૨-૫૦.)

બાપુના પત્રો—૧૧·વિરલસહવાસ: પત્રો દ્વારા: શ્રી કાકાસાહેબ કાલેલકર અને ગાંધીજી વચ્ચે ઈ. ૧૯૨૫થી ૧૯૪૭ દરમિયાન જે પત્રવ્યવહાર થએલો તેમાંથી લગભગ ૧૫૦ પત્રો અહીં પ્રગટ કરવામાં આવ્યા છે. બાપુનું અને કાકાનું વ્યક્તિત્વ એમાંથી સાપેક્ષ રીતે ઊપસી રહે છે. કાકાસાહેબે દરેક પત્રને અંતે તે તે પત્રના સંદર્ભની-ભૂમિકાની લાંબી-ટૂંકી નોંધો લખી છે તે આ પ્રકારના પત્રસંગ્રહના પ્રકાશનની શાસ્ત્રીયતાનું માર્ગસૂચન કરે છે. આ પત્રોનું પ્રકાશન આપણા અલ્પધન પત્રસાહિત્યમાં સારો ઉમેરો કરે છે. (કાચું, પૃ. ૨૭૩, રૂ. ૫)

આંખ સાચવવાની કળા: ડૉ. ગોવિન્દભાઈ પટેલનું આ પુસ્તક માનવશરીરના મૂલ્યવાન અંગ આંખ વિષે મહત્ત્વની માહિતી અને સૂચનાઓથી સભર છે. પાંચ વિભાગના આ પુસ્તકમાં જીવન જીવવાની કળા અને આરોગ્ય સાચવવાની કળા જેવા મહત્ત્વની ભૂમિકા તૈયાર કરી આપતા વિભાગો પછી લેખક આંખ સાચવવાની કળા, આંખના મુખ્ય રોગો વગેરે બાબત પર આવે છે. સામાન્ય માણસને આંખનું ઘણું અજ્ઞાન હોય છે તે સંજોગોમાં આ પુસ્તક આંખ વિષે સચિત્ર માહિતી અને અનેક ઉપયોગી સૂચનો પૂરાં પાડે છે. એમાં નિસર્ગોપચાર, આયુર્વેદ, ઍલોપથી, બાયોકેમિસ્ટ્રી વગેરે ઉપચારપદ્ધતિઓ દર્શાવવામાં આવી છે. અનેક વ્યક્તિઓના અનુભવો પણ ટાંકીને આંખના રક્ષણની દિશામાં પ્રજામત જાગ્રત કરવાનો આ વૈજ્ઞાનિક ઢબના પુસ્તકમાં પ્રયાસ કરવામાં આવ્યો છે. નીતિવિષયક કેટલાંક મંતવ્યો અને નેત્રઆરોગ્ય વચ્ચેનો સંબંધ આવા વૈજ્ઞાનિક પુસ્તકમાં કેટલે દરજ્જે હિતાવહ ગણાય તે વિચારણા માગી લે. (કાચું, પૃ. ૨૧૬, રૂ. ૫)

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય

ભદ્ર પાસે · અમદાવાદ

પ્રેમથી પાડોશી જિતાયો: રાંચીથી મુંબાઈ આવેલા મુસ્લિમ ડૉ. ગુલામ નબી રમણિકલાલ વૈદના પડોશમાં રહે છે. આયુર્વેદ અને ઍલોપથીના આ બે નિષ્ણાતો સમય જતાં નિકટ આવે છે ને રમણિકલાલે સ્થાપેલી આયુર્વેદિક ઑસ્પિટલમાં ગુલામનબી સર્જન તરીકે જોડાઈ જાય છે. રમણિકલાલના પ્રેમાળ વ્યક્તિત્વથી પાડોશી ગુલામનબી જિતાઈ જાય છે. લેખક આબિદ સુરતીએ આ નવલકથામાં કોમી એખલાસ અને આજના જમાનામાં ઝડપથી આગળ વધી રહેલી ઍલોપથીના આયુર્વેદ સાથેના સુખદ સમન્વયની વાત ગૂંથી છે. પૃ. ૧૨૪ પર છે તેમ વચમાંવચમાં વૈદકને લગતા ફકરાઓ નિબંધનું તત્ત્વ પ્રવેશાવી કાર્યવેગ ધીમો પણ પાડે છે. છતાં આ હેતુલક્ષી નવલકથા વાંચવી ગમે તેવી બની છે. (કાચું, પૃ. ૧૩૯, રૂ. ૨)

પાવક પ્રસંગકથાઓ: ઇતિહાસ-પુરાણ તેમજ સંતમહાત્માઓનાં જીવનમાંથી સામાન્ય માનવીને ઊર્ધ્વગામી બનાવે તેવા પાવક પ્રસંગો આ ૨૨ કથાઓ દ્વારા નિરૂપાયા છે. માનવજીવનને ઘડનારી પરોપકાર નીતિ, સ્નેહ, દયા, ત્યાગ, સહિષ્ણુતા વગેરે ઉન્નત ભાવનાથી ભરી ભરી આ કથાઓ આનંદ સાથે પ્રબોધ પૂરો પાડનારી છે. સાત્ત્વિક વાચન પૂરું પાડતી પુસ્તિકા. (કાચું પૂઠું, પૃ. ૨૧૫, રૂ. ૨)

યોગ અને જ્ઞાનનાં ભજનો: આપણી સંતપરંપરાએ આત્મપોષક અનેક ભજનો આપ્યાં છે. એની સુગેયતાને કારણે એ ભજનો અનેક ભક્તો ગાતા આવ્યા છે, અને લોકસમુદાય તરબોળ થઈ ડોલતો આવ્યો છે. પરંતુ ઘણી

વાર એ ભજનોનો મર્મ (ખરેખર તેને માટે જ આ ભજનો લખાયાં હોય છે) શ્રોતાઓ સમજતા નથી. આ પુસ્તિકામાં સંપાદક ફાજલ પ્રધાન વકીલે ડર ભજનોને ભાવાર્થ તથા સમજૂતી સાથે રજૂ કર્યા છે. આ સંગ્રહની પ્રથમ આવૃત્તિ ઘણા સમયથી અપ્રાપ્ય હતી તે આ બીજી આવૃત્તિથી સસ્તી કિંમતે સુપ્રાપ્ય થાય છે તેથી જિજ્ઞાસુઓને જરૂર લાભ થશે. (કાચું પૂઠું, પૃ. ૯૬, કિં. ૭૫ પૈસા.)

સંતવાણી–૧: આપણા પ્રાચીન સંતો-કવિઓનાં જીવનપોષક પ્રેમભક્તિનાં ૬૦ ભજનોની આ લઘુ પુસ્તિકામાં નરસિંહ, મીરાં, મૂળદાસ, ભાણસાહેબ, રવિસાહેબ, મોરારસાહેબ, પ્રીતમ, અખો, ગણપત, નિરાંત, બાપુ, છોટમ, ધીરો, મીઠો, કેશવ વગેરેની બહુધા પ્રસિદ્ધ કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. (કાચું પૂઠું, પૃ. ૭૨, ૪૦ પૈસા.)

સંતવાણી–૨: પ્રથમ ભાગની જેમ જ, આમાં પણ નરસિંહ, મીરાં, મૂળદાસ, પ્રીતમ, અખો, ગણપત, નિરાંત, ધીરો, નિષ્કુળાનંદ વગેરેની પ્રેમભક્તિ પ્રકટ કરતી ૬૦ કૃતિઓ સંગૃહીત કરવામાં આવી છે. (કાચું, પૃ. ૭૨, ૪૦ પૈસા.)

સંતવાણી–૩: ઉક્ત બે ભાગની જેમ આ ત્રીજાભાગમાં પ્રસ્તુત કવિઓનાં આત્મજ્ઞાનનાં ૬૦ લોકપ્રિય ભજનોને પ્રગટ કરવામાં આવ્યાં છે. (કાચું પૂઠું, પૃ. ૭૨, ૪૦ પૈસા.)

કૂર્મ મહાપુરાણ: આજે જ્યારે પુરાણો તરફ આપણી ઉપેક્ષાવૃત્તિ વધી રહી છે ત્યારે ભારતીય સંસ્કૃતિના આ માતબર ગ્રંથોનો ગુજરાતી અનુવાદ તે ઉપેક્ષાવૃત્તિ દૂર કરી પુરાણોની મહત્તા સમ્યક્ રીતે વધારી આપવામાં સહાયભૂત થશે જ. કૂર્મ પુરાણનો આ ગુજરાતી અનુવાદ પુરાણજ્ઞ શ્રી ગિરિજાશંકર મયાશંકર શાસ્ત્રીએ કર્યો છે. શિક્ષણસંસ્થાઓ તો આવા ગ્રંથોને વસાવી ઊગતી પેઢીને ભારતીય સંસ્કૃતિનો વારસો સુલભ કરાવી આપવામાં જરૂર શુભ નિમિત્તરૂપ બની શકે. (પાકું પૂઠું, પૃ. ૪૨૯, રૂ. ૧૦.)

લોકમિલાપ ટ્રસ્ટ
૧૫૬૫ સરદારનગર - ભાવનગર

કસુંબીનો રંગ–૧, મેઘાણીનાં કાવ્યો: સ્વ. ઝવેરચંદ મેઘાણીની ૭૫મી જયંતી નિમિત્તે લોકમિલાપ ટ્રસ્ટે મેઘાણીના સાહિત્યનો બહોળો ફેલાવો થાય એ ઇચ્છાથી કરેલ તર્પણકાર્યનું આ પ્રથમ અર્પણ છે. સ્વર્ગસ્થના સંગ્રહોમાંથી ચૂંટેલી એમની લોકપ્રિય અને કવિકીર્તિદા સો કૃતિઓના આ સંગ્રહમાં એમની મૌલિક કૃતિઓ, અનુવાદો, રૂપાંતરો વગેરે વૈવિધ્ય પણ જળવાયું છે, તો વિષયનું વૈવિધ્ય પણ સંગ્રહની આસ્વાદ્યતામાં ઉમેરો કરે છે. મેઘાણીનું કવિ તરીકેનું વ્યક્તિત્વ પ્રગટ કરી શકે તેવી ગુંજાયશવાળો આ નાનકડો સંગ્રહ કાવ્યપ્રેમીઓને સંઘરવો ગમશે. (સંપાદકો: બચુભાઈ રાવત, મકરન્દ દવે, મહેન્દ્ર મેઘાણી; પાકું પૂઠું, પૃ. ૨૫૨)

કસુંબીનો રંગ-૨, મેઘાણીની નવલિકાઓ: ઉક્ત યોજનાના સંપુટમાંના આ બીજા પુસ્તકમાં મેઘાણીના આઠ વાર્તાસંગ્રહોમાંથી ચૂંટેલી ૧૭ વાર્તાઓ કાલાનુક્રમે પ્રગટ કરવામાં આવી છે. અને તેથી વાર્તાકાર મેઘાણીના વિકાસ પર અભ્યાસદૃષ્ટિ નાખવાની પણ આથી અનુકૂળતા મળી રહે છે. આમાં એમની લોકપ્રિય તેમજ કલાદૃષ્ટિએ દાદ માગી લે તેવી વાર્તાઓ પસંદ કરાઈ છે. છતાં ય એમની ઘણી બધી વાર્તાઓમાંથી માત્ર સત્તર જ પસંદ કરવાની હોય ત્યારે રુચિભેદ તો નડવાનો જ. (સંપાદકો: યશવંત શુક્લ, રઘુવીર ચૌધરી, મહેન્દ્ર મેઘાણી; પાકું પૂઠું, પૃ. ૨૨૯)

કસુંબીનો રંગ-૩, મેઘાણીની લોકકથાઓ: ઉક્ત સંપુટના આ ત્રીજા પુસ્તકમાં એમનાં લોકસાહિત્યનાં ૧૪ પુસ્તકોમાંથી ૧૭ કૃતિઓ પ્રસિદ્ધિક્રમે રજૂ કરવામાં આવી છે. મેઘાણીનું મુખ્ય અને મહત્ત્વનું પ્રદાન લોકસાહિત્યકાર તરીકે છે. એમના વ્યક્તિત્વના એ પાસાનો આ પૃષ્ઠોમાંથી સમ્યક્ પરિચય પામી શકાય છે. એમના લોકસાહિત્યના વિસ્તૃત સાગરમાંથી લગભગ ૨૫૦ પૃષ્ઠોમાં જ એની તારવણી કરવાના કપરા કાર્યને અહીં સારો ન્યાય મળ્યો છે એમ કહી શકાશે. આમ છતાં આ સંપુટના ત્રણે સંગ્રહો વાંચ્યા પછી. 'અમુક રહી ગયું આ લીધું હોત તો સારું આ પડતું મુકાયું હોત તો વાંધો ન આવત' વગેરે ભાવો તો ઊઠવાના જ. તો પણ એકંદરે નિરપેક્ષરીતે પ્રમાણતાં પણ આ સંપુટનું કાર્ય (પસંદગી અને પ્રકાશન) સંતોષપ્રદ લાગ્યા વગર નહિ રહે. કિંમતની દૃષ્ટિએ પણ (સેટની કિંમત દસ રૂપિયા) આ પ્રકાશન પ્રશંસનીય છે.

નાના થૈને રે!: સ્વ. મેઘાણીની ૭૫મી જયંતીના અવસરે 'વેણીનાં ફૂલ' તથા 'કિલ્લોલ' નામક એમના કાવ્યસંગ્રહોમાંથી ૨૫ જેટલાં બાલગીતો અહીં પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. માતા અને ભાઈબહેનના વિશુદ્ધ મનોભાવોને પ્રગટ કરતાં આ લયમધુર ગીતો એક કાળે અનેક કુટુંબોમાં ગુંજતાં હતાં. આજે પણ કિશોર-કિશોરીઓને આ ગીતો આકર્ષ્યા વગર નહિ રહે. બાલભોક્તાઓમાં એ ગીતોના પ્રસાર માટે શ્રી મેઘાણીના સમ્યક્ તર્પણરૂપે આ પુસ્તકની કિંમત પણ પ્રતીકરૂપ માત્ર દસ પૈસા જ રાખવામાં આવી છે એ પણ અત્યંત સરાહનીય છે. (કાચું પૂઠું, પૃ. ૪૪)

પ્રેરણા પ્રકાશન
૧૪૧ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨

સગાં દીઠાં મેં વહાલાં વેરી–ભાગ ૧–૨: દુશ્મનના મર્મ ઘા માણસ સહન કરી શકે છે, પરંતુ નજીકનાં સગાં જ જ્યાં વહાલાંના રૂપમાં વેરી બની બેસે ત્યારે તો તે અસહ્ય થઈ પડે છે. કુટુંબક્લેશની આવી કરુણ કહાણી બે ભાગમાં નિરૂપતી શ્રી ધીરેન્દ્ર દોશીની આ દશમી નવલકથા સ્વચ્છ અને હેતુલક્ષી બની છે. અને ટેકનિક કે વિષયના નાવીન્ય વગરની તેમજ પ્રલંબ હોવા છતાં રસમય નિરૂપણને કારણે વાંચવી ગમે તેવી છે. ભાષાશૈલીના પોત પર અને શુદ્ધિ પર વધુ ધ્યાન અપાય તે જોવું જ જોઈએ. (પૃ. ૭૪૨, પાકું પૂઠું, રૂ. ૨૨–૦૦.)

સુમતિ: એક નારીની ભૂલ, તેનું કુટુંબક્લેશમાં પરિણમવું અને તે જ નારીના પ્રેમવ્યવહારે એ નરકનું સ્વર્ગ સર્જવું, એટલે આ નવલકથા. સુમતિ આર્યસંસ્કારના સૌરભ જેવી સ્ત્રી છે. એના પાત્રને કેન્દ્રમાં રાખી લેખક ધીરેન્દ્ર દોશીએ આપણા સંસારની કલંકકથાને હળવાશથી અહીં રજૂ કરી છે. સંવાદોમાં નર્મ અને મર્મ રસ પૂરે છે તો શ્લેષમાંથી વાર્તા ગતિ સાધે છે. એક સ્ત્રીના પ્રેમભર્યા જીવનવ્યવહારની સરસ કથા અહીં વિષયના નાવીન્ય નહિ પણ નિરૂપણને કારણે આકર્ષક બની રહે છે. (પાકું પૂઠું, પૃ. ૧૭૪, રૂ. ૫–૦૦)

વીમો ઊતરી ગયો: શ્રી નિરંજન દેસાઈનાં છ એકાંકીનો આ સંગ્રહ તેની તખ્તાલાયકી માટે સુપેરે સફળ થયો છે. નાટકના સાહિત્યિક પાસાને બાજુએ રાખીએ તો વેગીલા સંવાદો, સ્થૂળ અને સૂક્ષ્મ હાસ્ય, ક્રિયાવેગ અને ચમત્કૃતિભર્યું કથાવસ્તુ તેને સફળબનાવી જાય છે. અને તેથી જ આ નાટકોના અનેક પ્રયોગો પણ થઈ ચૂકયા છે. 'ક્લાસ' કક્ષાનાં આ એકાંકીઓ રંજનાર્થે પ્રેક્ષકોને પ્રિય થઈ પડે તેવાં છે. (પાકું પૂઠું, પૃ. ૧૫૦, રૂ. ૪–૨૫)

ટીનાભાઇનું પરાક્રમ: નિર્દોષ કલ્પનાનો આનંદ અને જીવનબોધ આપતી પાંચ બાલવાર્તાઓની સચિત્ર પુસ્તિકા. (લે. ગિરીશ ગણાત્રા; કાચું પૂઠું, પૃ. ૫૫, રૂ. ૧–૫૦.)

કર્યું ભગાના ભાઇ જેવું: આનંદ અને પ્રબોધ આપતી સાત કિશોરકથાઓની સચિત્ર પુસ્તિકાના મૂળ લેખક છે જયશંકર વિ. ભટ્ટ; ને એનું કિશોરભોગ્ય સંપાદન કર્યું છે ગિરીશ ગણાત્રાએ. (કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૧–૬૦.)

પરિચય ટ્રસ્ટ

૧૭૮ બૅકબે રેકલેમેશન મુંબઇ–૨૦

'પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ' શ્રેણીમાં નીચેની પુસ્તિકાઓ પ્રગટ થઈ છે: **શામળની કવિતા** (લે. દીપક મહેતા); **હૉમિયોપથી** (ડૉ. રજનીબહેન પંડયા); **મેસોપોટેમિયાની સંસ્કૃતિ** (ચંદ્રકાન્ત બક્ષી); **કલાપીની કવિતા** (ચંદ્રકાન્ત મહેતા); **ઈબ્સનનાં નાટકો** (જ્યોતિષ જાની); **ભારતમાં ટેલિવિઝન** (નાનાલાલ વસા). વિવિધ વિષયોનું સામાન્ય પરિચયાત્મક જ્ઞાન આપતી આ જાણીતી પુસ્તિકાઓ જ્ઞાનપ્રસાર માટે ખરેખર આવકાર્ય કાર્ય કરી રહી છે. (પ્રત્યેક પુસ્તિકા પૃ. ૩૨, પ્રત્યેક કાચું પૂઠું, પ્રત્યેકના ૬૦ પૈસા)

પ્રકાશન વિભાગ,

પતિયાળા હાઉસ, નવી દિલ્હી-૧

(હિંદી પ્રકાશનો)

સમ્પૂર્ણ ગાંધી વાઙ્મય–ખંડ ૪૩: આ ગ્રંથમાં માર્ચ ૧૯૩૦ થી જૂન ૧૯૩૦ સુધીના કાળખંડની સામગ્રી સમાવવામાં આવી છે. સ્વાતંત્ર્યની ચળવળની તેજીનો આ ગાળો હતો. તેમાં યે ગાંધીજીના મીઠાના સત્યાગ્રહે સમગ્ર દેશમાં નવો પ્રાણ પ્રગટાવ્યો હતો. વળી ખાદીનું મહત્ત્વ પણ આ ગાળામાં વિશેષ સ્થપાયું. ઠેરઠેર પરદેશી વસ્ત્રોની હોળી થઈ. અંગ્રેજ સરકાર અને ભારતની પ્રજા સામસામી છાવણીમાં વહેંચાઈ ગઈ. આ વાતાવરણને આબેહૂબ ચિત્રિત કરતી ગાંધીસાહિત્યની આ ઐતિહાસિક સામગ્રી તે યુગમાં જીવેલાંને પોતાના એ ભૂતકાળની રોમાંચક યાદ તાજી કરાવશે, તો નવીનોને તે સમયના વાતાવરણની યોગ્ય અને શ્રદ્ધેય ઝાંખી કરાવી રહેશે. (કાચું પૂઠું, પૃ. ૫૦૮, રૂ. ૭–૫૦.)

સમ્પૂર્ણ ગાંધીવાઙ્મય-ખંડ ૪૪ આ ગ્રંથમાં ઈ. ૧૯૩૦ની ૧લી જુલાઈથી ૧૫મી ડિસેમ્બર સુધીનો પાંચ મહિનાનો ગાળો આવરી લેવામાં આવ્યો છે. યરવડા જેલમાંથી આશ્રમના કાર્યકર્તાઓને તેમજ અન્ય લોકોને ઉદ્દેશીને લખાએલા ગાંધીજીના પત્રો આ ગ્રંથનો મહત્ત્વનો ભાગ બની રહે છે. જેલમાં રહીને પણ દેશદાઝપૂર્વક આઝાદીના યોગ્ય લડવૈયાઓનું તેઓ કેવી રીતે ઘડતર કરી રહ્યા હતા તે આ પત્રોમાંથી પામી શકાશે. સામાન્યરીતે જેલવાસનો તેમનો આ ગાળો મહત્ત્વની સક્રિય ઘટનાઓથી રહિત છે, એટલે આ વાચનસામગ્રી મહાત્માજીનાશાંત વિચારવિમર્શ અને આધ્યાત્મિક તેમજ સામાજિક અને રાષ્ટ્રીય વ્યક્તિત્વને સમજવામાં સુપેરે સહાયરૂપ થાય તેમ છે. (કાચું પૂઠું, પૃ. ૫૦૩, રૂ. ૭–૫૦.)

સમ્પૂર્ણ ગાંધીવાઙ્મય-ખંડ ૪૫: તા. ૧૬ ડિસેમ્બર ૧૯૩૦થી ૧૫મી એપ્રિલ ૧૯૩૧ સુધીના ચાર માસનો ગાળો સમાવી લેતા આ ખંડમાં મહાત્મા ગાંધી અને લૉર્ડ ઇર્વિન વચ્ચેનો વિચારવિમર્શ મહત્ત્વની ઘટના બની રહે છે. તે વિચારવિમર્શને પરિણામે કૉંગ્રેસ અને અંગ્રેજ સરકાર વચ્ચે સન્ધિ થઈ. એને જ પરિણામે ગોળમેજી પરિષદમાં ભાગ લેવાનો માર્ગ કૉંગ્રેસ માટે ખુલ્લો થયો. ગાંધીજીને આ પરિષદમાં મોકલવા માટે એકમાત્ર પ્રતિનિધિત્વ આપવાનો નિર્ણય લેવાયો. આ દરમિયાન પણ મહાત્માજીના પ્રેમમય અને અહિંસા–સત્યના પૂજક વ્યક્તિત્વનો પરિચય આ સામગ્રીમાંથી મળી રહે છે. દુશ્મનને પણ દુશ્મન તરીકે ન જોવાની તેમની દૃષ્ટિ, મુક્ત મન, ઉદાર વિચારસરણી અને છતાંય નિર્મળ મતાગ્રહ આમાં દેખાઈ આવે છે. એ યુગની ઝાંખી કરાવતી ઐતિહાસિક શ્રેણીનો આ એક વધુ ખંડ વાચકોને વાંચવો ગમશે. (કાચું પૂઠું, પૃ. ૫૨૮, રૂ. ૭–૫૦.)

૧૯૭૧ કા યુદ્ધ: બાંગ્લા દેશ પર ત્રાટકીને પાકીસ્તાને જે અમાનુષી સંહારલીલા કરી ને તે ધર્મયુદ્ધમાં ભારતે જે પ્રશસ્ય ને વીરતાભરી કામગીરી બજાવી તેની સુંદર તસ્વીરોના આ આલ્બમમાં આર્ટપેપર પર છાપેલી અનેક નાનીમોટી તસ્વીરો એ યુદ્ધકાણ્ડને જીવંત બનાવે છે. (પાકું પૂઠું, પૃ. ૧૦૦, રૂ. ૧૫.)